Permitted to Post at PSO-AHD : On every Tuesday
Post Reg. No. GAMC-1438/2010-2012 Valid upto 31st December, 2012

છૂટક કિંમત : રૂપિયા ૧૦ ◆ પાના : ૦૮
Reg. under RNI No. GUJGUJ/2003/16248

સ્ટોક માર્કેટ
અને આધુનિક આર્થિક પ્રવાહોની સચોટ માહિતી પ્રતિબિંબિત કરતું સફળ ગુજરાતી સાપ્તાહિક

# ધી ઇકોનોમિક રેવલ્યૂશન
## THE ECONOMIC REVOLUTION

Web site : www.theeconomicrevolution.com
Email : theeconomicrevolution@yahoo.co.in
Everythings that's on Money !!!

● વર્ષ : ૭ ● અંક : ૪૯ ● તા. ૩૦.૧૧.૨૦૧૦ થી ૦૬.૧૨.૨૦૧૦ ● કારતક વદ ૦૯ થી માગસર સુદ ૦૧ ● સં. ૨૦૬૭ ● તંત્રી : નરેન્દ્ર જોષી ●
● કાર્યાલય : ૧૧૫/૯૯૧, નિર્મલ એપાર્ટમેન્ટ, ટેલિફોન એક્સચેન્જ રોડ, નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩ ● ફોન નં. : ૨૭૪૫૧૪૪૯, મોબાઈલ : ૯૮૨૫૦૬૫૩૮૭ ●

# વૈશ્વિક અને પ્રાદેશિક કારણો સહિત બજારોમાં ટેકનીકલ કરેક્શન યથાવત્ : 3 સપ્તાહમાં સેન્સેક્સ ૧૮૬૮ પોઈન્ટ નીચે

નમસ્કાર મિત્રો,

વિતેલા સપ્તાહ દરમ્યાન ભારતીય બજારોમાં ટેકનીકલ અને કારણલક્ષી ઘટાડો અથવા કરેક્શનનો દોર ચાલુ રહેવા પામ્યો હતો. જો કે એલઆઈસી હાઉસિંગ અને અન્ય બેંકોના અધિકારીઓની કથિત લાંચ પ્રકરણમાં સંડોવણીના પર્દાફાશને પગલે આ કરેક્શનના દોરને નાટકિયરૂપ મળી

## શેરબજારની સમીક્ષા



દિપક અમીન
મો. ૯૩૭૭૦૦૮૭૦૮

ગયું હતું. જેને પગલે બજારોમાં સપ્તાહના છેલ્લા બે ટ્રેડીંગ દિવસો દરમ્યાન પેનિક સેલિંગ રુપી આંચકાઓ આવવા ચાલુ થયા હતા. તે ઉપરાંત પણ ઉત્તર કોરિયા અને દક્ષિણ કોરિયા વચ્ચે બોમ્બ મારાની આપલેને કારણે પણ એશિયન બજારોમાં ભયનું વાતાવરણ ઊભું થયું હતું જેણે બજારોની મુશ્કેલીમાં ઉમેરો કર્યો હતો. જો કે બંને કોરિયન દેશો વચ્ચે આ પ્રકારનું ટેન્શન વર્ષે એક વાર થતું જ રહે છે અને તેના કારણે કોઈ મોટું નુકશાન થશે તેવું માનવું અતિશયોક્તિ ભરેલું હશે.

**યુરોપિયન અર્થતંત્ર :**

યુરોપિયન દેશોમાં વારાફરથી વારો અને તારા પછી મારો નો ઘાટ ચાલુ છે. એટલે કે ગ્રીસ, સ્પેન જેવા દેશોએ આર્થિક

**દરેક કરેક્શન કોઈને કોઈ સારા શેર સારા ભાવે ખરીદવાની તક ઊભી કરે જ છે**

સંકટમાં હાથ ઊંચા કરવા જેવી ચેષ્ટા કરી હતી તેમ હવે આયર્લેન્ડ માટે આર્થિક સહાય પેકેજની યોજના ચાલી રહી છે. જેમાં સ્વાભાવિક રીતે આ દેશોને પહેલાં થોડા નીચોવવામાં આવશે. હાલમાં અન્ય યુરોપિયન દેશો દ્વારા આયર્લેન્ડમાં નીચો કોર્પોરેટ ટેક્ષ દર અંગે બબાલ ઊભી કરવામાં આવી છે. જેના કારણે આ પેકેજમાં વિલંબ થઈ રહ્યો છે અને જયાં સુધી આ પેકેજ જાહેર નહી કરવામાં આવે ત્યાં સુધી બજારોમાં અનિશ્ચિતતા રહેશે.

**બજારોમાં કરેક્શન અને મંથન :**

મુખ્યત્વે કારણલક્ષી વેચાણમાં જોવા જઈએ તો યુરોપમાં આયર્લેન્ડના મુદ્દે બજારોમાં નરમાઈ રહી હતી જયારે અમેરિકન બજારોમાં જનરલ મોટરના પબ્લિક ઈસ્યુને પગલે અને તાજેતરમાં જ અમેરિકાની ફેડરલ રિઝર્વ બેંકના ચેરમેન બેન બર્નાન્કી દ્વારા ૬૦૦ બિલિયન ડોલરની નાણાં પ્રવાહીતાની જાહેરાત કરતા એકંદરે બજારોમાં હકારાત્મક માહોલ રહ્યો હતો અને ઈન્ડેક્ષ ડાઉ જોન્સ ૧૧૦૦૦ની સપાટી પર ટકી રહ્યો હતો. અમેરિકન બજારો હવે તેમ પ્રતિત થાય છે કે માત્ર અને માત્ર નાણાં પ્રવાહીતા પર નભી રહ્યા છે. કારણ કે ત્યાંના અર્થતંત્રમાં હજી મંદી પુરી થયાની ઓફિશિયલ જાહેરાત ના વર્ષ ઉપરાંત પણ અર્થતંત્રની ગતિવિધિ સુસ્ત રહી હતી અને બેરોજગારીનો દર ૧૦ ટકાની ઉંચી સપાટીએ તેમને તેમ જ અડીખમ છે. જો કે ત્યાંની સરકાર ને ખબર છે કે અર્થતંત્ર પાટે ના ચડે ત્યાં સુધી શેર બજારોને સાચવી લેવા પડશે અને ફેડરલ રિઝર્વ બેંક તેજ કરી રહી છે.

છેલ્લા બે સપ્તાહથી આપણે ભારતીય બજારોમાં જે કરેક્શન જોઈ રહ્યા છીએ તેમાં

**ફાયનાન્શિયલ બજારોમાં ચીન અમેરિકા સામ સામા - ભારતે ચીનને અનુસરવું પડશે**

કરન્સીલક્ષી બીનામાં ચીની સરકારની સતત ચુસ્ત થતી નાણાં નીતિ મુખ્ય હતી. જેના પગલે ચીની બજારોમાં એક દિવસીય ૫-૫ ટકાના ગાબડાઓને પગલે સપ્તાહમાં ૧૦ ટકા ઉપરાંતનું ધોવાણ થયું હતું. ચીની નાણાંકીય નીતિઓના પ્રત્યાઘાતરુપે વૈશ્વિક

**અનુસંધાન પા.નં. ૪ ઉપર**

**ટૂંકા ગાળા માટે તેમ જ ઈન્ટ્રાડે માટે ૧૦૦ ટકા શ્યોર ભલામણો : અમારી સ્પેશિયલ સેવાઓ સાથે જોડાઓ**

● ભલામણ માટે કોઈ માસિક ફી નહીં ● બીજા કોઈ છૂપા ચાર્જ નહીં ● જો તમે કમાઓ તો જ તમે પૈસા ચૂકવો ● ૧૦૦ ટકા શ્યોર શોટ ટીપ્સ સાથે નફામાં ભાગીદારી અગાઉ અમોએ આ જ જગ્યાએ રાજ પેકની રૂ. ૧૬માં ભલામણ કરેલ હાલ આ શેર રૂ. ૧૫૦ની સપાટીએ ટ્રેડ થાય

તો આવો મિત્રો હવે સભ્યપદ માટે માત્ર થોડી જ જગ્યાઓ બાકી છે.

(મો) ૦૯૦૭૪૬૨૯૬૨૨

## નો સ્ટોપલોસ
**મધ્યમથી લાંબાગાળા માટે**

આઈ ઓ સી / એચ પી સી એલ / બી પી સી એલ / એન એમ ડી સી / પીરામલ હેલ્થ એ મારી મૂલ્યવર્ધક ખરીદી છે. આ શેર તમે કોઈ પણ સ્ટોપલોસ વગર રાખી શકો.

**માધવ રાનડે**

# એક પછી એક લાઈનમાં આવેલ કૌભાંડોએ બજારને દબાણમાં લાવી દીધું

**તા. ૨૯મી નવેમ્બર ૨૦૧૦ થી ૦૩ ડીસેમ્બર ૨૦૧૦**

**બજારનું સાપ્તાહિક વિહંગાવલોકન :**

એક પછી એક લાઈનમાં આવેલ ખરાબ પ્રસંગોએ બજારને દબાણમાં લાવી દીધું. બજારને સરકાર તરફથી જેટલી શકય બને તેટલી જલ્દી સ્પષ્ટ અને ચોક્કસ સ્પષ્ટતા જોઈએ કે આ હાઉસીંગ ફાઈનાન્સ કૌભાંડ છે કે માત્ર ભ્રષ્ટાચાર છે. આ તબક્કે કોઈ અધિકારી દ્વારા થયેલ

## બાય એન્ડ સેલ

રમેશચંદ્ર
મો. ૯૮૯૪૦૪૩૦૯૦
E-Mail:
buysell_india@yahoo.com,
buysell_stocktips@yahoo.com

સ્પષ્ટતા પુરતી નથી જ. એફ આઈ આઈનો નાણાકીય પ્રવાહ, વૈશ્વિક પ્રેરણા, કોરિયાનો ઈસ્યુ ખાલી ટેકો આપનાર પાસાં બની રહેલ છે.

કોંગ્રેસ દ્વારા રચવામાં આવેલ કેન્દ્રસરકારને શું થઈ ગયું છે? સીડબલ્યુજી, આદર્શ, સ્પેકટ્રમએલોકેશન, માઈક્રોફાઈનાન્સિઅલ ઈન્સ્ટીટયુટ, ડેબ્ટ ક્રાઈસીસ, બિહાર ઈલેકશનમાં હાર, આંધ્ર પ્રદેશમાં સી એમ નું રાજીનામું અને હવે હાઉસીંગ ફાઈનાન્સ કૌભાંડ. એ સ્પષ્ટ પણે દર્શાવી રહેલ છે કે કોંગ્રેસે મૂળભૂતરીતે ઘણો સુધારો કરવાની જરૂર છે. નહીંતો તેની પુરી સિસ્ટમને ગળાફાંસો આવી જશે.

ઉપર જણાવેલ સ્થાનિક પ્રશ્નો સાથે, કોરિયાનો પ્રાદેશિક વિવાદ, ચાઈનામાં વ્યાજદરમાં વધારો અને યુરોઝોન ઈસ્યુ જેવા આંતર રાષ્ટ્રીય પ્રશ્નોએ પણ બજારમાં ઘટાડામાં સારી એવી ભૂમિકા ભજવી છે.

આ સપ્તાહે જો એફ આઈ આઈની પ્રવૃત્તી પર નજર કરીએ તો, તેઓએ વિચારણીય કિંમતની વેચવાલી કરેલ છે જયારે તેમના આવતા નાણાકીય પ્રવાહ પર નજર કરીએ તો તેમાં ખાસ ચિંતા જેવું જણાતું નથી. આ પણ હંમેશની જેમ તેમના તરફથી થતી સામાન્ય વેચવાલી જ છે, કારણ કે તેઓ તેમના કેલેન્ડર વર્ષના અંતે આવી પહોંચ્યા છે.

આખરે, આપણે હાલ કટોકટીના પગથીએ છીએ. બજાર ૫૫૫૦ થી ૫૫૦૦ વચ્ચે સ્થિર થવું જોઈએ. આ ત્યારે જ શકય બને કે જયારે સરકાર હાઉસીંગ ફાઈનાન્સના પ્રશ્ન અંગે સ્પષ્ટ અને ચોક્કસ ખુલાસા સાથે બહાર આવે. આપણે આશા રાખીએ કે બધું સમુસુતરૂં ઉતરે અને અમારી સલાહ પણ છે કે 'બજેટ રેલી માટે આ ઘટાડે ખરીદી શરૂ કરો'.

**સેન્સેક્ષ ૧૯૧૩૬**

**ટેકનીકલ દ્રષ્ટિકોણ (તા. ૨૯મી નવેમ્બર ૨૦૧૦ થી ૦૩ ડીસેમ્બર ૨૦૧૦ )** આ સપ્તાહે ૧૯૪૧૯ અને ૧૮૮૬૯ અગત્યની સપાટીઓ તરીકે કાર્ય કરશે, આગામી સપ્તાહે જો સેન્સેક્ષ ૧૯૪૧૯ ઉપર ટકી રહે અથવા તો ૧૮૮૬૯ નીચે ટકી રહે તો તે મુજબ બજારની આગામી રુખ નક્કી થશે.

**ટેકાની સપાટી :** ૧૮૮૬૯, ૧૮૬૫૪, ૧૮૪૭૩ અને ૧૮૩૬૦

**પ્રતિકારક સપાટી :** ૧૯૪૧૯, ૧૯૫૪૮, ૧૯૬૮૩ અને ૧૯૯૫૮

**તા. ૨૯ નવેમ્બર, ૨૦૧૦ના દિવસ માટે સેન્સેક્ષની સ્થિતિ**

આજે, જો સેન્સેક્ષ ૧૯૨૧૫ થી ઉપરની સ્થિતિ જાળવી રાખશે તો ઉપર તરફનો લક્ષાંક ૧૯૪૧૯-૧૯૫૦૮ રહેશે. નહીંતર તે ૧૮૮૬૯-૧૮૭૭૪ની સપાટી સુધી નીચે તરફ સરકી શકે.

**ટેકાની સપાટી :** ૧૯૦૩૫, ૧૮૯૨૬, ૧૮૮૬૯ અને ૧૮૭૭૪

**પ્રતિકારક સપાટી :** ૧૯૨૧૫, ૧૯૨૯૬, ૧૯૪૧૯ અને ૧૯૫૦૮

**નિફ્ટી ૫૭૫૨**

**ટેકનીકલ દ્રષ્ટિકોણ (તા. ૨૯મી નવેમ્બર ૨૦૧૦ થી ૦૩ ડીસેમ્બર ૨૦૧૦)**

આ સપ્તાહે ૫૮૩૨ અને ૫૬૭૧ની સપાટી અગત્યની રહેશે. જો નિફ્ટી ૫૮૩૨ ઉપર અથવા તો ૫૬૭૧ નીચે ટકી રહે તો તે આગામી બજાર માટેની રુખ નક્કી કરશે.

**ટેકાની સપાટી -** ૫૬૭૧, ૫૬૦૮, ૫૫૫૨ અને ૫૫૧૭

**પ્રતિકારક સપાટી -** ૫૮૩૨, ૫૮૯૧, ૫૯૧૩ અને ૫૯૮૬

**તા. ૨૯નવેમ્બર, ૨૦૧૦ના રોજ નિફ્ટીની પરિસ્થિતિ**

આજે, જો નિફ્ટી ૫૭૭૪ની સપાટી જાળવી શકે તો પછી તેનો ઉપર તરફનો લક્ષાંક ૫૮૩૨-૫૮૬૫ દર્શાવી શકે. નહીંતર નિફ્ટી ૫૬૭૧-૫૬૪૪ સુધી નીચે તરફ સરકી શકે.

**ટેકાની સપાટી -** ૫૭૨૧, ૫૬૯૨, ૫૬૭૧ અને ૫૬૪૪

**પ્રતિકારક સપાટી -** ૫૭૭૪, ૫૮૦૫, ૫૮૩૨ અને ૫૮૬૫

**ઝડપી લેવા જેવા રોકડાના શેર**

**અમર રેમેડીઝ (૫૩૨૬૬૪ )**
**હાલનો ભાવ રૂ.૪૬**

અમર, આ ઘટાડામાં રૂ. ૧૨૬ ની આસપાસ તબક્કાવાર ખરીદો, મહત્વનો ટેકો રૂ. ૧૧૦ ધ્યાનમાં રાખો, ટૂંકા થી મધ્યમ ગાળાનો લક્ષાંક રૂ. ૧૮૦ થી ૨૦૦

**ગ્રેફાઈટ ઈન્ડિયા (૫૦૯૪૮૮ )**
**હાલનો ભાવ રૂ. ૮૬**

ગ્રેફાઈટ, આ શેર રૂ. ૬૬ના મહત્વના ટેકાને ધ્યાનમાં રાખીને રૂ. ૭૫

**અનુસંધાન પા.નં. ૬ ઉપર**

# બજારની અને નિફ્ટીની સાપ્તાહિક રૂખ

**તા. ૨૯.૧૧.૨૦૧૦ થી તા. ૫.૧૨.૨૦૧૦**

**જો કૌભાંડ હજુ વધુ મોટાં અને વિશાળ હોય તો આપણે નિફ્ટીમાં ૫૪૦૩ ની સપાટી જોઈ શકીશું, નહીંતો આવનાર સપ્તાહે બાઉન્સબેક જોવા મળશે.**

## માર્કેટ ટ્રેન્ડ



આસુ કક્કર
મો.
૦૯૯૮૯૬ ૯૩૩૨૦
૦૯૯૮૯૯ ૨૦૯૮૭
Website : www.ashuukakkarr.com
Email ID : ashuu@ashuukakkarr.com / info@ashuukakkarr.com

ટેકનીકલ માપદંડ મુજબ બજાર ઓવર બોટ હતું તેથી કરેકટ થવાનું જ હતું અને આ બાબતને ચારો નાખ્યો ૨ જી સ્કેમે, અને પછી વધારે બળતણ હોમ્યું ભારતની અગ્રણી કંપની એલ આઈ સી હાઉસીંગ ફાઈનાન્સે અને તેનાથી વધુ અસરકૃત બન્યા પી એસ યુ બેંક અને રિઆલીટી સ્ટોક. તે બધા જ શેર કુટાઈ ગયા અને વિવિધ મુખ્ય શેરોમાં ૧.૩૦ ટકા ઘટાડો જોવા મળ્યો. ખરેખર તો છેલ્લા થોડા સપ્તાહથી હું બધાજ મહત્વના શેરો જેવા કે રીલાયન્સ, એક્ષીસ બેંક, એલ એન્ડ ટી, એસ બી આઈ, ટાઈટન વિષે વિતરણના સંકેતની ચેતવણી આપતો જ હતો, અને બધા જ કલાયન્ટને શોર્ટ પોઝીશન બનાવવા માટે સલાહ આપી હતી જેણે વળતર અપાવ્યું. છેલ્લા ૩ થી ૬ માસ દરમ્યાન અમોએ માસિક ધોરણે વેચાણ કરીને તેમ જ ખરીદીને ૨૫ થી ૬૫ ટકા વળતર મેળવેલ છે, પરંતુ શોર્ટ કરવાથી વધુ વળતર મળેલ છે. કયારે શેર ખરીદવો તેની જાણકારી તે અગત્યની બાબત તો છે જ, પરંતુ વધુ અગત્યની બાબત એ છે કે કયારે નફો બુક કરવો.

ટેકનીકલી રીતે જોઈએ તો ટૂંકા ગાળામાં નિફ્ટી ઓવરસોલ્ડ છે અને જો એક વખત નિફ્ટી ૫૯૫૦ ઉપર બંધ આપે તો બાઉન્સ થતી જોવા મળે અને રૂખને બહાલી પણ મળે, અને જો નિફ્ટી સાપ્તાહિક ધોરણે ૫૯૫૦ ઉપર બંધ આપેતો આપે બીજી ૧૫૦ થી ૨૦૦ પોઈન્ટની તિવ્ર રેલી જોઈ શકીએ અને ઝડપણી ૬૧૦૫ થી ૬૧૫૦ ની સપાટી જોઈ શકીએ. નિફ્ટીના ટેકા માટે ફીબોનેસ્સી સપાટી ૫૮૦૦-૫૭૨૭-૫૫૯૬ અને ૫૩૫૦ છે પરંતુ અગત્યની ધ્યાન આપવા જેવી સપાટી ૫૪૦૨ છે, જે એલોન્જર્મ ટ્રેડલાઈન સપોર્ટ છે. જો નિફ્ટી ૫૪૦૨ની સપાટી તોડે તો તે પછીનો ઓછામાં ઓછો લક્ષાંક ૫૦૫૦ રહે. હાલમાં આપણે ૫૮૦૦-૫૭૩૦ ઉપર ટેકો લઈશું અને ૫૯૫૦-૬૧૦૫ના

**અનુસંધાન પા.નં. ૬ ઉપર**

# ૨૯ નવેમ્બર થી ૦૩ ડીસેમ્બર ૨૦૧૦ સુધી બજારનો રિવ્યૂ

**નિફ્ટી (૫૭૫૨)**
**સેન્સેક્ષ (૧૯૧૩૭)**
**તા. ૨૬.૧૧.૨૦૧૦**

અમોએ જણાવેલ કે 'ટેકનીકલી બજાર હજુ પણ સેલ મોડમાં છે અને હવે

## બજારનો રિવ્યૂ



પ્રકાશ ગાબા
મો.
૯૩૨૨૨૧૦૯૦૭
prakashgaba@hotmail.com
http:// www.prakashgaba.com

આપણે એફ એન્ડ ઓ એક્ષપાયરી સપ્તાહમાં પ્રવેશી રહેલ છીએ અને આપણે મજબૂત ટેકો ૫૮૪૨ થી ખૂબ નજીક છીએ અને તેથી બજાર ચંચળતાભર્યું રહે તે અપેક્ષિત છે પરંતુ બજાર ૬૦૪૪ થી ૬૧૦૦ વચ્ચે મજબૂત પ્રતિકારક શક્તિ ધરાવે છે.

અને બજાર અપેક્ષા મુજબ જ ચાલ્યુ. અને બજારની ૬૦૨૦ની સપાટી વેચવાલીના કારણે મજબૂત રહી.

ટેકનીકલી બજાર હજુ પણ સેલ મોડમાં છે પરંતુ એમ લાગે છે બજાર હવે શ્વાસ ખાવા અટકશે અને જો મજબૂત નિચી સપાટીએથી જો તે પાછું ફરે તો ૫૯૩૦ની મજબૂત પ્રતિકારક સપાટી છે.

ટ્રેડીંગની દ્રષ્ટિએ હાલમાં તો હું બજાર ઉપર જાય તો પ્રોફીટ બુકીંગ કરવાનું પસંદ કરૂં.



## ખટ્ટા-મીઠ્ઠા સટ્ટા

- નિશેષ જાની (મો) ૦૯૨૨૭૦૬૭૬૬૨

**નમસ્કાર મિત્રો,**

ફક્ત ૧૪ દિવસના સમયગાળામાં બજાર ૧૦ ટકાનું કરેક્શન બતાવી દીધું છે. દૈનિક ચાર્ટ ઓવર સોલ્ડ ઝોનમાં છે. રિસ્ક રીવાર્ડ રેશિયો હવે તેજીવાળાની ફેવર કરે તેવું લાગી રહ્યું છે. કારણ કે એક્ષપાયરીના દિવસે વોલેટાલિટીમાં ઈન્ડેક્ષે ઘટાડો બતાવ્યો અને નિફ્ટી ફ્યુચરે પણ ઘટાડો બતાવ્યો તેનો અર્થ એવો કાઢી શકાય કે કરેક્શન શરુ થયું છે. ઓપ્શન ડેટા તપાસતા માલુમ પડે છે કે ૬૦૦૦ની સ્ટ્રાઈકના કોલ ઓપ્શનના રાઈટિંગ (વેચાણ) છે અને ૫૫૦૦ના પુટમાં રાઈટીંગ (વેચાણ) છે માટે ૫૫૦૦ સપોર્ટ જયારે ૬૦૦૦ રેજીસ્ટન્સ બનશે.

આવનારા સપ્તાહમાં ૩૦મી તારીખે જીડીપીના આંકડા આવનારા છે. તેના પર બજારની ચાલ વધારે ચોક્કસ કરી શકાશે.

આવનારા સપ્તાહ માટે નીચે મુજબની ટ્રેડિંગ સ્ટ્રેટેજી ગોઠવી શકાય.

**૧. નિફ્ટી ફ્યુચર :**
નિફ્ટી ફ્યુચરનો એક કોલ ખરીદો અને એક લોટ ૫૬૦૦નો પુટ ખરીદો. સ્ટોપલોસ ૫૭૨૫ અને ટાર્ગેટ ૬૦૦૦

**૨. અંબુજા સિમેન્ટ :**
ડીલીવરી બેઈઝ ૧૩૪ના બંધ ભાવના સ્ટોપલોસથી ખરીદાય

**3. હીરો હોન્ડા :**
ડીલીવરી બેઈઝ ૧૭૮૫ના બંધ ભાવના સ્ટોપલોસે ખરીદાય.

**૪. લાર્સન, કીંગ ફીશર :**
આ બંને સ્ટોકમાં નવા લેણ કરવા નહીં.

# નિફ્ટીમાં ૫૬૭૭નું લેવલ ટ્રેન્ડ ડીસાઈડર સાબિત થાય

**શરદ કોટક**

# આવનાર સપ્તાહમાં પસંદગીના સોફ્ટવેર શેરોમાં તેજીની ચાલ ઝડપથી આગળ વધશે

છેલ્લા ત્રણ સપ્તાહથી આપણે રોકાણથી દૂર રહેજો તેવો સ્પષ્ટપણે ઉલ્લેખ કરી રહ્યા છીએ. કારણ કે આપણને સ્પષ્ટ ચાર્ટમાં નબળાઈ બતાવતી હોવાથી આ ઉલ્લેખ કરી રહ્યા હતા. ખેર, હજુ પણ આવનાર સપ્તાહમાં ખરાબી બતાવી રહ્યું હોવાથી ઉછાળે વેચવાલી આવવાની ગણતરી બતાવી રહ્યું છે.

## ટેકનો વ્યૂ



રમેશ વાટલિયા
મો. ૯૮૯૮૧૧૫૪૮૮
www.rameshvatalia.com

છેલ્લા બે સપ્તાહથી બજારમાં યુદ્ધના ભણકારા, સાથે ગયા સપ્તાહમાં એલઆઈસીના ગોટાળા આવ્યા. આના કારણે બજારમાં ગભરાટ આવવા માંડ્યો છે. આના કારણે બજારમાં સતત વેચવાલી આવી રહી છે. બજારમાં કારણો પછી આવતા હોય છે, પરંતુ ચાર્ટ અગાઉથી બતાવી દેશે. તેના કારણે અમારી સાથે સંકળાયેલા મિત્રોને આવો લાભ ઝડપથી મળી રહ્યો છે. ખેર.

**ચાર્ટ અવલોકન**

**નિફ્ટી (૫૭૭૮) :** સાપ્તાહિક ચાર્ટમાં ત્રણ સપ્તાહથી ખરાબી આવી રહી હોવાથી દરેક ઉછાળે વેચવાલી આવી રહી છે. સાથે ખરાબ કારણો આવી રહ્યા છે. આના કારણે ઉપરના મથાળેથી મોટો ફોલ આવે છે. હજુ પણ હમણાં દુર રહેવામાં શાણપણ છે. મારી દ્રષ્ટિએ બજારમાં ચાર્ટ પ્રમાણે ૫૫૦૦ થી ૫૩૫૦ આસપાસ બજાર સેટલ થાય પછી જ રોકાણ કરવાનું વિચારીશું. ત્યાં સુધી વેઈટ એન્ડ વોચ કરવાનું રહેશે. ખેર નિફ્ટીમાં ઉપરમાં ૫૯૦૦ નજીકની સપાટી રહેશે. આ સપાટી વટાવતા ૫૯૬૦ સુધીનો ઉછાળો આવી શકે છે. નીચામાં ૫૭૨૦ ખૂબ જ અગત્યની સપાટી રહેશે. છેલ્લે ૫૬૦૦ ખૂબ જ મહત્ત્વની સપાટી રહેશે.

**ટાટા મોટર્સ (૧૧૭૧) :**
આખા બજારમાં આ શેરને સૌથી ઓછી અસર થઈ છે. ઉપરના મથાળેથી ૨૦૦ રૂા. નિકળી ગયા છે. પરંતુ જોઈએ તેટલા પ્રમાણમાં ખરાબી નથી બતાવતું. ખેર, નબળાઈનો છે. ઉપરમાં ૧૨૨૦ મહત્ત્વની સપાટી કુદાવતા ૧૨૪૨ વધુમાં વધુ આવી શકે છે. નીચામાં ૧૧૪૫ મહત્વની સપાટી રહેશે. વોલ્યુમ પ્રમાણ ઘટી ગયું છે. નીચા મથાળે વેચાણ કરવા જેવું નથી. સાપ્તાહિક ચાર્ટમાં પોઝીટીવ છે.

**સ્ટેટ બેંક (૨૮૬૪) :**
ગયા સપ્તાહમાં આપણે જણાવ્યું હતું કે આ શેરે મહત્ત્વની સપાટી તૂટી હોવાથી ઝડપથી ઘટાડો આવશે. આના કારણે ૪.૫ ટકા નો ઘટાડો આવ્યો છે. ખેર, આવનાર સપ્તાહમાં ઉપરમાં ૨૯૭૫ ની સપાટી મહત્ત્વની રહેશે. આ સપાટી વટાવતા ૩૦૩૦ સુધી આવી શકે છે. નીચામાં ૨૮૧૦ની મહત્ત્વની સપાટી રહેશે. દૈનિક ચાર્ટ વધારે પડતી વેચાણવાલી સ્થિતિ બની હોવાથી એક ઉછાળો આવવો જરુરી છે.

**આઈસીઆઈસીઆઈ બેંક (૧૧૩૨) :**
આ શેરે સાપ્તાહિક ચાર્ટમાં મહત્ત્વની સપાટી તૂટી નથી. આના કારણે ઉછાળો આવવાનો જરુરી છે. ઉપરમાં ૧૧૬૮ની મહત્ત્વની સપાટી વટાવતા, ૧૧૮૮ સુધીનો ઉછાળો આવી શકે છે. નીચામાં ૧૧૦૧ની સપાટી મહત્ત્વની રહેશે. ઉછાળામાં વેચવા તરફી ધ્યાન આપવું.

**ટાટા સ્ટીલ (૫૯૯) :**
ગયા સપ્તાહમાં આ શેરને ખૂબ જ ઓછી અસર થઈ છે. વધઘટ સંકળાઈ ગઈ છે. વોલ્યુમનો અભાવ બતાવી રહ્યો છે. નવી તેજી કરવા માટે ૬૨૫ કૂદાવવું જરુરી છે. ૫૮૧ તૂટતા ઝડપથી ખરાબ થશે. નીચા મથાળે વેચાણ કરવું નહીં.

**ગ્રાસીમ (૨૨૫૫) :**
આ શેરે પોઝીટીવ કલોઝીંગ આપ્યું હોવાથી આ શેર નીચા મથાળેથી ઝડપથી સુધારો બતાવી શકે છે. જો બજાર તેજી તરફી સાથ આપશે તો આ શેર ઝડપથી આગળ વધશે. ઉપરમાં ૨૩૨૦ની સપાટી કૂદાવતા સુધારાની ચાલ આગળ વધશે. નીચામાં ૨૧૪૫ની સપાટી મહત્ત્વની રહેશે.

**એચસીએલ ટેકનો. (૩૯૪) :**
આ શેર ખરાબ બજારમાં ૪ ટકાનો સુધારો બતાવ્યો છે. સાપ્તાહિક ચાર્ટમાં વધારે પડતી વેચાણવાળી સ્થિતિમાંથી બહાર નિકળી રહ્યો છે. ઉપરમાં ૪૦૨ વટાવતા ઝડપથી તેજીની ચાલ આગળ વધશે. ૪૧૨ મહત્ત્વની સપાટી રહેશે. નીચામાં ૩૮૦ની ખૂબ જ મહત્ત્વની સપાટી રહેશે.

# બજાર એક ચોક્કસ રેન્જમાં અથડાયા કરશે

**ગ્રહ ગોચર :**

**ચંદ્ર :**
સિંહ રાશીમાં વૃશ્ચિક રાશી સુધીનું ભ્રમણ

**સૂર્ય :** વૃશ્ચિક રાશીમાં
**મંગળ :** ધનુ રાશીમાં

## એસ્ટ્રો ગાઈડ



કીર્તિકુમાર બી.શાહ
મો. ૯૪૨૮૧૯૨૬૫૯

**બુધ :** ધનુ રાશીમા
**ગુરુ :** કુંભ રાશીમાં
**શુક્ર :** તુલા રાશીમાં
**શનિ :** કન્યા રાશીમાં
**રાહુ :** ધનુ રાશીમાં
**કેતુ :** મિથુન રાશીમાં

**ગ્રહ ચર્ચા**

**ચંદ્ર :** સોમવારે સિંહ રાશીમાં,મંગળવારે સવારે ૭.૪૨ થી કન્યા રાશીમાં આવશે, બુધવારે કન્યા રાશીમાં રહેશે. ગુરુવારે સવારે ૧૦.૦૯ થી તુલા રાશીમાં આવશે અને શુક્રવારે પણ તુલા રાશીમાં રહેશે.

**વિષયોગ :** મંગળવારે અને બુધવારે ચંદ્ર કન્યા રાશીમાં શનિ ગ્રહથી સાથે રહેવાથી વિષયોગ બનશે.

**ગ્રહ યુતિ :** ધનુ રાશીમાં તા.૩૦ સવારથી મંગળ આવવાત રાહુ, પ્લુટો, બુધ અને મંગળ-સોમ રાહુ ગ્રહ યુતિ રચાશે. યાદ રહે મંગળ અને રાહુથી યુતિ થાશે.

**આ સપ્તાહ**

આ સપ્તાહના ગ્રહયોગો જોતા બજાર વધુ વોલેટાઈલ રહેશે. સેન્સેક્સ નિફ્ટી એક ચોક્કસ રેન્જમાં રહ્યા કરશે. તા. ૨૯ અને તા. ૩૦ ખૂબ જ સંભાળ પૂર્વક વેપાર ગોઠવવો. તા. ૧ અને તા. ૨ દરમ્યાન બજાર ઊંચકાવાની શક્યતા. તા.૩ તેજીમાં ખૂલીને બપોરે ૨.૨૧ થી મંદી આવવાની શક્યતા રહે.

આ સપ્તાહે ટેક્ષટાઈલ્સ, પાવર તેમજ આઈટી ક્ષેત્રના શેરોને પણ ધ્યાનમાં રાખી શકાય.

**ટ્રેડીંગ સંભાવના**

**ઈન્ફોસીસ, વિપ્રો, એચસીએલ ટેકનો, ફાઈ. ટેકનો., પટની કોમ્પ્યુટર્સ, અદાણી પાવર, ટોરેન્ટ પાવર, રિલાયન્સ કેપિટલ, સિન્ડીકેટ બેંક, જે એન્ડ કે બેંક, એબીજી શીપયાર્ડ, એનએમડીસી, સેસા ગોવા, હિન્દુસ્તાન ઝીંક, ટીવીએસ મોટર્સ, અશોક લેલેન્ડ, ટાટા મોટર્સ, મારુતિ સુઝુકી, સ્મીફ કેપિટલ, ઈન્ડિયા ઈન્ફોલાઈન, અરેવા ટીએન્ડ ટી**

**ફ્યુચર એન્ડ ઓપ્શન**

**એસીસી, ડીવીઝ લેબ., કેઈર્ન, લાર્સન ટુબ્રો, એલ આઈસી હાઉસિંગ, હિન્દાલ્કો, મુન્દ્રા પોર્ટ, ટાટા કેમિકલ, પુંજ લોઈડ**

**ડાર્ક હોર્સ**

**ઓર્ચિડ કેમિકલ, અનુ. લેબ, સૂરજ ડાયમંડ, અરબિંદો ફાર્મા, બજાજ ઓટો, સિપ્લા, રેનબક્ષી લેબ., સ્ટરલાઈટ ઈન્ડ., ટાટા સ્ટીલ**

**હાઈ રિસ્ક - હાઈ પ્રોફાઈલ**

**ઈન્ડિયા ઈન્ફો. લાઈન, એડલવેઈઝ કેપિટલ, જ્યુબિલન્ટ લાઈફ, આઈડીબીઆઈ, ટિસ્કો, ભેલ, સેઈલ, એમટેક ઓટો, ઓએનજીસી, એસ્સાર ઓઈલ, શિપીંગ કોર્પો., કોટક બેંક**

**ટૂંકાગાળાનું મૂડી રોકાણ**

**ઈશિતા ડ્રગ, એક્સિસ બેંક, કોત્લે પાટીલ, માયપોન એલોય, રુંગટા ઈરિગેશન, સેરા સેનિટરી, રામકો સિસ્ટમ, ગાર્ડન સિલ્ક, એસ. કુમાર, અરવિંદ મિલ, વેબસોલ એનર્જી, જીંદાલ પોલી**

**નોંધ : આ કોલમમાં ગ્રહો આધારિત માત્ર સંભાવનાઓ જ છે. લાભ - નુકસાન માટે લેખક, તંત્રી, મુદ્રક અને પ્રકાશક જવાબદાર નથી.**



શેર બજારમાંથી મબલખ કમાણી કરો કિંમત રૂા. ૧૨૫/-



શેર એસ્ટ્રો રૂા. ૬૫૦



શેર બજારમાં સફળતા કેવી રીતે મેળવશો ? રૂા. ૯૦

શેર બજારમાં સફળતા મેળવવા માટેના ત્રણ તદ્દન નવા પુસ્તકો માટે સંપર્ક કરો : (Free Delivery) અથવા ઉપરોક્ત રકમનો મ.ઓ. Or, Pocket Book Centre ના નામનો ચેક નો મોકલી આપશો.

**પોકેટ બુક સેન્ટર, જ્યોતિસંઘની સામે, રિલીફ રોડ, અમદાવાદ - ૩૮૦૦૦૧**
**ફોન : ૦૭૯-૨૫૫૦૮૭૩૨, ૨૫૫૦૮૩૨૮**

**Or you can visit Online Book store www.booksforyou.co.in**

# સમાચારોને પગલે સોનામાં અનિશ્ચિતતાનો માહોલ

ગયા સપ્તાહમાં સોનામાં નાટકિયરુપે ફેરફાર જોવા મળ્યો. જ્યાં કોરિયાના યુદ્ધના ભણકારાથી અચાનક એક તેજી તરફી વલણ જોવા મળ્યું અને સ્થાનિક બજારમાં ભાવ નવી ઊંચાઈ પર પહોંચી ગયા. જ્યાં ફરીથી સેલિંગ પ્રેશર જોવા મળ્યું. તેના પ્રમાણમાં બેઝ મેટલમાં ઘટાડો જોવા મળ્યો. સાથે ચાંદીમાં બંને તરફી વલણ જારી રહ્યું. ક્રૂડ ઓઈલમાં ઘટાડા બાદ નીચેથી ભાવમાં સપોર્ટ જોવા મળ્યો.

## હોટ કોમોડીટીઝ



પ્રતિક સોની
મો. ૯૫૧૦૮૫૦૨૮૮

**ક્રૂડનો ક્યાસ :** આંતર રાષ્ટ્રીય ક્રૂડ ઓઈલમાં ૮૫ ડોલરનું સ્તર અતિ મહત્ત્વનું છે. તેની ઉપર સાપ્તાહિક બંધ તેજી તરફી રુખ દર્શાવે. જ્યાં સુધી તેની નીચે છે ત્યાં સુધી હાલ રેન્જમાં ૮૦ ડોલરથી ૮૫ ડોલરની વચ્ચે જોવા મળે જ્યાં ઘટાડા માટે ૭૮ ડોલરનો મહત્ત્વનો સપોર્ટ છે. ટ્રેડરે ટૂંકાગાળાની રેન્જમાં વધઘટનો વેપાર કરી શકે. એમસીએક્સ ક્રૂડ ઓઈલમાં ૩૯૦૭ નજીકની પ્રતિકારક સપાટી જણાય. તેની ઉપર બંધ ૩૯૫૮ દર્શાવે. નીચેમાં ૩૮૬૦ થી ઘટી ૩૮૧૨ થી ૩૭૭૬ સુધી જઈ શકે. જ્યાં ૩૭૩૦ નો મહત્ત્વનો સપોર્ટ છે. તેની નીચે બંધ આવે તો ખરાબ જણાય.

**સોનાની સ્ટ્રેટેજી :** આંતર રાષ્ટ્રીય સોનામાં હાલ અનિશ્ચિતતાનો દોર જોવા મળી રહ્યો છે. સાથે સમાચારના પગલે પણ મોટી વધઘટ થઈ શકે છે. આંતરરાષ્ટ્રીય સોનામાં ૧૩૮૬ ડોલર નજીકનું રેજીસ્ટન્સ લેવલ છે. જો તેની ઉપર બંધ આવે તો ફરી તેજી તરફી રુખ આગળ વધે જ્યાં નીચેમાં ૧૩૪૫ નો મહત્ત્વનો સપોર્ટ છે. તે તેજીનો વધુ ઘટાડો શક્ય છે. જ્યાં ૧૩૩૨ થી ૧૩૧૮ સુધીનો ભાવ જોવા મળી શકે. એમસીએક્સ સોનામાં જ્યાં વાયદાની એક્સપાયરી છે તો નવા વાયદામાં ૨૦૫૮૦ની ઉપર જતા ૨૦૭૫૦ સુધીનો વધારો જોવા મળી શકે. જ્યાં નીચેમાં ૨૦૩૬૦ તુટતા ઘટાડો જોવા મળી શકે જે ૨૦૧૮૦ સુધીનો ભાવ દર્શાવે. હાલ પુરતું સમાચારોને પગલે મોટી વધઘટ જોવા મળી શકે.

**ચાંદીની ચાલ :**
આંતર રાષ્ટ્રીય ચાંદીમાં ક્યારેક બેઝ મેટલ ના પગલે ઘટાડો તો ક્યારેક સોનાની પાછળ વધારો એમ બંને તરફી વધઘટ જોવા મળી રહી છે. ચાંદીમાં ૨૭.૯૨ ડોલરનું રેજીસ્ટન્સ લેવલ છે. જ્યાં હાલના લેવલથી ઘટીને ૨૬.૪૦ જોવા મળે તેની નીચે જતા વધુ ઝડપી ઘટાડો ૨૫.૨૦ ડોલર સુધી જોવા મળી શકે. જો ૨૪.૯૬ ડોલરનો સપોર્ટ છે તેની નીચેનું બંધ ચાંદીમાં ખરાબ જણાય અને આગામી સમયમાં ઘટાડાનો દોર જોવા મળી શકે. એમસીએક્સમાં નવા વાયદામાં ૪૧૮૦૦ની પ્રતિકારક સપાટી છે. નીચેમાં ૪૦૬૦૦ થી ૪૦૨૦૦ સુધીનું લેવલ જણાય જ્યાં ૩૯૭૦૦ નો સપોર્ટ છે. તેની નીચે બંધ આપે તો ઝડપી ઘટાડો ૩૮૫૦૦ સુધી જઈ શકે.



રજનીકાન્ત સી. ઠક્કર
ફોન : (૦૨૬૯૭)૨૪૪૮૧૮
(M)૯૮૭૯૯૨૧૯૫૧,
૯૪૨૬૫૮૩૪૫૩
E-mail: Rajanithakkar @yahoo.co.in

## સાપ્તાહિક શેર ભવિષ્ય

# શેર બજારની તેજી-મંદી ૨૯-૧૧-૨૦૧૦ થી ૦૩-૧૨-૨૦૧૦

| | | |
|---|---|---|
| ૨૯.૧૧.૨૦૧૦ | સોમવાર | બજાર નરમ ખૂલશે. ૧૦.૧૧ થી ૧૪.૫૧ તેજ રહેશે. ૧૪.૫૧ થી નરમ રહેશે. |
| ૩૦.૧૧.૨૦૧૦ | મંગળવાર | બજાર નરમ ખૂલશે. ૧૦.૨૫ થી ૧૫.૧૭ બજાર તેજ રહેશે. ૧૫.૧૭ થી નરમ રહેશે. |
| ૦૧.૧૨.૨૦૧૦ | બુધવાર | બજાર નરમ ખૂલશે. ૦૯.૫૪ થી ૧૩.૨૫ બજાર તેજ રહેશે. ૧૩.૨૫ થી બજાર સમ રહેશે. |
| ૦૨.૧૨.૨૦૧૦ | ગુરુવાર | બજાર સામાન્ય તેજ ખૂલશે. ૧૦.૦૦ થી ૧૩.૧૦ નરમ રહેશે. ૧૩.૧૦ ૧૪.૩૦ સમ રહેશે. ૧૪.૩૦ થી તેજ રહેશે. |
| ૦૩.૧૨.૨૦૧૦ | શુક્રવાર | બજાર નરમ ખૂલશે. ૧૦.૨૪ થી ૧૧.૪૪ સારી તેજી રહેશે. ૧૧.૪૪ થી બજારમાં ઉતાર ચઢાવ વધારે રહેશે. અંતે બજાર તેજ બંધ રહેશે. |

**:સૂચના**

૧. ઉપરોક્ત આગાહી માત્ર માર્ગદર્શનના હેતુથી હિંદુ જ્યોતિષશાસ્ત્રના આધારે જ આપવામાં આવેલ છે.
૨. આપની સટ્ટાકીય વૃત્તિ કે નિર્ણયશક્તિના અભાવે થનાર નફા કે નુકસાન માટે લેખક, સંપાદક કે પ્રકાશક જવાબદાર રહેશે નહીં. આપના નફા કે નુકસાનની જવાબદારીઆપની પોતાની રહેશે.
૩. દરરોજના નિફ્ટીના લેવલ જોવા માટે www.vyaparbhavishy.com ની મુલાકાત લો.

# તા. ૨૯મી નવેમ્બરથી ૩જી ડીસેમ્બર ૨૦૧૦ નાં ટ્રેડીંગ લેવલ્સ

મેં તમને ગત સપ્તાહે જણાવેલ કે નિફ્ટીમાં બીજા ૨૦૦ પોઈન્ટ તૂટશે તે નકારી શકાય નહીં.ખરેખર તો ઈન્ટ્રાડે ધોરણે જોઈએ તો આપણે તેનાથી થોડા ઓછા છીએ અને નિફ્ટીએ ૫૭૫૧ પોઈન્ટે બંધ આપેલ છે.

ગત સપ્તાહ તોફાની અને ચંચળતાપૂર્ણ રહ્યું. એક દિવસમાં બજાર ૫૦ દિવસ ઉપર ગયું અને ૫ થી ૬ વખત ઉપર નીચે ગતિ કરી અને તે પણ સહેલાઈથી.

નીચે તરફ કેટલીક ટેકાની સપાટીઓ પણ તૂટી અને મારા ચાર્ટ તો સંકેત આપી રહેલ છે કે આપણે ચોક્કસપણે મધ્યમગાળાની નિમ્નગતિમાં આવી પડયા છીએ. આનો અર્થ એકે આપણે વધુ લપસી શકીએ અને દરેક રેલી શોર્ટ કરવા માટે જ ઉપયોગમાં લેવી કારણ કે ખરીદી કરતાં વેચવાલીથી વધારે પૈસા બનાવી શકાશે.

પ્રશ્ન એ છે કે આવી પરિસ્થિતિમાં રોકાણકારોએ શું કરવું જોઈએ ? તેઓએ બજાર બહાર રહીને નિરિક્ષણ કરવું જોઈએ કે પછી પસંદગીના શેરોમાં ખરીદી શરૂ કરવી જોઈએ.

## સાપ્તાહિક ટ્રેન્ડ



માધવ રાનડે
મો. ૦૯૩૭૧૦૦૨૯૪૩
email: sumamura@dataone.in

હું નીચે જણાવેલ શેર મધ્યમગાળાના વ્યૂહથી ખરીદવાની ભલામણ કરૂં છું. - ૬ થી ૯ માસ માટે

એસ બી આઈ, આર આઈ એલ, ઓ એન જી સી, એક્ષીસ, કેરન, એમ આર પી એલ, કોલ ઈન્ડિયા, બીઓબી, જે એસ પી એલ, સિમેન્સ, મારૂતી, ગ્લેક્ષો, બાયોકોન, આઈડીએફસી

તમે સાપ્તાહિક બંધના આધારે ૩ થી ૫ ટકા સ્ટોપલોસ રાખો.

આઈ ઓ સી / એચ પી સી એલ / બી પી સી એલ / એન એમ ડી સી / પીરામલ હેલ્થ એ મારી મૂલ્યવર્ધક ખરીદી છે. આ શેર તમે કોઈ પણ સ્ટોપલોસ વગર રાખી શકો.

મને લાગે છે કે હવે વધુ નિમ્નગતીની ધરપકડ થઈ ગઈ છે અને રોજીંદા બંધના ધોરણે ૫૬૯૦ના સ્ટોપલોસથી ખરીદી કરવી જોઈએ

હવે હું મારી વેબ સાઈટ WWW.SUMAMURA.COM પર પણ ઉપલબ્ધ છું. તમે તેની વિઝીટ કરી શકો છો.

| posn trading lvls | | date | 29th nov / 3rd dec 2004 | |
|---|---|---|---|---|
| stock / index | go | entry | targets | stoploss |
| BSE SENSEX | short | 19190 | 19075/18960/845/730/615/500/385 | |
| 19305 | | | | |
| | long | 19420 | 19535/650/765/880/995 | 19305 |
| BSE auto index | short | 9960 | x | 10035 |
| | long | 10035 | x | 9960 |
| BSE capital goods | short | 14770 | x | 14950 |
| | long | 14950 | x | 14770 |
| BSE FMCG index | short | 3520 | x | 3560 |
| | long | 3560 | x | 3520 |
| BSE health index | short | 6450 | x | 6490 |
| | long | 6490 | x | 6450 |
| BSE metal index | short | 15590 | x | 15690 |
| | long | 15790 | x | 15690 |
| BSE oil & gas INDEX | short | 9820 | x | 9895 |
| | long | 9970 | x | 9895 |
| BSE PSU index | short | 9130 | x | 9260 |
| | long | 9260 | x | 9130 |
| BSE realty index | short | 2720 | x | 2750 |
| | long | 2750 | x | 2720 |

ટુ ધી પોઈન્ટ પા.નં.૫ નું ચાલુ

હેમરની રચના કરેલ છે, જે દર્શાવે છે કે આ શેર હવે તેની રૂખ સ્પષ્ટ કરતા પહેલાં મજબૂતાઈ કેળવી રહેલ છે અથવા તો વૃધ્ધિ દર્શાવી રહેલ છે. રૂ. ૬૧૨નો સ્ટોપલોસ રાખીને આ શેર રૂ.૬૬૦ લક્ષાંકથી ખરીદો

**ઈન્ડસીન્ડ બેંક (૨૮૫) ખરીદો**

દૈનિક ચાર્ટ મુજબ આ શેર રાઈઝીંગ ચેનલ સાથે ટ્રેડ થવા માટેની શરૂઆત કરી રહેલ છે. હાલમાં તે તેની બધીજ મહત્વની મુવીંગ એવરેજ પર ટ્રેડ થઈ રહેલ છે. આ શેર રૂ. ૩૦૨ના લક્ષાંકથી રૂ. ૨૭૫નો સ્ટોપલોસ રાખીને ખરીદો.

**સેસા ગોઆ (૩૦૦) વેચો**

આ શેર દૈનિક ચાર્ટ મુજબ તેની મહત્વની ટેકાની સપાટી તોડીને નીચે જઈ રહેલ છે. આ શેર રૂ. ૨૮૬ ના લક્ષાંકથી રૂ. ૩૧૦નો સ્ટોપલોસ રાખીને વેચો.

શેર બજારની રોજની અપડેટેડ વિગતો માટે વેબસાઈટ www. theeconomicrevolution.com જોતા રહો

# બ્લેક ફ્રાઈડે પુનરાવર્તિત થયો

**તા. ૨૭.૧૧.૨૦૧૦**

**બજારે કરેકશન દર્શાવવું જ પડયું**

ગયા સપ્તાહે રિંછો (મંદી તરફી તત્વો) ને જે મઝા પડી તે કયારેય પડી નહી હોય. ભ્રષ્ટાચારના સમાચારો ઉપસી આવ્યા અને તેઓએ બજાર ઉપર કાબૂ જમાવી દીધો અને ઋષભો (તેજી તરફી તત્વોએ) પોતાની પક્કડ છોડી દેવાની ફરજ પડી. શરુઆત તો થઈ સી ડબલ્યુ જી સ્કેમથી, આ પછી આવ્યું ૨ જી ટેલીકોમ સ્કેમ, આ પછી આયર્લેન્ડમાં નાણાકીય કટોકટીએ માથું ઉચક્યું, અને તે પછી ઉત્તર કોરિયા અને દક્ષિણ કોરિયા વચ્ચે




**ફાયનાન્સિયલ જંગલનો શહેનશાહ રોકાણકારોના હિત માટે સમર્પિત**

રાજકીય તનાવ આવ્યો અને આ બધાને પણ બાજુએ રાખી ચાઈના ફેકટરે પણ પડદા પાછળ પોતાની નકારાત્મક ભૂમિકા ભજવી. આખરે જયારે લાંચરૂશ્વતના સ્કેમનો પર્દાફાસ થયો, બજારે ઢીલ મૂકી અને પત્તાના મહેલની માફક તૂટી ગયું. નકારાત્મક સંકેતો આપ્યા બેંકના શેરોએ અને રિઆલીટીના શેરોએ. આ માટેનાં કારણો તો ઘણાં છે, પરંતુ જો કોઈ ટેકનીકલ બજાર વિષે અભ્યાસ કરે તો એક વાત સપષ્ટ થશે અને તે એ કે બજાર ઘણા સમયથી ઓવરબોટ પોઝીશનમાં હતું અને તેણે કરેકશન દર્શાવવું પડે તેમ હતું જ. બજારે ટેકાની સપાટી તો સહેલાઈથી તોડી જ નાખી અને અને હજુ પણ કપરી લાંબા ગાળાની ટેકાની સપાટી ૨૦૦ દિવસની મુવીંગ એવરેજ (સેન્સેક્ષ - ૧૮૧૯૦ અને નિફ્ટી ૫૪૫૯) તરફ આગળ વધી રહેલ છે.

**એક સરખા ત્રણ કાળા કાગડા**

એક સરખા કાળા ત્રણ કાગડા (આઈડેન્ટીકલ થ્રી બ્લેક ક્રોસ), કે જે મંદીમય રિવર્સલ પેટર્ન તરીકે ઓળખવામાં આવે છે તેની રચના સેન્સેક્ષ અને નિફ્ટી એમ બંને ચાર્ટ પર થયેલ છે. ત્રણ સમાન કાળા કાગડાઓની રચના ત્યારે જ રચાય છે કે જયારે ખરીદદાર નિર્દયતાથી કપાયેલ હોય અને તેને માટે કોઈ રાહત ન હોય. આ રચના દર્શાવે છે કે આમ છતાં હજુ વધુ નીચી સપાટીએ જઈ શકે છે. પરંતુ જે રીતે ઘણા સંકેતકો ઓવરસોલ્ડ ટેરીટરીમાં દાખલ થયેલ છે તે સૂચવે છે કે સામાન્ય બાઉન્સબેક સિવાય આમ બનશે નહીં. સામાન્ય પુલબેક નિમ્નગતિને પાછી વળી શકશે નહીં પરંતુ લાંબા ગાળાની પોઝીશનમાંથી નિકળવાની તક પુરી પાડી શકશે, અથવા તો ઉંચી સપાટીએ શોર્ટ કરવાની તક પુરી પાડી શકશે.

**ટેકનીકલ વાત**

ગત સપ્તાહે સેન્સેક્ષની શરુઆત ૧૯૭૧૩ પોઈન્ટથી થઈ, ૧૯૯૮૯ પોઈન્ટની ઉચ્ચતમ સપાટી દર્શાવી, ૧૮૯૫૪ પોઈન્ટની નિમ્ન સપાટી પણ દર્શાવી અને ૧૯૧૩૬ પોઈન્ટ ઉપર સાપ્તાહિક બંધ આપ્યો.આ રીતે સેન્સેક્ષે સાપ્તાહિક ધોરણે ૪૪૯ પોઈન્ટનો જોરદાર ઘટાડો દર્શાવ્યો.

આ જ રીતે નિફ્ટીએ પણ સપ્તાહની શરૂઆત ૫૯૨૦ પોઈન્ટથી કરી, ૬૦૨૦ પોઈન્ટની ઉચ્ચતમ સપાટી દર્શાવી, ૫૬૯૦ પોઈન્ટની ની નિમ્ન સપાટી દર્શાવી અને ૫૭૫૧ ઉપર બંધ આપ્યો. આ રીતે નિફ્ટીએ પણ સાપ્તાહિક ધોરણે ૧૩૯ પોઈન્ટનો ભારે ઘટાડો દર્શાવ્યો.

શુક્રવારે દૈનિક ચાર્ટ પર બંને ઈન્ડેક્ષોએ મોટી બ્લેક બોડી કેન્ડલની રચના કરેલ છે સાપ્તાહિક ચાર્ટ પર ત્રણ સમાન કાળા કાગડાઓની રચના કરેલ છે જે મંદીમય રચના છે જે છેલ્લા ત્રણ સપ્તાહથી રચાઈ રહેલ છે. આ બેરીશ ટ્રેન્ડ રિવર્સલ પેટર્ન છે અને તે દર્શાવે છે કે હવે રૂખે ઉપરથી નીચી સપાટી તરફ વળાંક લીધેલ છે.

તત્કાલિન ઉર્ધ્વગતિમાં સેન્સેક્ષે ઉપર તરફ ૧૮૮૪૫-૧૮૮૨૩ની સપાટી વચ્ચે ગેપ મૂકેલ હતો, અને હવે આ ગેપ ટેકા તરીકેની ભૂમિકા ભજવે તેમ જણાય છે. આ સપાટીએ ટેકાની અપેક્ષા રાખી શકાય.

હાલમાં બજાર ૨૦ ડી એમ એ (સેન્સેક્ષ ૨૦૧૮૭ અને નિફ્ટી ૬૦૭૪)નીચે ટ્રેડ થઈ રહેલ હતું અને હવે તે ૫૦ ડી એમ એ (સેન્સેક્ષ ૨૦૧૭૧ અને નિફ્ટી ૬૦૬૮) નીચે બંધ આવેલ છે, પરિણામે ટૂંકા ગાળાની તેમ જ મધ્યમ ગાળા રૂખ નીચી સપાટીએ છે. આ જ સમયે બંને ઈન્ડેક્ષો હજુ પણ ૨૦૦ ડી એમ એ (સેન્સેક્ષ ૧૮૧૯૦ અને નિફ્ટી ૫૪૫૯)ની ઉપર છે, અને તેથી લાંબા ગાળાની રૂખ હજુ પણ હકારાત્મક રહેલ છે.

હાલની ઉર્ધ્વગતિમાં બંને ઈન્ડેક્ષો એટલે કે સેન્સેક્ષ ૧૯૭૬૮-૧૭૮૧૯ અને નિફ્ટી ૫૯૩૭ -૫૩૪૮ ની સપાટીએ હાયર બોટમની રચના કરેલ છે. **જો બંને ઈન્ડેક્ષો તેની હાયર બોટમ નીચે એટલે કે સેન્સેક્ષ ૧૯૭૬૮ અને નિફ્ટી ૫૯૩૭ નીચે બંધ આપે તો ટૂંકા ગાળાની રૂખ નિમ્નમૂખી વળાંક લે.** જયાં સુધી સેન્સેક્ષ ૧૭૮૧૯ની સપાટી અને નિફ્ટી ૫૩૪૮ની સપાટી જાળવી રાખે ત્યાં સુધી લાંબા ગાળાની રૂખ સાબૂત રહે.

માર્ચ ૨૦૦૯ અને જુન ૨૦૧૦ની નીચી સપાટીને જોડતી ટ્રેન્ડલાઈન ટેકાની સપાટી તરીકે હમણાં સુધી કાર્ય કરી રહી હતી તે પણ તૂટી ગયેલ છે અને હવે તે પ્રતિકારક સપાટી તરીકે કાર્ય કરશે. આ ટ્રેન્ડલાઈન રેજીસ્ટન્સ સેન્સેક્ષમાં ૧૯૪૭૪ અને નિફ્ટીમાં ૫૮૪૬ની સપાટીએ આવે છે. ટ્રેન્ડલાઈન સપોર્ટ સેન્સેક્ષમાં ૧૮૭૮૯-૧૮૪૪૭ની સપાટીએ અને નિફ્ટીમાં ૫૬૫૦-૫૫૪૫ની સપાટીએ આવે છે.

**જો બંને ઈન્ડેક્ષો તેની હાયર બોટમ નીચે એટલે કે સેન્સેક્ષ ૧૯૭૬૮ અને નિફ્ટી ૫૯૩૭ નીચે બંધ આપે તો ટૂંકા ગાળાની રૂખ નિમ્નમૂખી વળાંક લે.**

સેન્સેક્ષ અને નિફ્ટી બંને અનુક્રમે ૧૫૯૬૦ થી ૨૧૧૦૮ અને ૪૭૮૬ થી ૬૩૩૮ ની વૃધ્ધિથી નીચે આવેલ છે. સેન્સેક્ષ માટેની કરેકશનની સપાટી ૧૯૧૪૧-૧૮૫૩૪-૧૭૯૨૭ અને નિફ્ટી માટેની કરેકશનની સપાટી ૫૭૪૫-૫૫૬૨-૫૩૭૯ છે. જો થોડા લાંબાગાળાના દ્રષ્ટિકોણથી વિચારવામાં આવે તો સેન્સેક્ષ તેની ૧૩૨૧૯ થી ૨૧૧૦૮ની વૃધ્ધીથી અને નિફ્ટી ૩૯૧૮ થી ૬૩૩૮ સુધીની વૃધ્ધિથી નીચે આવી રહેલ છે. આવું વિચારતાં સેન્સેક્ષ માટેની કરેકશનની સપાટી ૧૮૦૯૪-૧૭૧૬૩-૧૬૨૩૩ અને નિફ્ટી માટેની કરેકશનની સપાટી ૫૪૧૪-૫૧૨૦-૪૮૪૨ હોઈ શકે.

આ બંને ઈન્ડેક્ષોએ બેરીશ બ્રોડેનીંગ ટોપ ફોર્મેશન રચેલ છે અને તેથી આ પેટર્નનો લક્ષાંક સેન્સેક્ષમાં ૧૮૪૨૭ અને નિફ્ટીમાં ૫૫૧૨ આવે છે.

**આ બંને ઈન્ડેક્ષોએ બેરીશ બ્રોડનીંગ ટોપ ફોર્મેશન રચેલ છે અને તેથી આ પેટર્નનો લક્ષાંક સેન્સેક્ષમાં ૧૮૪૨૭ અને નિફ્ટીમાં ૫૫૧૨ આવે છે.**

ટૂંકા ગાળાના સંકેતકો ઓવરસોલ્ડ દર્શાવે છે જયારે મોટા ભાગના બીજા સંકેતકોએ સેલ મોડ દર્શાવવાનો ચાલુ જ રાખેલ છે. એમ એ સી ડી અને આર ઓ સીએ સેલમોડમાં રહેવાનું ચાલુ રાખેલ છે આ ઉપરાંત તે નકારાત્મક પણ છે. આર એસ આઈ (૩૮) એ પણ સેલમોડ દર્શાવવાનું ચાલુ જ રાખેલ છે. સ્ટોકેસ્ટિક ઓસીલેટર (૧૪) ઓવરસોલ્ડ ઝોનમાં છે અને તેમાં ટૂંકા ગાળા માટે બાઉન્સની અપેક્ષા રાખી શકાય. દીશા સૂચક સંકેતકો પણ જે રીતે -ડી આઈ +ડીઆઈથી સારી એવી ઉપર છે તે જોતાં તે પણ સેલ મોડમાં છે. એડીએક્ષ પણ ૩૦ ની ઉંચી સપાટીએ જઈ દર્શાવી રહેલ છે કે નિમ્ન ગતિ મજબૂતાઈ પકડી રહેલ છે. એમ એફ આઈ અને ઓ બી વી પણ સેલ મોડમાં ચાલુ જ છે પરંતુ એમ એફ આઈ ઓવરસોલ્ડ ઝોનમાં પ્રવેશેલ છે.

ઓ આઈ પી સી આર ૧.૨૯ પોઈન્ટે છે,ડીસેમ્બર સીરીઝમાં ૬૦૦૦ કોઈ અને ૫૬૦૦ પુટસમાં હાયર ઓપન ઈન્ટરેસ્ટ જોવા મળેલ છે, જે દર્શાવે છે કે ટ્રેન્ડલાઈન ઉંચી સપાટીએ ૬૦૦૦ અને નીચી સપાટીએ ૫૬૦૦ વચ્ચે રહેશે.

આવનાર સપ્તાહે સેન્સેક્ષનો સપોર્ટ ૧૮૮૪૫-૧૮૫૪૦-૧૮૨૩૭ છે. સેન્સેક્ષનો રેજીસ્ટન્સ ૧૯૪૭૪-૧૯૮૨૨-૨૦૧૦૫ રહેશે. આવનાર સપ્તાહે નિફ્ટીનો સપોર્ટ ૫૬૭૬-૫૫૬૭-૫૪૭૬ છે. નિફ્ટીનો રેજીસ્ટન્સ ૫૮૪૬-૫૯૩૭-૬૦૩૨ રહેશે.

## સૂચકાંકો (ઈન્ડેક્ષ)ની સપાટી

| | S3 | S2 | S1 | CLOSE | R1 | R2 | R3 |
|---|---|---|---|---|---|---|---|
| Nifty | 5476 | 5567 | 5676 | 5751 | 5846 | 5937 | 6032 |
| Sensex | 18237 | 18540 | 18845 | 19136 | 19474 | 19822 | 20105 |

## ગત સપ્તાહની ભલામણો પર એક નજર

**બજાર લથડયું છે આમ છતાં અમારા વાચકોએ તો જોરદાર પૈસા બનાવ્યા હશે કારણ કે મોટા ભાગના શેર તેમના લક્ષાંકે પહોંચી ગયેલ છે. આ સપ્તાહના સ્ટાર પર્ફોમર હતા એલ આઈ સી હાઉસીંગ જે ૨૯ ટકા જેટલા નીચે આવેલ છે. બધા જ ટ્રેડર્સ માટે આ બોનાન્જાના સાબીત થયેલ છે**

| STOCK | Reco. Price | Tgt | Reached | Lot Size | Profit |
|---|---|---|---|---|---|
| Sell BGR Engy | 718 | 667 | 525 | 250 | Rs.48,250 |
| Sell Aban | 772 | 744 | 660 | 250 | Rs.28,000 |
| Sell Siemens | 789 | 753 | 743 | 500 | Rs.23,000 |
| Sell LiCHsg | 1293 | 1243 | 918 | 250 | Rs.93,750 |
| Sell HCLTech | 377 | 363 | 371 | 1000 | Rs.6,000 |
| | | | | Total | Rs.1,99,000 |

## આગામી સપ્તાહ માટે ભલામણ

| STOCK | CMP | SL | TGT-1 | TGT-2 |
|---|---|---|---|---|
| SELL SESAGOA | 299 | 308 | 284 | 267 |
| SELL BEML | 990 | 1005 | 968 | 944 |
| SELL HINDZINC | 1100 | 1117 | 1071 | 1040 |
| SELL HINDOILEXP | 207 | 214 | 195 | 181 |
| SELL PATELENGG | 320 | 329 | 305 | 287 |

**આગામી સપ્તાહે ધ્યાનમાં રાખો**

**Sell Sea Goa 299 SL 308 Tgt 284-267**



# પ્રથમ ટેલીકોમ કૌભાંડ અને પછી હાઉસીંગ લોન કૌભાંડ બંનેના લીધે ભારતીય શેરબજારમાં જબરજસ્ત મંદીનો માહોલ

**બેસ્ટ સ્ક્રીપ ઓફ ધી વીક**
**ડી. બી. રિઆલીટી લી.**
**બીએસઈ કોડ ૫૩૩૧૬૦**
**હાલનો ભાવ રૂ.૨૧૨**

ઉપર જણાવ્યા મુજબ દિવાળી પછી તુરત જ એટલે કે સંવત ૨૦૬૭ની શરુઆત મંદી સાથે થઈ. તેનું મુખ્ય કારણ કેન્દ્ર સરકારમાં રહી ચુકેલ ટેલીકોમ મંત્રી એ રાજા દ્વારા ટુ જી સ્પેક્ટ્રમની હરાજીમાં થયેલ એક લાખ છોત્તેર હજારનું કૌભાંડ તેમ જ ગત સપ્તાહમાં અચાનક બહાર પડેલ એલ આઈ સી હાઉસીંગ ફાઈનાન્સ કંપની દ્વારા આપવામાં આવતી લોનમાં લાંચ રૂશ્વત તેમ જ ભ્રષ્ટાચારનું થયેલું રૂ.૧૦૦૦ કરોડનું કૌભાંડ, આ સમગ્ર ઘટના ઉપરાંત આંતર રાષ્ટ્રીય સ્તરે નોર્થ કોરિયા દ્વારા સાઉથ કોરિયા પર થયેલ હુમલો, આ તમામ પરિબળોએ

**સર્કિટ ૨ સર્કિટ (અપર)**



**અશ્વિન શાહ**
**મો. ૯૯૨૫૦૦૨૬૧૯**
**(કે.પી. કમાલ) મુંબઈ**
www.theeagleinvestor.co.in

## આવતા સપ્તાહમાં નીચા મથાળેથી રિઅલ એસ્ટેટ તેમજ ઈન્ફ્રાસ્ટ્રક્ચર શેરોમાં લેવાલી જોવાશે

શેરબજારને એક પછી એક પ્રત્યાઘાત આપ્યા અને તેના લીધે સમગ્ર ભારતીય શેરબજારમાં લગભગ તમામ સેકટરના શેરોમાં ખાસ કરીને બેંકીંગ, રિયાલીટી, ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિગેરેમાં ૨૦ થી ૪૦ ટકાનો નોંધપાત્ર ઘટાડો જોવાયો. અને દિવાળી પછી સતત ત્રીજી વાર મુંબઈ શેર બજાર આંક ૩૯૦ પોઈન્ટના સાપ્તાહિક ઘટાડા સાથે ૧૯૧૩૬ પોઈન્ટે બંધ આવ્યો.

આવતા સપ્તાહમાં ઓછા જોખમે સારું વતળર આપી શકે તેવા પાંચ લગડી શેરોની અહીં ભલામણ કરૂં છું.

**બેસ્ટ સ્ક્રીપ ઓફ ધી વીક**
**ડી. બી. રિઆલીટી લી.**
**બીએસઈ કોડ ૫૩૩૧૬૦**
**હાલનો ભાવ રૂ.૨૧૨**

મુંબઈ સ્થિત આવેલ રિઅલ એસ્ટેટ તેમ જ બાંધકામના વ્યવસાય સાથે સંકળાયેલ આ કંપની પાસે મુંબઈમાં જ કરોડો રૂપિયાની જમીન છે. તાજેતરમાં એલ આઈ સી હાઉસીંગ લોનના ગોટાળામાં આ કંપની પર માત્ર આંગળી ચીંધાતાં આ કંપનીનો શેર માત્ર ૧૦ દિવસમાં જ ઘટીને ૫૨ સપ્તાહની નવી નીચી ઐતિહાસિક સપાટીએ પહોંચી ગયો છે. તો આ કંપનીમાં હાલના ભાવે કરેલું રોકાણ તમને ટૂંકા તેમ જ મધ્યગાળામાં ખૂબ જ સારું વળતર આપી શકે તેમ છે.

**એચ ડી આઈ એલ લી.**
**બીએસઈ કોડ ૫૩૨૮૭૩**
**હાલનો ભાવ રૂ.૧૮૦**

છેલ્લા ૧૫ દિવસમાં સતત ઘટી રહેલા બજારની સાથે હંમેશની જેમ ઉંચું બીટા ફેકટર ધરાવતા રિઅલ એસ્ટેટના શેરોમાં હંમેશાં નોંધપાત્ર ઘટાડો જોવા મળતો હોય છે. તેના કારણે છેલ્લા ૧૫ દિવસમાં રિઅલ એસ્ટેટ તેમ જ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વ્યવસાય સાથે સંકળાયેલ આ કંપનીનો શેર લગભગ રૂ. ૧૫૦ તૂટી ગયેલ છે. તો હાલના ભાવે આ કંપનીમાં ટૂંકા તેમ જ લાંબા ગાળા માટે રોકાણ કરવા માટે વિચારી શકાય.

**એપ્ટેક લી.**
**બીએસઈ કોડ ૫૩૨૪૭૫**
**હાલનો ભાવ રૂ.૧૨૫**

જાણીતા બીગબુલ ટ્રેડર્સ રાકેશ ઝૂનઝુનવાલા દ્વારા પ્રમોટ કરાયેલ આ કંપનીનો શેર છેલ્લા ૧૫ દિવસમાં બજારમાં આવેલ મંદીની સાથે કોઈ કારણ વગર ધરખમ તૂટી ગયેલ છે. તો લાંબા ગાળાના રોકાણકાર માટે આ શેરમાં હાલના ભાવે રોકાણ કરવાની ઉત્મ તક છે.

**બેકોન્સ લી.**
**બીએસઈ કોડ ૫૩૧૯૩૭**
**હાલનો ભાવ રૂ.૫.૦૦**

સેવાળમાંથી બાયોફયુઅલનો કાચો માલ બનાવવાની ટેકનોલોજીના વ્યવસાયમાં વ્યસ્ત આ કંપની કોઈ પરદેશી કંપની સાથે સહયોગ કરે તેવું જાણકાર વર્તુળો દ્વારા જાણવા મળેલ છે. આવનાર દિવસોમાં બાયો ફયુઅલનું ભવિષ્ય જોતાં આ કંપનીનું ભવિષ્ય ખુબ જ ઉજજવળ જણાય છે. તો આ કંપનીમાં ૨ થી ૩ વર્ષ માટે રોકાણ કરનારને મબલખ વળતર મળી શકે તેમ છે.

**ડી એલ એફ લી.**
**બીએસઈ કોડ ૫૩૨૮૬૮**
**હાલનો ભાવ રૂ.૬૯૦.૦૦**

જાણીતા અને ખૂબ જ અગ્રણી ઉદ્યોગપતિના ડી એલ એફ ગ્રુપ દ્વારા પ્રમોટ કરાયેલ રિઅલ એસ્ટેટ તેમ જ બાંધકામના ઉદ્યોગ સાથે સંકળાયેલ આ કંપની માત્ર ભારતમાં જ નહીં, પરંતુ સમગ્ર વિશ્વમાં મોખરાનું સ્થાન ધરાવે છે. આ કંપનીનો શેર પણ છેલ્લા ૧૫ દિવસમાં થયેલ મંદીમાં ધોવાઈ ગયેલ છે. તો આ કંપનીનું ફન્ડામેન્ટલ જોતાં હાલના ભાવે તબક્કાવાર રોકાણ કરવું હીતાવહ લાગે છે.

**ડી. બી. રિઆલીટીના શેર પોર્ટફોલિયોમાં વસાવો અને તમારા કુટુંબને આધુનિક સગવડોભર્યું ઘર વસાવી આપો**

# આવનાર સપ્તાહે ફાર્મા સેકટર અને શીપીંગ અને પેઈન્ટસ ક્ષેત્ર સારો જયોતિષિય સહયોગ મેળવી રહેલ છે

**તા.૨૯ નવેમ્બરથી ૩ ડીસેમ્બર , ૨૦૧૦**

**સપ્તાહ દરમ્યાન ગ્રહોની સ્થિતિ**

સપ્તાહ દરમ્યાન ચંદ્રમા સિંહ, કન્યા અને તુલામાં ભ્રમણ કરશે, મંગળ, સૂર્ય વૃશ્ચિક રાશીમાં, કેતુ મિથુનમાં પરિભ્રમણ કરશે. શુક્ર તુલામાં, શનિ કન્યા રાશીમાં, રાહુ, બુધ અને પ્લુટો ધન રાશીમાં, ગુરુ અને નેપચ્યુન કુંભ રાશીમાં પરિભ્રમણ કરશે. યુરેનસ મીન રાશીમાં રહેશે.મંગળ ૩૦મી નવેમ્બર, ૨૦૧૦ થી ધન રાશીમાં ભ્રમણ કરશે.

**એસ્ટ્રોલોજી અને સ્ટોક માર્કેટ**



**સતિષ ગુપ્તા**
**મો. ૦૯૮૧૧૭૩૮૩૬૬**
**૦૯૮૧૦૦૧૮૪૩૮**
http://www.astrostocktips.in
E-mail : astrostocktips@rediffmail.com

**સાવચેતી રાખો :** અસુવિધાજનક ગ્રહોકીય રચના ઉચ્ચતમ ચંચળતાનું નિર્માણ કરશે. હાલની પરિસ્થિતિ બહુ છેતરામણી છે, જેના કારણે ખોટો નિર્ણય લેવાઈ જાય તેવી શકયતાઓ રહે છે.

ટ્રેડર્સને સલાહ કે બજાર જયાં સુધી સારો જયોતિષિય સહયોગ મેળવી લે ત્યાં સુધી બજારથી દૂર રહેવું યોગ્ય રહેશે, કારણ કે આવા ચંચળતાભર્યા અને ભ્રામક બજારમાં પૈસા બનાવવા ખૂબ જ કઠીન છે.

જે સેકટરને સારો જયોતિષિય સહયોગ સાંપડતો હોય તે સેકટરના શેરોમાં જ વેપાર કરવો જોઈએ, ત્યાં સુધી આવા શેરમાં નાણાં ગુમાવવાની શકયતા ખૂબ વધુ રહે છે.

**ફાર્મા સેકટર** સારો જયોતિષિય સહયોગ મેળવવાનું ચાલુ જ રાખશે. આ ક્ષેત્રમા ડો. રેડ્ડી, લ્યુપીન, સિપ્લા, વોકહાર્ટ અને ઓર્ચિડ કેમકલ પર ધ્યાન આપો.

**શીપીંગ એન્ડ પેઈન્ટ / વોરનીશ સેકટર :** આ સમય દરમ્યાન આ ક્ષેત્ર સારો જયોતિષિય સહયોગ મેળવી રહેલ છે.

**ગત સપ્તાહની આગાહી :**

આગાહી કર્યા મુજબ ફાર્મા સેકટરે ખૂબ સારો દેખાવ કર્યો અને ડો રેડ્ડી, લ્યુપીન અને વોકહાર્ટે નવી ઉંચાઈ દર્શાવી.

**જે સેકટર મજબુત એસ્ટ્રો સપોર્ટ મેળવતા હોય તે સામાન્ય રીતે બજારની નિમ્નગતિમાં અસરકૃત થતાં નથી.**

# ન્યૂઝ ટ્રેક

## ગણેશ વાસુદેવ માવળંકરની ૧૨૨મી જન્મજયંતિ નિમિત્તે ગુજ. વિધાનસભા ખાતે પુષ્પાંજલીનો કાર્યક્રમ યોજાયો

આઝાદ ભારતની પ્રથમ સંસદના પ્રથમ અધ્યક્ષ અને લોકસભાના પ્રથમ અધ્યક્ષ ગણેશ વાસુદેવ માવળંકર ગુજરાત વિધાનસભાના પોડીયમમાં મૂકાલેયા તૈલચિત્રને અધ્યક્ષશ્રી પ્રો. મંગળભાઈ પટેલે આજે તેમની જન્મજયંતિ નિમિત્તે પુષ્પાંજલી અર્પી હતી. આ પુષ્પાંજલી કાર્યક્રમ પ્રસંગે ગુજરાત વિધાનસભાના સચિવ શ્રી ડી. એમ. પટેલ, નાયબ સચિવ શ્રી બી. ડી. વસાવા, અંગત સચિવ શ્રી દિનેશભાઈ વ્યાસ તેમજ મોટી સંખ્યામાં વિધાનસભાના કર્મચારી ભાઈ બહેનોએ હાજર રહી પુષ્પાંજલી અર્પણ કરી હતી.

## ઈન્ડિયા ઈન્ટરનેશનલ ટ્રેડ ફેરમાં ગુજરાત પેવેલિયને જીત્યો ગોલ્ડ એવોર્ડ

૩૦મા ઈન્ડિયા ઈન્ટરનેશનલ ટ્રેડ ફેરની નવી દિલ્હીના પ્રગતિ મેદાન ખાતે પૂર્ણાહુતિ થઈ હતી. ક્લીન એન્ડ એફીસીયન્ટ ટેકનોલોજી, પ્રોડક્ટસ એન્ડ સર્વિસીઝનીથીમ ઉપર તા. ૧૪ થી ૨૭ નવેમ્બર દરમ્યાન યોજાયેલ આફેરમાં ગુજ. પેવેલિયનને ગોલ્ડ એવોર્ડ મળ્યો હતો. ફેરનું આકર્ષણ બનેલા ગુજરાતના પેવેલિયનમાં તાજેતરના વર્ષો દરમ્યાન રાજયે ક્લીન એન્ડ ગ્રીન એનર્જી ક્ષેત્રે સાધેલા વિકાસની સોલાર પવન ચક્કીઓ, મકાઈમાંથી ઈથેનોલની પ્રાપ્તિ, બાયોગેસ પ્લાન્ટ, ઈકો ચુલા, એલએનજી સંગ્રહ અને વિતરણ નેટવર્ક વગેરેના મોડેલ ઉભા કર્યા હતા.

## જીઓસિન્થેટીક - સિવિલ એન્જિ. પ્રોજેક્ટ માટે સેમિનાર યોજાયો

રાજ્ય અને દેશની પ્રગતિમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો ફાળો અતિ મહત્ત્વનો છે. રોડ, કેનાલ, ડ્રેનેજ, પાઈપલાઈન, રેલ્વે, એરપોર્ટ વગેરેના બાંધકામમાં જુદી જુદી ભૌગોલિક અને ભૂસ્તરીય રચનાઓ ઈજનેરો માટે એક પડકાર બનતો હોય છે. ત્યારે આ ક્ષેત્ર પર્યાવરણીય દ્રષ્ટિએ અનુકૂળ અને તાંત્રિક તથા આર્થિક દ્રષ્ટિએ પોષણક્ષમ એવા વિકલ્પો રુપે જીઓસિન્થેટીક્સના ઉપયોગની ચર્ચા કરવા બે દિવસીય રાષ્ટ્રીય સેમિનાર જળ સંપત્તિ મંત્રી શ્રી નીતિનભાઈ પટેલે ખુલ્લો મુક્યો હતો.

**સોનાની ખાણ પૂરવાર થાય તેવી સલાહ માટે વાંચતા રહો : ધી ઈકોનોમિક રેવલ્યૂશન**

## સેન્સેક્સમાં ૧૯૪૯૦ નીચે મંદીની રૂખ

# ટેકાની સપાટીએ સ્ટોક ફ્યુચરમાં વેચાણ કરવું અતિ જોખમી

વાંચક મિત્રો,

વૈશ્વિક બજારોના નકારાત્મક સંકેતો, જાયન્ટ કોર્પોરેટ હાઉસના કૌભાંડોના અહેવાલો અને કોરિયાઈ દેશો વચ્ચેના ઘર્ષણથી ભારતીય શેર બજારમાં ઘટાડાનો દોર ગત સપ્તાહે પણ ચાલુ રહ્યો હતો. ગત સપ્તાહે સૌથી મોટું ધોવાણ રિયાલ્ટી શેરમાં જોવા મળ્યું હતું. અમે છેલ્લા છ માસથી અમારા આર્ટિકલ્સમાં રિયાલ્ટી સેક્ટરથી દૂર રહેવાની સલાહ આપીએ છીએ. જે તદ્દન યોગ્ય નીવડેલ છે.

### રોકિંગ ટીપ્સ મેકર્સ



**આશિષ નાયક**
**મો. ૯૩૭૬૯૮૮૭૬૫, ૯૯૨૪૨૭૯૮૨૫**
rosenayak.1984@yahoo.com

**નિફ્ટી ટેકનીકલ્સ :** સાપ્તાહિક ચાર્ટ ઉપર નિફ્ટી હેડ એન્ડ સોલ્ડર એસ. એ રિવર્સલ ઈન અપટ્રેન્ડની રચના બનાવે છે જે નિફ્ટીમાં જ્યાં સુધી મુખ્ય અવરોધ પાર ન થાય ત્યાં સુધી નાના ઉછાળે મોટી વેચવાલીના સંકેતો આપે છે. ગત સપ્તાહે નિફ્ટીમાં વેચાણના અમારા બધાં જ લક્ષાંકો સાધ્ય થયા હતા. આગામી સપ્તાહે જો નિફ્ટી એક મુખ્ય અવરોધ પાર કરી તેના ઉપર બંધ આપે તો તેમાં મોટો ઉછાળો ટૂંકાગાળામાં જોવા મળી શકે છે.

**સેન્સેક્સ (૧૯૧૩૬.૬૧) :** ૧૯૨૪૨ ઉપર ૧૯૩૬૦, અને ૧૯૪૯૨ જયારે ૧૯૦૯૨ નીચે ૧૮૯૮૬ અને ૧૮૮૭૦ જોવા મળી શકે.

**નિફ્ટી (૫૭૫૧.૯૫) :** ૫૭૭૦ ઉપર ૫૭૯૬, અને ૫૮૨૯ જયારે ૫૭૩૫ નીચે ૫૭૧૮, અને ૫૭૦૭ જોવા મળી શકે છે.

### મધ્યમથી લાંબાગાળાના રોકાણકારો માટે

**ભંડારી હોઝીયરી (બીએસઈ કોડ ૫૧૨૬૦૮) (૩૫.૨૫)**

લુધિયાણા (પંજાબ) સ્થિત કંપનીની કંપની રેડીમેડ નાઈટવેર અને હોઝીયરીના વ્યવસાય સાથે સંકળાયેલ છે. કંપની ટી શટ, પુલ ઓવસ, શટ્ર્સ, પોલો ટિ શટ, ટ્રેક સ્યુટ, લોસ અને લેડીઝ નાઈટ ટોપ્સ જેવી વિવિધ ચીજવસ્તુઓનું ઉત્પાદન કરે છે. કંપનીની સ્થાપના નરેશ ભંડારી અને કુસુમ ભંડારી દ્વારા ૧૯૯૩માં કરવામાં આવી હતી. કંપની ભારત ઉપરાંત ૧૭ જેટલા દેશોમાં પોતાની પ્રોડક્ટસનું વેચાણે કરે છે. કંપની પોતાના યુનિટમાં ઉચ્ચ કક્ષાની મશીનરી વડે ઉત્પાદન કરે છે. કંપની સ્પીનિંગ, ડાઈંગ, નિટીંગ અને ગારમેન્ટસ યુનિટ ધરાવે છે. આ શેર લેવાની ભલામણ અમોએ ૧૯ આસપાસ તારીખ ૩૦-૮-૨૦૧૦ના અંકમાં કરેલ છે. જે મુજબ ટૂંકાગાળામાં રોકાણકારોને બમ્પર ૮૪ ટકા રિટર્ન મળ્યું. શેરે બાવન વીકની ઉચ્ચતમ સપાટી પણ બજારના મોટા કરેક્શન વચ્ચે બતાવી. બાકી ઓર્ચિડ કેમિકલ્સ, એચસીસી, રેણુકામાં અમારા કેટલાક ચતુર વાચકમિત્રોએ અઢળક કમાણ કરી છે. કંપનીના વાર્ષિક ગાળાના પરિણામો મધ્યમ જયારે ત્રિમાસિક ગાળાના પરિણામો ઉત્સાહજનક આવેલ છે. ત્રિમાસિક દ્રષ્ટિએ કંપનીનું વેચાણ જૂન ૨૦૧૦ માં ૨૩.૮૩ કરોડથી સપ્ટેમ્બર ૨૦૧૦માં રૂા. ૧૮.૪૫ કરોડ નોંધાયું હતું. ઓપરેટિંગ નફો રૂા. ૯૮ લાખથી વધીને રૂા. ૧.૭૮ કરોડ નોંધાયેલ છે. જયારે નેટ નફો રૂા. ૨૮ લાખથી વધીને રૂા. ૮૬ લાખ બતાવેલ છે. ત્રિમાસિક દ્રષ્ટિએ ઈપીએસ ૦.૩૭ ટકાથી વધીને ૧.૧૬ ટકા નોંધાયેલ છે. શેરની ફેસવેલ્યુ રૂા.૧૦ અને વર્તમાન બુકવેલ્યુ રૂા. ૨૭.૬૭ છે. કંપનીનો વર્તમાન પીઈ રેશિયો ૧૭ ટકા છે. કંપનીએ ચાલુ વર્ષ માટે ૨.૦૬ ટકા ના દરેક ઈપીએસ દર્શાવેલ છે.

ટેકનીકલી શેર સપ્તાહના અંતે સાયમેટ્રિકલ ટ્રાયેંગલ ઈન ડાઉન ટ્રેન્ડની રચના બનાવે છે જે શેરમાં સામાન્ય પ્રોફીટ બુકિંગના સંકેતો આપે છે. સાપ્તાહિક અને લાંબાગાળા ચાર્ટ ઉપર શેર એસેન્ડિંગ ઈન અપટ્રેન્ડની રચના બનાવે છે. જે શેરમાં ઘટાડે રોકાણ કરવાના સંકેતો આપે છે. ટેકનીકલી શેરમાં એક મુખ્ય સપોર્ટ સુધીના ઘટાડા બાદ ૪૪ ટકા વળતર મળે તેવું દેખાઈ આવે છે. લાંબાગાળાના રોકાણકારોએ મર્યાદિત માત્રામાં રોકાણ કરવું. ટૂંકાગાળાના રોકાણકારોએ તબક્કાવાર નફો ઘરભેગો કરવો.

**કેમલીન (બીએસઈ કોડ ૫૨૩૨૦૭) (૪૦.૦૯)**

મુંબઈ (મહારાષ્ટ્ર) સ્થિત કંપનીની સ્થાપના ૨૪ ડીસેમ્બર ૧૯૪૬ના રોજ દાંડેકર એન્ડ કંપની દ્વારા કરવામાં આવી હતી. કંપની ડાયવર્સીફાઈડ જેવા કે સ્ટેશનરી પ્રોડક્ટ્સ, આર્ટ મટેરિયલ્સ અને ફાર્માસ્યુટીકલ્સના વ્યવસાય સાથે સંકળાયેલ છે. કંપનીની સ્ટેશનરી પ્રોડક્ટમાં મુખ્યત્વે ઈન્ક ટેબ્લેટ્સ, ફાઉન્ટન પેન, ઓફીસ એધીસીવ, સિલેન વેક્સ, સ્કૂલ ચોક્સ અને વિવિધ આર્ટિકલ્સ કલર્સનું મટેરિયલ્સ જેવું કે વોટર કલર્સ, પોસ્ટર કલર્સ, ઓઈલ કલર્સ, ફેબ્રીક કલર્સ, જીયોમેટ્રિક બોક્સ, ડ્રોઈંગ ઈન્ક, પેઈન્ટિંગ બ્રસ, કેનવાસ જેવી વિવિધ વસ્તુઓનું ઉત્પાદન કરે છે.

આ શેરની ભલામણ અમોએ રૂા. ૨૬ આસપાસ તારીખ ૧૭ મે ૨૦૧૦ના અંકમાં કરેલ જે ૫૮ ની ઉચ્ચતમ સપાટી સુધીના ઉછાળા સાથે બમ્પર ૧૨૩ ટકા વળતર આપેલ. શેરની વર્તમાન બુકવેલ્યુ રૂા. ૧૦ અને ફેસવેલ્યુ રૂા. ૧ છે. શેરનો વર્તમાન પીઈ રેશિયો ૨૨.૮૩ ટકા છે જયારે ઈપીએસ ૨.૨૪ ટકા નોંધાયેલ છે.

કંપનીના વાર્ષિક અને ત્રિમાસિક ગાળાના પરિણામો સારા આવેલ છે. બાકી આગામી ફ્યુચર સિરિઝમાં કેટલાક ફ્યુચર અને કેસના સ્ટોકસમાં ૧૮ થી ૨૮ ટકાનો ઉછાળો જોવા મળે તવું દેખાઈ આવે છે. ટેકનીકલી સાપ્તાહિક ચાર્ટ ઉપર શેર બુલ ફલેગ ઈન અપટ્રેન્ડની રચના બનાવે છે. જે શેરમાં આકસ્મિક તેજીના સંકેત આપે છે. લાંબાગાળાના ચાર્ટ ઉપર શેર રિકટેંગલ ઈન અપટ્રેન્ડની રચના બનાવે છે. જે શેરમાં ઘટાડે મર્યાદીત માત્રામાં લાંબાગાળાનું રોકાણ કરવાના સંકેતો આપે છે.

## નિફ્ટીનો મજબુત ટેકો ૫૫૯૦ અને ૫૪૨૦, પ્રતિકારક સપાટી ૫૮૬૦ અને ૬૧૦૦

### ટેકનીકલ ટ્રેન્ડ



**સંજય લાડ**
**મો. ૯૮૨૦૯૨૦૫૩૦**
WEBSITE : www.stockacademy.co.in

**૨૬ નવેમ્બર ૨૦૧૦ શુક્રવાર**

નિફ્ટીનો મજબુત ટેકો ૫૫૯૦ અને ૫૪૨૦, પ્રતિકારક સપાટી ૫૮૬૦ અને ૬૧૦૦ છે. નિફ્ટીનો મુખ્ય ટેકો ૫૪૨૦ છે, બધા જ ફ્રન્ટલાઈન શેરો ખરીદવા માટેની આ સારામાં સારી સ્થિતિ છે.

### પોઝીશનલ ખરીદવા જેવા કેટલાક શેર

| SCRIPT | SUP. | S L | TGT |
|---|---|---|---|
| BANK OF BARODA | 850 | 835 | 900 |
| BHARATFORGE | 350 | 340 | 385 |
| BHARTIARTL | 320 | 300 | 360 |
| CANBK | 600 | 580 | 650 |
| DCB | 54 | 49 | 60 |
| GODREJIND | 165 | 160 | 190 |
| HAVELLS | 370 | 355 | 400 |
| HDFC | 660 | 650 | 690 |
| ICICIBK | 1060 | 1040 | 1150 |
| IDBI | 145 | 140 | 170 |
| KOTAKBK | 440 | 430 | 470 |
| RANBAXY | 520 | 510 | 580 |
| SBI | 2800 | 2750 | 2900 |
| TISCO | 580 | 570 | 620 |

**શેર બજારની સમીક્ષા પા.નં.૧ નું ચાલુ**

કોમોડીટી ભાવોમાં પણ એક સમયે પેનિક સેલિંગ થકી ઘટાડા જોવા મળ્યા હતા. સાથે સાથે પ્રાદેશિક મોરચે ૨-જી કૌભાંડને પગલે પણ આગને પેટ્રોલ મળી રહે તેમ ટેલિકોમ સેક્ટર સાથે સંકળાયેલા ખાસ કરીને ૨-જી સ્પેક્ટ્રમની વહેંચણીમાં સંકળાયેલા તમામ શેરોમાં ધોવાણ આવ્યું હતું. માઈક્રો ફાઈનાન્સ સેક્ટર માટે અને કંપની વિષયક પણ નકારાત્મક સમાચારો અને ઘટનાક્રમને પગલે એસ કે એસ માઈક્રો ફાઈનાન્સના શેરમાં ૭ દિવસમાં ૩૨ ટકા ઉપરાંત ધોવાણ અને પેનીકને પગલે ઈન્વેસ્ટર સેન્ટીમેન્ટ ધોવાયું હતું. આમ બજારમાં મંદીવાળાઓને એક કરતા વધારે કારણ મળી રહ્યા હતા.

**પી.બી.સી. પછી આર.બી.આઈ. નો વારો ?**

ચીનમાં ફુગાવો ૪.૪ ટકા ચાલી રહ્યો છે, કે જે ૨૪ મહિનાની ટોચની સપાટી છે અને આપણે જોયું તેમ ચીન સરકાર દ્વારા તેને નિયંત્રણમાં કરવાની કટિબદ્ધતા દર્શાવતા તમામ પગલાં લેવાઈ રહ્યા છે. ચીનમાં પ્રોપર્ટી બજાર અને શેર બજારોમા કોઈ એવા મોટા ઉછાળા કે તેજી નથી આવી તેમ છતાં માત્ર અને માત્ર ફુગાવાના દરને નીચો કરવાના હેતુથી પણ ચીનની મધ્યસ્થ બેંક પીપલ્સ બેંક ઓફ ચાઈના દ્વારા બેંક રિઝર્વ દર વધારીને નાણાં નીતિ ચુસ્ત કરી છે.

હવે પ્રશ્ન એ થાય છે કે ભારતમાં પણ ૧૦ ટકા ફુગાવાનો દર લગભગ અસહ્ય જ કહેવાય અને આગામી મહિનાઓમાં રિઝર્વ બેંક કડક નાણાંનીતિને અનુરુપ કોઈ પગલાં ના લે તોજ નવાઈ થવી જોઈએ.

ખેર, આમ ચીન અને અમેરિકન સરકારોની નાણાં નીતિઓની તુલના કરીને જોઈ શકીએ છીએ કે બંને નાણાં પ્રવાહીતા અંગે સામ સામા આવી ગયા છે. ચીન સરકારના ફુગાવાના દરને ચુસ્ત કરવાના પગલાંઓ અત્યંત પ્રશંસનિય છે. જો ત્યાં લોકશાહી હોત તો કદાચ આવા પગલાં ના ભરાયા હોત. કારણ કે ત્યાં શેર બજારો પાછલી તેજીમાં ૬૦૦૦ ઉપર ચાલી રહ્યા હતા જે હાલમાં વિશ્વના ઘણા બજારો સુધર્યા બાદ અને ભારત તેજ ઘણા બજારોએ નવી ઊંચાઈ સર કર્યા બાદ પણ અડધા એટલે કે ૩૦૦૦ નીચે ચાલી રહ્યા છે. પરંતુ ફુગાવાનો દર ત્યાંની સરકારને વધારે અગત્યનો પ્રશ્ન લાગતા તે શેર બજારની ચિંતા નથી કરતી. જ્યારે આગળ ઉપર ઉલ્લેખ કર્યો તેમ અમેરિકા એ બજારોમા નાણાં પ્રવાહીતા નો ધોધ વહાવડાવવાનો જારી રાખતા ૬૦૦૦ બિલિયન ડોલરના બોન્ડ પરચેસની જાહેરાત કરી હતી. વધુમાં અમેરિકાએ વૈશ્વિક અર્થતંત્ર અને ફાઈનાન્શિયલ બજારોમાં અસમતુલા માટે પરોક્ષ રીતે ચીનની ચલણ નીતિ અને નાણાં નીતિને જવાબદાર ઠેરવવાનું જારી રાખ્યું હતું.

ખેર, કરેક્શનનો દોર એ રોકાણકારો માટે સુવર્ણ અવસર હોય છે. જો શું ખરીદવું તેનું જ્ઞાન હોય તો જ. કારણ કે દરેક કરેક્શન રોકાણ કરવા લાયક શેરો સારા ભાવે રોકાણ કરવાની તક હમેશા ઊભી કરે છે. અગાઉના અંકોમાં આપણે વિવિધ જાતના પોર્ટફોલિયો આપ્યા છે તેમાંથી પસંદગી કરીને પણ રોકાણ કરી શકાય.

ધી ઈકોનોમિક રેવલ્યૂશન

**તંત્રીની કલમે....**

# પ્રજા બધુ જ સમજે છે, મૌન રહે છે અને સમય આવે 'ઘા' પણ કરે છે

**મિત્રો,**

ભારતને આઝાદી મળી તે સાથે ઘણાય રાજકીય સેવકો પણ મળ્યા, આ સેવકોએ ભારતને આઝાદી અપાવવાની અનેક ચરવળોમાં ભાગ લીધો હતો, જેલની હવા પણ ખાધી હતી અને ભારતને આઝાદી અપાવવાનો ભેખ લીધો હતો અને પરિણામે ભારતને આઝાદી મળી હતી. આ પછી ભારત આ સેવકોના જ હાથમાં આવ્યું કે જેમણે અખંડ ભારત માટે, ભારતના ભૂતપૂર્વ સોનેરી ઈતિહાસનું પુનરાવર્તન થાય તેવો વિકાસ કરવા માટે અનેક સ્વપ્ન પણ નિહાળેલ, પરંતુ આખરે આઝાદી વખતે જ અખંડ ભારત, પાકિસ્તાન છુટું પડવાને કારણે ભારત ખંડ બનીને રહી ગયું, તે વખતના ટોચના નેતાઓએ આ ભારતના વિકાસ માટે કાર્ય પણ કર્યા, ભારતના વિકાસ માટે સંકલ્પ પણ કર્યા અને બલિદાન પણ આપ્યાં, પરંતુ પછી ધીરે ધીરે રાજકારણમાં પોતાનો રોટલો શેકનાર લોકો ધીરે ધીરે ઉભરાવા માંડયા, સાથે સાથે સ્વીસ બેંકનાં ખાતામાં પણ લાખો કરોડો રૂપિયા ઉભરાવા માંડયા અને ભારતની ગરીબ જનતા વધુ ગરીબ બની અને તક સાધુ ધનવાન પણ બની ગયા, અનેક પ્રશ્નો અંગે જનતાના પ્રતિનિધિઓએ વિધાનસભા અને ધારાસભામાં ઉહાપો પણ કર્યો, સરકાર તરફથી અનેક કલ્યાણ યોજનાઓ આવી અનેક પંચવર્ષિય યોજનાઓ પણ આવી પરંતુ સાથે સાથે અનેક કૌભાંડો પણ આવ્યાં, ભારતની જનતા તરફથી પણ કેટલીક વાર આ સામે ઉહાપો કરવામાં આવ્યો, બળાપો કાઢવામાં આવ્યો, પણ જનતા જાગૃત ન હોઈ પોતાના હક્ક અને ફરજો પ્રત્યે સભાન ન હોઈ ભારતમાં ભ્રષ્ટાચારની ટકાવારી વધવા માંડી અને 'વાડ જ ચિભડાં ગળે' તેવી હાલત થઈ અને પ્રજા તેથી ધૂંધવાઈને પણ તેની મૂક સાક્ષી બની રહી. પ્રજાના પ્રતિનિધિઓ પણ સંસદ હોય કે વિધાનસભા, તેમાં 'દલા તરવાડી' બની અનેક ગણાં પગાર અને ભથ્થાં વધારી ઘર ભરવા માટે સક્રિય બન્યા અને હજુ પણ સક્રિય જ છે.

પરંતુ હમણાં હમણાં આવેલાં ચૂટણીઓનાં પરિણામોએ એ વાતનો સંકેત આપી દીધેલ છે કે પ્રજા હવે જાગૃત બની રહી છે, પોતાની સેવા કોણ કરશે તે નક્કી કરવા સક્ષમ બની છે. સત્તાધીશો સમજે કે ન સમજે પણ પ્રજા તેમના કરતુતોની નોંધ લઈ રહી છે અને ચૂંટણી વખતે આ લીધેલી નોંધનો ઉપયોગ કરી રહી છે.

વિકાસની ગાથા શરુ કરી શ્રી નરેન્દ્ર મોદીએ, જો કે આ અગાઉના નેતાઓએ વિકાસની વાત નથી કરી તેમ મારે કહેવું નથી, પરંતુ રાજકીય ખેચતાણની વિકટ પરિસ્થિતિમાં શ્રી નરેન્દ્રમોદીએ જયારે સુકાન સંભાળ્યું ત્યારે કોઈને પણ કલ્પના નહીં હોય કે આ 'એકલ વીર' ગુજરાતનો નવો ઈતિહાસ લખવા જઈ રહેલ છે. જરૂર પડે ત્યારે જ બોલવું, પણ સચોટ બોલવું, કોઈની શેહ શરમ કે ડર રાખ્યા વગર બોલવું અને દિર્ગદ્રષ્ટિ દાખવી પ્રજાના વિકાસને ધ્યાનમાં રાખી આયોજનબધ્ધ રીતે આગળ વધવાની કૂનેહ દાખવવી વગેરે દ્વારા તેમની કાર્ય કરવાની અનોખી શૈલીનાં દર્શન કરાવ્યાં, ઉદ્યોગ પતિઓને પણ સાચવ્યા અને એક સામાન્ય શ્રમજીવીના હૃદયમાં પણ જગ્યા કરી, અને આ માત્ર વિકાસના ઈતિહાસથી. અનેક અસંતુષ્ટો, અનેક રાજકીય વિટંબણાઓ અને અનેક આક્ષેપો વચ્ચે પણ શ્રી નરેન્દ્ર મોદીએ ત્રણ ત્રણ વખત ચૂંટણીનો જંગ તો જીત્યા પણ આ વખતે પ્રજાતંત્રની સંસ્થાઓની ચૂંટણીઓમાં પણ જવલંત વિજય મેળવી માત્ર વચનો નહીં, વિકાસ કરવાથી પ્રજાને જીતી શકાય છે તે તેમણે સાબિત કરી દીધુ, સાથે સાથે પ્રજા પણ હવે જાગૃત બની છે તે સાબિત થઈ ગયું

બિહારની વાત કરીએ તો લાલુપ્રસાદ યાદવની ગુડાગીરી અને એક હથ્થુ શાસનનો અંત આવ્યો શ્રી નિતિશકુમારના ગાદીનશીન થવાથી, અને શ્રી નિતિષકુમારે પણ બિહારમાં શ્રી મોદીના સિધ્ધાંત જેવોજ વિકાસનો માર્ગ જ અપનાવ્યો, ત્યાંની ગુડાગીરી ઉપર અમૂક અંશે કાબૂ મેળવ્યો, બીજાં પણ વિકાસનાં કાર્યો તરફ ઝોક આપ્યો અને પોતાની સ્વચ્છ ઈમેજ જાળવી રાખી, જો કે આ પછી તેમના પર મોટા ભ્રષ્ટાચાર માટેનો એક આક્ષેપ આવી ગયો, આમ છતાં પણ 'દૂઝતી ગાય પાટું મારે તો પણ સહન થાય' કહેવત મુજબ પ્રજાએ આ આક્ષેપને નજર અંદાજ કરી દીધો અને વિપક્ષોને ભોયભેંગા કરી, લાલુપ્રસાદ યાદવનાં સગાઓને ઘર ભેગા કરી જવલંત વિજય અપાવ્યો, જે પ્રજાની જાગરૂકતાનાં દર્શન કરવી જાય છે. ભારતની પ્રજા હવે ઘેટાનું ટોળું નથી રહી, અંધવિશ્વાસુ નથી રહી, હવે તેને પોતાના વિકાસની અને કલ્યાણની સમજ પડે છે અને કોણ વિકાસ કરી શકશે, કોણ તખ્તનશીન થવા લાયક છે તે પણ હવે સમજતી થઈ છે, તે આવાં પરિણામોથી સાબિત થઈ ગયેલ છે.

આમ છતાં હવે જયારે પ્રજા શ્રી નરેન્દ્રમોદી અને શ્રી નિતિષકુમાર જેવા નેતાઓને અધધ.. મતોથી તખ્તનશીન કરી રહી છે ત્યારે આ મહાનુભાવોની જવાબદારીઓ પણ વધી જાય છે. પ્રજાએ તેઓ પર અનેક આકાંક્ષાઓ રાખીને મતોની વર્ષા કરી છે તે આ મહાનુભાવોએ ભૂલવું જોઈએ નહીં, હજુ તો વિકાસનો પંથ ઘણો લાંબો છે અને અનેક પડકારો અજગરની માફક મોં ફાડીને ઉભા છે. પણ હજુ ગુજરાતની કે બીહારની વાત કરીએ તો શિક્ષણક્ષેત્રે ઘણું કરવાનું બાકી છે. જો કે શ્રી નરેન્દ્રમોદીએ શિક્ષણ પર ધ્યાન કેન્દ્રિત કરેલ છે જ, પરંતુ ગરીબ વિદ્યાર્થિઓને પણ શિક્ષણની તમામ તકો ઉપલબ્ધ થાય, એક ધનવાનના બાળકની જેમ જ ગરીબ બાળક પણ જે શિક્ષણ લેવું હોય તે લઈ શકે, આ ક્ષેત્રમાં ડોનેશનની લૂંટ બંધ થાય, યુનિવર્સિટિમાં ભ્રષ્ટાચારીઓનો પગપેસારો ન થાય અને શિક્ષણ વ્યાપાર ન બને, વગેરે બાબતો માટે ઘણું કરવાનું બાકી છે. યુવાધનનો દેશના વિકાસ માટે ઉપયોગ થાય, તેમને યોગ્ય શિક્ષણ, માર્ગદર્શન અને રોજગારીની તકો મળે, એક અદના માનવીની ફરિયાદ સરકારી તંત્રમાં સંભળાય, પ્રજાની સલામતી વધે, ભ્રષ્ટાચાર પર અંકૂશ આવે, ન્યાય વધુ સારી રીતે સુલભ બને, વગેરે અનેક અગણિત પાસાંઓ છે કે જે ગુજરાતને અને ભારતને વિકાસના માર્ગે આગળ લઈ જશે. ભારતીય રાજકારણને આ મહાનુભાવો નવી દીશા આપશે તેવી પણ જનતાની અપેક્ષા છે. જો ધીરે ધીરે પ્રજાને વિકાસનો ટેસ્ટ પડી થશે, પોતાના હક્ક અને ફરજો પ્રત્યે સભાનતા કેળવાશે તો પછી હવે પછી સત્તાલાલસુ અને ભ્રષ્ટાચારી રાજકારણીઓએ રાજકારણમાંથી પોતાના બિસ્તરા-પોટલાં બાંધવા પડશે, તેવી મજબૂરી પ્રજા તેમના માટે ઉભી કરશે તેમાં કોઈ શંકા નથી.

આવા રાજકારણીઓએ સમજી લેવાની જરૂર છે કે પ્રજા બધુ જ સમજે છે, મૌન રહે છે અને સમય આવે 'ઘા' પણ કરે છે, તે હાલનાં ચૂંટણી પરીણામોએ સાબિત કરેલ છે જ, તમે થોડા માણસોને વધુ સમય મૂર્ખ બનાવી શકશો, વધુ માણસોને થોડો સમય મૂર્ખ બનાવી શકશો, પણ બધા માણસોને બધો સમય મૂર્ખ નહીં બનાવી શકો.

ફરી અભિનંદન શ્રી નરેન્દ્રમોદી અને શ્રી નિતિષકુમારને તેમના જવલંત વિજય માટે, રાજકીય કારકિર્દીની સફળતા માટે. વિકાસશીલ દ્રષ્ટિકોણ માટે.

**જય હો,**
**સર્વેત્ર: સુખિન: સન્તુ,**

**નરેન્દ્ર જોષી, એડીટર**

## બજારો ફોરેન ફંડોની વર્ષાન્તની વેચવાલી અને બેંક લોનના ગોટાળાના હિસાબે ઘટ્યા

**વિતેલા સપ્તાહે** બીએસઈ સેન્સેક્ષ (૧૯૧૩૬.૬૧) અને નિફ્ટી (૫૭૫૧.૯૫) બંન્ને ૨.૩૧ ટકા અને ૨.૦૩ ટકા ઘટીને બંધ આવ્યા હતા. નિફ્ટી ફયુચર ડીસેમ્બર ૨૬.૦૨ પોઈન્ટના પ્રિમિયમમાં હતો. નિફ્ટી ડીસેમ્બર ૬૦૦૦ ના કોલ ઓપ્શનમાં ભારે રસ જોવાયો હતો.

### બુલેટ



**નરેન્દ્ર નયનાની**
**મો. ૯૮૯૮૧૬૨૭૭૦**
nainaninarendra@Hotmail.com
Yahoo Messanger Id-narendranainani
www.narendranainani.blogspot.com

**સેન્સેક્ષમાં સપોર્ટ** ૧૮૭૩૦ **તથા રેજીસ્ટન્સ** ૧૯૭૬૦ જયારે **નિફ્ટીમાં સપોર્ટ** ૫૬૩૦ અને **રેજીસ્ટન્સ** ૫૯૩૦ નો છે.

ગયા સપ્તાહમાં માર્કેટ સતત પ્રોફીટ બુકિંગના કારણે અને રાજકીય ટેન્શન અને હોમ લોનના કૌભાંડ થકી ઘટ્યા હતા.

એલઆઈસી હાઉસિંગ અને ટાટા મોટર્સ ના ઓપન ઈન્ટરેસ્ટમાં ડીસેમ્બર સિરીઝમાં રસ જોવાયો હતો. આરઆઈએલ ના ડીસેમ્બર ના કોલ ઓપ્શનમાં સ્ટ્રાઈક પ્રાઈઝ ૧૦૦૦ માં સારી પોઝીશન લેવાતી જોવા મળી છે. યુનિટેક માં કોલ ઓપ્શનમાં ડીસેમ્બર માસના સ્ટ્રાઈક પ્રાઈઝ ૬૫ પણ જોવા મળેલ છે.

**ફ્યુચર ઓપ્શનના ખેલાડીઓ માટે**

**૧. ટીસીએસ (૧૦૪૭.૨૫)** લોટ સાઈઝ ૨૫૦ શેર

- ડીસેમ્બર માસના સ્ટ્રાઈક ભાવ ૧૦૫૦ થી ૩૫.૦૦ રૂા. ના ભાવે એક કોલ ઓપ્શન ખરીદો.
- ડીસેમ્બર માસના ૧૦૮૦.૦૦ના સ્ટ્રાઈક પ્રાઈસથી રૂ. ૨૨.૭૫ ના ભાવે એક કોલ ઓપ્શન વેચો.

**ચુકવેલ પ્રિમિયમ** = ૩૫.૦૦ ★ ૨૫૦ = ૮૭૫૦.૦૦ રૂ.

**મેળવેલ પ્રિમિયમ** = ૨૨.૭૫ ★ ૨૫૦ = ૫૬૮૭.૫૦ રૂા.

**ચોખ્ખું ચુકવેલ પ્રિમિયમ** = ૮૭૫૦.૦૦ - ૫૬૮૭.૫૦ = ૩૭૦૦.૦૦ રૂ.

**વધારેમાં વધારે નફો** := ૧૦૮૦ - ૧૦૫૦ = ૩૦ ★ ૨૫૦ = ૭૫૦૦ - ૩૦૬૨.૫૦ = ૪૪૩૭.૫૦ રૂ.

**વધારેમાં વધારે નુકશાન** := ૩૦૬૨.૫૦ રૂ.

**બ્રેક ઈવન પોઈન્ટ** := ૧૦૬૨.૨૫

**૨. ઈન્ફોસીસ (૩૦૬૦) :** ડીસેમ્બર માસ ફયુચર લોટ સાઈઝ ૧૨૫ શેર

- રૂ. ૩૦૬૦ ના ભાવથી ડીસેમ્બર માસ ફયુચરનો એક લોટ ખરીદો.
- **વેચો એક કોલ ઓપ્શન :** ડીસેમ્બર માસ સ્ટ્રાઈક ભાવ ૩૧૦૦ થી રૂ.૭૦ ના ભાવે

**મેળવેલ પ્રિમિયમ** := ૦.૦૦ ★ ૧૨૫ = ૮૭૫૦.૦૦ રૂ.

**વધારેમાં વધારે નફો** := ૩૧૦૦ - ૩૦૬૦ = ૪૦.૦૦ ★ ૧૨૫ = ૫૦૦૦.૦૦ + ૮૭૫૦.૦૦ = ૧૩૭૫૦.૦૦ રૂ.

**વધારેમાં વધારે નુકશાન** : અસિમિત

**૧. હીરો હોન્ડા** (૧૯૩૬.૫૫) ઘટાડે આ સ્ટોક ખરીદીને વેપાર કરો.

**૨. પેટ્રોનેટ** (૪૯૦.૧૦) ઘટાડે આ સ્ટોક ખરીદીને વેપાર કરો.

# પુલબેક ટકી રહેવામાં નિષ્ફળ, હવે પ્રતિકારક સપાટી ૫૯૦૦, ૬૦૦૦

**તા. ૨૯ નવેમ્બરથી થી ૦૩ ડીસેમ્બર**

**નિફ્ટી સાપ્તાહિક બંધ : ૫૭૫૨**

## નિફ્ટી સૂત્ર




દિનેશ એ. ઠાકુર
મો. ૯૮૨૨૦૫૦૯૪૯
dinuthakur@gmail.com
blog site–
http://dinuthakur.blogspot.com


**(ગત સપ્તાહે ૫૮૯૦)**

**આ સપ્તાહે** સોમવારે બજારની શરુઆત નબળા સાપ્તાહિક ટ્રેન્ડ પોઈન્ટે થઈ ૫૯૨૦ ઉપર થઈ.પરંતુ આ રેલી આપણી ત્રિમાસિક ટ્રીગર સપાટી ૬૦૩૦ને વટાવવામાં નિષ્ફળ નિવડી. મંગળવારે અને બુધવારે વૈશ્વિક અને સ્થાનિક સમાચારોએ વેચવાલીને વેગ આપ્યો. ગુરુવારે ડેરિવેટિવ્સ એક્ષપાયરીને કારણે પણ વેચવાલી ચાલુ રહી ૫૮૦૦ની સપાટી દર્શાવી. શુક્રવારે ચંચળતાને કારણે મોટા જથ્થામાં વેચવાલી જોવા મળી. સપ્તાહનો અંત ૧૪૦ પોઈન્ટના ઘટાડા સાથે આવ્યો. સપ્તાહ દરમ્યાન બજાર આપણો સાપ્તાહિક ટ્રેન્ડ પોઈન્ટ ૫૯૨૦ પસાર કર્યા પછી આપણા બીજા લક્ષાંક ૬૦૩૦ તરફ પાછું ફર્યુ પણ તેને ટકાવી રાખવામાં નિષ્ફળ નિવડયું. ચેનલ અને રાઈઝીંગ ટ્રેન્ડ લાઈન સપોર્ટ ૫૫૦૦ છે.

આ સપ્તાહે પ્રતિકારક સપાટી ૫૯૦૦ ની નીચી સપાટીએ ઉતરી આવેલ છે. ટ્રેડર્સ અને ઈન્વેસ્ટર માટેની અમારી ૧૫ હીન્ટમાંથી ૧૦ હીન્ટ મંદીમય છે જ્યારે ૩ હીન્ટ તેજીમય છે. માત્ર ૪ સેન્સેક્ષ સ્ટોક તેમનો ટેકો જાળવીને હકારાત્મક ટ્રેડ થઈ રહેલ છે.

આવતા સપ્તાહે અમારા ટ્રેન્ડ પોઈન્ટ ૫૭૮૦ ઉપર, બજાર ૫૮૨૦, ૫૯૦૦, ૬૦૦૦ તરફ ગતિ કરશે. વાચકો મારી વેબસાઈટ પર ઈન્ટ્રાડે ટેકનીકલ ચાર્ટ નિહાળી શકે છે.

**સેન્સેક્ષ શેર માટે ટૂંકા ગાળાની ટેકાની તેમ જ પ્રતિકારક સપાટી નીચે મુજબ છે.** ટેકાની સપાટી ઉર્ધ્વગતિ માટે આપેલ છે જ્યારે પ્રતિકારક સપાટી શેરની નિમ્નગતિ માટે આપેલ છે તેથી ખરીદનાર આ આપેલ સપાટીએ તેમનો સ્ટોક ઓછો કરી શકે અથવા તો તેમાંથી નિકળી શકે અને વેચવાલી કરનાર આ આપેલ સપાટીએ તેમના સ્ટોકમાં વધારો કરી શકે અથવા તો દાખલ થઈ શકે.

| STOCK | S2 | S1 | R1 | R2 |
|---|---|---|---|---|
| Mah &Mah | 680 | 740 | - | - |
| Cipla | 330 | 340 | - | - |
| HeroHonda | 1860 | 1880 | - | - |
| TCS | 910 | 990 | - | - |
| ITC | - | 166 | 174 | - |
| HUL | - | 290 | 305 | - |
| HDFC | - | 670 | 715 | - |
| ONGC | - | 1220 | 1320 | - |
| Maruti | - | 1380 | 1480 | - |
| State Bank | - | 2580 | 2940 | - |
| Tata Steel | - | 580 | 630 | - |
| HDFCBank | - | 2260 | 2400 | - |
| Infosys | - | 2960 | 3050 | - |
| Bharti | - | 325 | 340 | |
| LT | | 1780 | 1960 | - |

| STOCK | S2 | S1 | R1 | R2 |
|---|---|---|---|---|
| ACC | | 950 | 1020 | - |
| Hindalco | - | 190 | 210 | - |
| Tata Motor | | 1040 | 1180 | - |
| ICICI Bank | - | 1060 | 1160 | - |
| Sterlite | | | 170 | 175 |
| TataPower | - | - | 1310 | 1320 |
| Reliance | - | - | 1020 | 1030 |
| Wipro | - | - | 420 | 430 |
| JPAssociate | - | - | 120 | 125 |
| Jindal S&P | - | - | 670 | 675 |
| DLF | - | - | 315 | 335 |
| BHEL | - | - | 2420 | 2460 |
| R Comm | - | - | 170 | 175 |
| NTPC | - | - | 200 | 205 |
| RIL Infra | - | - | 1030 | 1060 |

**આગામી સપ્તાહ :** આ સપ્તાહે માર્કેટ ટ્રેડીંગ રેન્જ (રોજીંદા બંધના ધોરણે) ૫૬૨૦ – ૬૨૨૦ વચ્ચે રહેશે.એટલે કે ટ્રેન્ડ પોઈન્ટ ૫૭૮૦ (જેમાં સપ્તાહ દરમ્યાન ટ્રેન્ડ પોઈન્ટને અપડેટ કરવા માટે સાપ્તાહિક આવક / નુકશાનના ૨૫ ટકા વધારો અથવા ઘટાડો ધ્યાનમાં લો.) તેમ જ અને સાપ્તાહિક રેન્જ +/- ૩૦૦ રહેશે.

નિફ્ટી માટેનો ૨૦, ૫૦, ૧૦૦ દિવસનો ઈ એમ એ સપોર્ટ ૫૯૮૦(-૧૦૦), ૫૯૭૦(-૩૦), ૫૮૧૦(૦), ૫૫૨૦(+૧૦).

ઘટાડા સમયે ટ્રેડર્સે ટ્રીગર લેવલ પર તેમની લોંગ પોઝીશનમાંથી નિકળી જવું જોઈએ. આ પછી ફરી ટ્રીગર સપાટીએ અથવા તો નીચેની સપાટીએ વ્યાપારમાં દાખલ થવું જોઈએ. આ રીતે, ટ્રીગર તમારું રક્ષણ કરવામાં, વધુમાં વધુ નફો કરવામાં અને તમારી પોઝીશન જાળવી રાખવામાં મદદરૂપ નિવડશે.

**નિફ્ટી** જુદા જુદા ચાર્ટ પર ૨૦ એસ એમ એ લાઈન મુજબ નિફ્ટીની શરુઆત અને રૂખ નીચે મુજબ છે. ૩૦ મીનીટ - નીચે તરફ, ૬૩૦૦, ૯૦ મીનીટ - નીચે તરફ, ૬૩૦૦, દૈનિક - નીચે તરફ ૬૧૦૦, સાપ્તાહિક - ઉપર તરફ ૫૧૦૦,

### દિનુનું સપોર્ટ એન્ડ રેજીસ્ટન્સ, નિફ્ટી ટ્રેન્ડ અને સ્ટોપલોસ પત્રક

| Investor | Chart type | trade% Beta | Trend | From | Stop-loss | Gain |
|---|---|---|---|---|---|---|
| Derivative | Daily | 20 (+1.2) | DOWN | 5990 | 5790* | + 240 |
| Swing trade | Weekly | 20 (1-1.2) | DOWN | 6010 | 5950* | + 260 |
| Short term | Bi-weekly | 20 (1) | DOWN | 6170 | 5960* | + 420 |
| Medium term | Monthly | 20 (1-0.8) | DOWN | 5920 | 5890* | + 170 |
| Mutual Fund | Quarterly | 10 (-0.8) | UP | 5000 | 5650/5950** | + 1100 |
| Long Term | Yearly | 10 (-0.8) | UP | 3670 | 4790/5500** | + 2140 |

**નિફ્ટી માટે (રોજીંદો સ્ટોપલોસ + બંધ )/ ૨** ટ્રેડર્સને નિફ્ટી માટેની પછીના દિવસની રૂખ તેમ જ સ્ટોપલોસ દર્શાવશે. ટ્રેડર્સે ટ્રીગર પોઈન્ટ નીચે વ્યાપારમાંથી બહાર નિકળી જવું અથવા તો નીચેના ટ્રીગર પોઈન્ટે વ્યાપારમાં દાખલ થવું. જો બજાર રોજીંદા સ્ટોપલોસ કરતાં ૩૦ મીનીટ સુધી નીચેની સપાટીએ ટ્રેડ થાય તો રિવર્સ ટ્રેન્ડ ગણવો.

# ૫૮૭૩ ઉપર ૫૯૪૫, ૫૯૯૦, ૬૦૩૦ જોવા મળે ૫૭૧૫ નીચે ૫૬૮૬, ૫૬૫૭, ૫૬૩૦

ગયા સપ્તાહે સોમવારે નિફ્ટી ફ્યુચરમાં જોવાયેલ ૧૧૯.૮૫ પોઈન્ટના ઉછાળા બાદ જોવાયેલ ૨૩૨ પોઈન્ટનો ચાર દિવસમાં જ ઘટાડો મહદ્ અંશે ઈલેક્ટ્રોનિક મીડીયાની બદમાશી, અધકચરી, જોખમી માહિતીને આભારી હતો. જેમ કે, નોર્થ કોરિયા-સાઉથ કોરિયા બોર્ડર પર થયેલા છમકલાંને વિકૃત સ્વરુપે રજૂ, એલઆઈસી હાઉસિંગ કેસમાં વ્યક્તિગત લાંચ કે ભ્રષ્ટાચારને મોટું સ્કેમ કે કૌભાંડ તરીકે રજૂઆત.. અનેક કંપનીઓને નહાવા નીચોવવાનો પણ સંબંધ ના હોય તેનું નામ પણ વિના કારણે હાઈલાઈટ વગેરે. આ ઈલેક્ટ્રોનિક મિડીયા સામે કોઈ પગલાં લેવા જરુરી બનશે.

## બાજ નજરે




પારસ ઘેલાણી
મો. ૯૦૯૯૦૧૦૮૨૭
ghelani.paras@gmail.com
parasghelani@rediffmail.com


**★ નિફ્ટી ફ્યુચર (૫૭૭૮.૧૫)** :- ૫૮૭૩ ઉપર ૫૯૪૫, ૫૯૯૦, ૬૦૩૦ જોવા મળે. ૫૭૧૫ નીચે ૫૬૮૬, ૫૬૫૭, ૫૬૩૦ જોવા મળે. અંગત કેપિસીટી/ જોખમાનુસાર બ્રેક આઉટ સાઈડ જ સ્વનિર્ણયે વેપાર ગોઠવવો હિતાવહ.

**★ હોટ પોઝીશનલ ફ્યુચર્સ સ્ટોક્સ**

(૧) એચપીસીએલ (૪૧૪.૯૦) :- રૂા.૩૯૦ સ્ટોપલોસ... નજીકમાં જ ૪૩૧ થી ૪૫૫.

(૨) એલ એન્ડ ટી (૧૯૩૯.૧૦) :- રૂા. ૧૯૦૦ સ્ટોપલોસ... નજીકમાં જ ૧૯૯૪ થી ૨૦૪૮...

(૩) એક્સિસ બેંક (૧૩૩૮.૮૫) :- રૂા. ૧૩૦૦ સ્ટોપલોસ... નજીકમાં જ ૧૩૮૦ થી ૧૪૩૨.

(૪) ભેલ (૨૧૧૨.૬૦) :- રૂા.૨૦૬૦ સ્ટોપલોસ... નજીકમાં જ ૨૧૮૫ થી ૨૨૫૦.

(૫) સેસાગોવા (૨૯૯.૯૫) :- રૂા.૨૮૫ સ્ટોપલોસ... નજીકમાં જ ૩૨૨ થી ૩૪૨....

**★ હોટ વીકલી સ્ટોક્સ ફ્યુચર :-**

(૧) એમઆરપીએલ (૬૯.૫૦) :- રૂા.૬૫ સ્ટોપલોસ... નજીકમાં જ ૭૯ થી ૮૯.

(૨) ચંબલ ફર્ટી. (૮૫.૪૫) :- રૂા.૮૧સ્ટોપલોસ... નજીકમાં જ ૯૭ થી ૧૦૭..

(૩) મારુતિ (૧૩૬૯.૬૦) :- રૂા.૧૩૪૦ સ્ટોપલોસ... નજીકમાં જ ૧૪૩૦ થી ૧૪૭૬.

(૪) ગ્રેટ ઓફશોર (૩૬૩.૪૦) :- રૂા. ૩૫૦ સ્ટોપલોસ... નજીકમાં જ ૩૯૨ થી ૪૧૭.

(૫) આઈબી રિઅલ (૧૩૬.૫૫) :- રૂા.૧૧૮ સ્ટોપલોસ... નજીકમાં જ ૧૫૮ થી ૧૭૮...

**★ ડિલેવરીબેઈઝ શોર્ટ ટર્મ રોકાણ**

(૧) પ્રાજ ઈન્ડ. (૫૨૨૨૦૫) (૭૨.૫૦) : નજીકમાં જ તોફાની ઉછાળા થી ૭૯ થી ૮૬.

(૨) પીપાવાવ (૫૩૩૧૦૭) (૭૧.૪૫) : - નજીકમાં જ તેજી દર્શાવી ૮૦ થી ૮૮.

(૩) કરુતુરી (૫૩૨૬૮૭) (૩૦.૪૦) : - નજીકમાં જ સોલીડ ઉછાળાથી ૩૫ થી ૩૯.

(૪) ગુજ એનઆરઈ (૫૧૨૫૭૯) (૫૨.૧૫) : - નજીકમાં જ તોફાની તેજી થકી ૬૩ થી ૭૦.

(૫) સ્પાર્ક (૫૩૨૮૭૨) (૮૯.૨૦) : - નજીકમાં જ તીવ્ર ઉછાળા થકી ૯૯ થી ૧૦૯.

**ખૂબ જ તીવ્ર અને તોફાની ઝડપે નાણાં સંસ્થાઓ, એચએનઆઈ, ઓપરેટરોના વેલ્યુબાઈંગ, શોર્ટ કવરિંગથી ઉછાળો જોવાય**

(૬) એચઓસીએલ (૫૦૦૪૪૯) (૫૧.૨૦) : - નજીકમાં જ તોફાની તેજી દર્શાવી ૬૪ થી ૭૨.

(૭) આરઆઈએલ (૫૦૦૩૨૫) (૯૬૨.૫૫) : - નજીકમાં જ જોરદાર ઉછાળો દર્શાવી ૧૦૦૦ થી ૧૦૪૦.

(૮) સ્ટર ટેક. (૫૩૨૩૭૪) (૭૬) : - તોફાની ઉછાળો દર્શાવી ૮૪ થી ૮૬.

(૯) એચસીસી (૫૦૦૧૮૫) (૪૦.૧૦) : - નજીકમાં જ તેજી દર્શાવી ૪૮ થી ૫૫.

(૧૦) એચડીઆઈએલ (૫૩૨૮૭૩) (૧૭૮.૬૫) : - નજીકમાં જ સોલીડ ઉછાળા થકી ૨૦૭ થી ૨૩૫

(૧૧) એસસીઆઈ (૫૨૩૫૯૮) (૧૪૫.૪૦) : - નજીકમાં જ ઉછાળા થકી ૧૫૩ થી ૧૬૦

## ( દીપનું દર્પણ ) – દીપેશ ગોહીલ




મો. ૯૭૨૭૯૯૦૯૮૦ veenmoney@gmail.com


| NAME | : NIFTY |
|---|---|
| BUY ABOVE | : 5751 |
| RES-1 | : 5810 |
| RES-2 | : 5850 |
| RES-3 | : 5910 |
| SELL BELOW | : 5751 |
| SUP-1 | : 5700 |
| SUP-2 | : 5640 |
| SUP-3 | : 5590 |




| NAME | : BHARTIARTL |
|---|---|
| BUY ABOVE | : 333 |
| RES-1 | : 339 |
| RES-2 | : 344 |
| RES-3 | : 352 |
| SELL BELOW | : 333 |
| SUP-1 | : 326 |
| SUP-2 | : 319 |
| SUP-3 | : 309 |




| NAME | : BANK NIFTY |
|---|---|
| BUY ABOVE | : 11688 |
| RES-1 | : 11777 |
| RES-2 | : 11820 |
| RES-3 | : 11880 |
| SELL BELOW | : 11688 |
| SUP-1 | : 11620 |
| SUP-2 | : 11580 |
| SUP-3 | : 11500 |




| NAME | : ORCHIDCHEM |
|---|---|
| BUY ABOVE | : 276 |
| RES-1 | : 282 |
| RES-2 | : 291 |
| RES-3 | : 308 |
| SELL BELOW | : 276 |
| SUP-1 | : 271 |
| SUP-2 | : 265 |
| SUP-3 | : 254 |



| NAME | : HEROHONDA |
|---|---|
| BUY ABOVE | : 1935 |
| RES-1 | : 1943 |
| RES-2 | : 1958 |
| RES-3 | : 1969 |
| SELL BELOW | : 1935 |
| SUP-1 | : 1925 |
| SUP-2 | : 1902 |
| SUP-3 | : 1845 |




| NAME | DENABANK |
|---|---|
| BUY ABOVE | : 121 |
| RES-1 | : 126 |
| RES-2 | : 133 |
| RES-3 | : 138 |
| SELL BELOW | : 121 |
| SUP-1 | : 117 |
| SUP-2 | : 113 |
| SUP-3 | : 109 |




### OUR PERFORMANCE

| STOCKS | REC.HIGH/LOW PRICE | | TARGET |
|---|---|---|---|
| NIFTY | 5890 | 5690 | 3TARGETACHIEV. |
| BANKNIFTY | 12062 | 11362 | 3TARGETACHIEV. |
| ONGC | 1263 | 1192 | 3TARGETACHIEV. |
| HDIL | 230 | 160 | 3 TARGETACHIEV. |
| CIPLA | 342 | 325 | 2 TARGETACHIEV. |
| SESAGOA | 331 | 296 | 3 TARGETACHIEV. |


### ATTENTION

The material contained in the Economic Revolution is based on Fundamental and Technical analysis & other scientific methods and also the knowledge and belief of author. Error can not to be rulled out. The information given is of advisory nature only. The Editor, the Publisher and the Author does not take any consequences arising out of it. All rights reserved. Reproducing to whole or in part of any matter including featurs without permision is not permitted. Letgal jurisdiction is Ahmedabad only. The material given in the Economic Revolution is the views of author only, it not means that Editor is agree with it, so Editor, the Publisher and the printer is not resposible for the contains in writers article.

Narendra JoshiEditor,
The Economic Revolution.


# ઉપરના મથાળેથી વેચવાલી આવી શકે છે : નીચા મથાળેથી ઝડપથી સુધારો બતાવી શકે છે

કોમોડીટીઝ માર્કેટોમાં ગયા સપ્તાહમાં આ લેખકે ખરાબીના સંકેત આપ્યા હતા. તે જ પ્રમાણે દરેક માર્કેટોમા મોટા પ્રમાણમાં ઘટાડો આવ્યો હતો. આ બધું ચાર્ટની બલીહારી છે. જ્યારે જ્યારે આવા સંકેત મળતા હોય છે ત્યારે આનાથી મોટી નુકશાનથી દૂર રહેવામાં કામ લાગે છે. ખેર,

## સોનાની ચમક


જીજ્ઞેશ
૯૭૨૪૫૨૮૮૯૮


કોમોડીટીઝ માર્કેટોમાં દિવસે દિવસે વોલ્યુમમાં સતત વધારો થઈ રહ્યો છે. કારણ કે કોમોડીટીઝ માર્કેટોમાં એ રીયલ માર્કેટો છે. (દરરોજ વપરાતી વસ્તુ છે.) આ માર્કેટોમાં આના કારણે નીચા મથાળે ખરદીના સંકેત મળતા હોય છે. ટૂંકમાં આ માર્કેટોમાં કમાવવાની જગ્યા વધારે છે. તેવું વારંવાર ચાર્ટ બતાવી રહ્યું છે. જ્યારે વેપારની વાત આવતી હોય છે ત્યારે રિયલ માર્કેટોમાં વેપારથી આપણને ફાયદો થતો જ હોય છે. ખેર.

**કોપર (૩૮૮) :**

કોપરમાં એક સપ્તાહ અગાઉ ઉપરમાં ૪૦૩નું મથાળું બતાવીને કરેક્શનના તબક્કામાં પ્રવેશ કર્યો ત્યારે આપણે અગાઉના અંકમાં જણાવી દીધું હતું. કોપરમાં નબળાઈની ચાલ આવી રહી છે. ખેર. નીચામાં ગયા સપ્તાહમાં ૩૭૨ની સપાટી બનાવી છે. આ સપાટીતૂટવાની શક્યતા નહીંવત છે. આવનાર સપ્તાહમાં ઉપરમાં ૩૯૭ મહત્ત્વની સપાટી રહેશે. આ સપાટી કૂદાવતા તેજીની ચાલ આગળ વધશે. નીચામાં ૩૮૪ નજીકની મહત્ત્વની સપાટી રહેશે.

**ગોલ્ડ (૨૦૦૮૦) :**

ગોલ્ડમાં સાપ્તાહિક ચાર્ટ તેજી તરફી હોવાથી દરેક ઘટાડે ખરીદનાર સારામાં સારું વળતર આપી જશે. તેવું ચાર્ટ બતાવી રહ્યું છે. ખેર, નીચામાં ગયા સપ્તાહમાં ૧૯૮૨૦ની બોટમ બનાવી છે. આ બોટમ ખૂબ જ અગત્યની રહે છે. ઉપરમાં ૨૦૨૧૫ની સપાટી વટાવતા ૨૧૦૦૦ ની સપાટી આવી શકે છે.

**નિકલ (૧૦૦૬) :**

ગયા સપ્તાહમાં સ્પષ્ટપણે જણાવ્યું હતું કે નીકલમાં નબળાઈ આવી રહી છે. ખેર, આવનાર સપ્તાહમાં ૧૦૩૦ની સપાટી ખૂબ જ અગત્યની રહેશે. આ સપાટી કૂદાવતા ૧૦૪૨ની સપાટી સુધી આવી શકે છે. નીચામાં ૯૭૦ની સપાટી ખુબ જ અગત્યની રહેશે.

**સિલ્વર (૪૧૨૭૦) :**

ગયા સપ્તાહમાં નીચામાં ૩૮૩૪૦ની સપાટી તૂટવાની જગ્યા નહીંવત લાગે છે. ઉપરમાં ૪૩૨૦૦ની સપાટી વટાવતા ઝડપથી ૪૫૦૦૦ આસપાસ આવી શકે છે. પરંતુ નીચા મથાળે ખરીદીએ ધ્યાન આપવાનું રહેશે.

# હજુ પણ વધારે સુધરશે

દિપાવલી મુહુર્ત પછી નિફ્ટીએ રોજેરોજ વેચવાલીનું દબાણ અનુભવેલ છે અને ૧૦ ટકા કરતાં વધુ ઘટાડો દર્શાવિલ છે. છેલ્લા ૫ સેશન દરમ્યાન નિફ્ટીએ નીચેની ઉચી સપાટી અને નીચેની નીચી

## ટુ ધી પોઈન્ટ




દિનેશ સી. નાગપાલ
૯૮૩૦૦૩૯૦૮૫
bluechips4u@gmail.com


સપાટી બનાવેલ છે. આવા તિવ્ર અને ઝડપી કરેકશનનું કારણ ૨ જી અને એલ આઈ સી નું કૌભાંડ છે. હવે જ્યારે ત્વરિત નુકશાન થયેલ છે (કેટલાક શેરોમાં તો ઘણું મોટા પ્રમાણમાં) ત્યારે આપણે નાની રેલીની અપેક્ષા રાખી શકીએ કારણ કે બજાર ટૂંકા ગાળા માટે ઓવર સોલ્ડ પોઝીશનમાં પ્રવેશેલ છે. કોઈ પણ રેલી માટે નિફ્ટીએ ૫૮૨૦ ઉપર ટકવું જોઈએ. તે ઉપર આપણે ૫૯૫૦ની સપાટીએ મજબૂત પ્રતિકારક સપાટીની અપેક્ષા રાખી શકીએ. રેલીનો ઉપયોગ નબળા શેરોમાંથી નિકળવા માટે કરો અને વધુ રોકડ હાથ પર રાખો કારણ કે હજુ તે સ્પષ્ટ થતું નથી કે બોટમ ફોર્મેશનની રચના થઈ છે કે પછી આપણે આવનાર માસમાં નિફ્ટીને ૫૬૦૦/૫૫૦૦ નીચે ટ્રેડ થતી જોઈ જોવાની છે. આ ઉપરાંત એક વાત નોંધી લો કે કેટલાક શેરોએ ઉંચા વોલ્યુમ સાથે અગત્યની ટેકાની સપાટી તોડી નાખેલ છે, તેથી જો કોઈ રિકવરી થાય તે બહુ મજબૂતાઈ કેળવે અથવા તો બીજો સુધારો પણ દર્શાવે.

**નિફ્ટી :**

**આવનાર સપ્તાહ માટેનો ટેકો :**

૫૨૯૦ / ૫૪૯૦ / ૫૬૨૦

**આવનાર સપ્તાહ માટેની પ્રતિકારક સપાટી**

૫૯૫૦ / ૬૧૫૦ / ૬૨૮૦

**આ સપ્તાહમાં ધ્યાનમાં રાખવા જેવા શેર**

**ઓલસ્ટોમ પ્રોજેક્ટસ (૬૨૬) ખરીદો**

દૈનિક ચાર્ટમાં આ શેરે ટેકાની સપાટીએ સારું એવું કરેકશન દર્શાવીને

**અનુસંધાન પા.નં. ૨ ઉપર**

## અખબારી યાદી

છેલ્લા કેટલાક દિવસોથી બટાકા, ડૂંગળીના ભાવોમાં થઈ રહેલ સતત વધારાની સરકારશ્રીએ નોંધ લઈ તે પાછળના પરિબળો જણાવવા અને ભાવ ઘટાડવા માટે જરુરી પગલાંઓ લેવા સુચના થયેલ જે અનુસંધાને તા. ૨૭-૧૧-૨૦૧૦ના રોજ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિના સચિવ તથા જથ્થાબંધ વેપારીઓ સાથે બેઠક યોજવામાં આવેલ. જે મુજબ હાલમાં પડેલ કમોસમી વરસાદને લીધે ડૂંગળી, બટાકાની આવકોમાં ઘટાડો થયેલ છે તેમજ ખાસ કરીને ડુંગળી ઉત્પન્ન કરતા મહારાષ્ટ્ર અને અન્ય રાજ્યોના વિસ્તારોમાં ઘટાડો થયેલ છે તેમજ ખાસ કરીને ડૂંગળી ઉત્પન્ન કરતા મહારાષ્ટ્ર અને અન્ય રાજ્યોના વિસ્તારોમાં કમોસમી વરસાદથી તૈયાર ડૂંગળીના પાકને નુકશાન થયેલ છે. જેના કારણે ડુંગળીની ગુણવત્તામાં અને જથ્થામાં ખાસો ઘટાડો થયેલ છે. સમિતિના સચિવ અને જથ્થાબંધ વેપારીઓ સાથે થયેલ પરામર્શ મુજબ તેઓ તરફથી બટાકા ડૂંગળીનો પર્યાપ્ત જથ્થો માર્કેટમાં ઉપલબ્ધ થાય તે માટે શક્ય તે તમામ પ્રયત્નો કરવામાં આવશે. વધુમાં આગામી પંદરેક દિવસમાં સૌરાષ્ટ્રના ભાવનગરનો ડુંગળીનો જથ્થો માર્કેટમાં આવવાની સંભાવના છે. જેની પણ ભાવ ઘટાડા ઉપર સાનૂકૂળ અસર પડશે. જેમણે વાસણા માર્કેટિંગ યાર્ડ ખાતેથી ડૂંગલી બટાકા ઓછામાં ઓછા એક કટ્ટાના જથ્થામાં ખરીદવા હોય તો ખરીદી શકે છે. માર્કેટિંગ યાર્ડ ખાતે ગુણવત્તા અનુસાર બટાકાના એક ક્વિન્ટલના ભાવ રૂા. ૬૧૮ થી રૂા. ૨૩૫૬ સુધીના અને ડૂંગળીના એક ક્વિન્ટલના ભાવ રૂા. ૧૧૮૦ થી રૂા. ૨૦૨૫ સુધી પ્રવર્તમાન છે. જેની જાહેર જનતાએ નોંધ લેવા વિનંતી છે.

# આવનારા સપ્તાહમાં નવેમ્બરનો અંત અને ડીસેમ્બરની શરૂઆતી પુલબેક રેલી બાદ બજાર થોડું કરેક્ટ થઈ ૫૬૫૦ થી ૫૪૬૦ સુધી આવી શકે જેમાં ઘટાડે ખરીદનાર લાભમાં રહે

**બીએસઈ સેન્સેક્સ**

**બંધ : ૧૯૧૩૬.૬૧**

વાચક મિત્રો,

વાંચી જાવ ગયા અંકમાં શું કહેલ તે. અમો દિવાળી અંકથી જણાવતા આવેલ કે આ હાર્વેસ્ટીંગ ટાઈમ છે અને જેમણે

**માર્વેલસ રિસર્ચ**
**લલીતભાઈ શાહ**
**મો. ૯૮૨૫૦૫૬૩૯૬**

દિવાળીના બાદના ૨૦૬૭ના પ્રથમ સપ્તાહમાં રોકડી કરી એના માટે આ ફાર્મીંગ ટાઈમ છે. બાકી લોકો માટે આ માવઠું સાબિત થયેલું છે. હાર્વેસ્ટીંગ એટલે લણવાનો અને ફાર્મીંગ એટલે વાવણી કરવાનો. આજકાલ વાણીયાને બદલે ખેડૂતના દિકરાઓ શેરબજારમાં ખૂબ જ મોટાપાયે કામ કરતા થઈ ગયા છે. માટે ખેડૂતની ભાષામાં સમજાવવાનો પ્રયત્ન કરેલ. આ સપ્તાહના પેનીક બાદ કંઈક લોકો હતાશ થઈ ગયા છે. કંઈક

**રોકડાના અનેક શેરોમાં આ ઘટાડામાં રોકાણ કરનારને માર્ચના આવનારા એપ્રિલના વાર્ષિક રીઝલ્ટ ઉપર ઘી-કેળાં થતાં જોવા મળે.**

૪૭૦૦થી ૫૫૦૦ની શોર્ટ કરેલ નિફ્ટી ૬૨૦૦થી ૬૩૦૦માં લોંગ કરી હોવાના સમાચાર મળે છે અને બંને તરફી માર ખાધેલો દેખાય છે. ગઈકાલે નવેમ્બર સીરીઝ પૂરી થઈ આજથી ડીસેમ્બર સીરીઝ શરૂ થઈ છે. આવતા અઠવાડિયામાં નવેમ્બર માસ પૂરો થઈ ડીસેમ્બર માસ શરૂ થશે. બજાર ઓવર સોલ્ડ દેખાય છે. આખો મહિનો મંદી ચાલી છે એટલે છેલ્લા બે દિવસ પૂલબેક મારી બજાર તેની ૨૦૧૦ના છેલ્લા ક્વાર્ટરની ટેકનીકલ જરૂરત પૂરી કરી સ્વીંગ મારી શકે તેમ છે. ડીસેમ્બર માસમાં ૧૮૫૦૦, ૧૮૬૦૦ વચ્ચે સપોર્ટ લઈ ૨૦૧૦૦ ઉપર નીકળે તો ૨૧૨૦૭નો ઓલ ટાઈમ હાઈ ક્રોસ થતો જોવા મળે. હાલમાં બજારમાં અનેક નાના મોટા નેગેટીવ કારણો આવે છે અને પેલી કહેવત વા-વાયો ને નળીયું ખસ્યુની જેમ બજારને અસર કરે છે. ચાર્ટ જોતાં બજાર ૧૮૫૦૦/૫૬૫૦-૫૪૬૦ વચ્ચે સેટલ થઈ ૪-૬ વીક બાદ ફરી એક વખત ૨૧૨૧૦/૬૩૬૦ ક્રોસ કરવાનો પ્રયત્ન કરશે એવું અમારું માનવું છે. હવે બજારમાં તેજી માટે ડીસેમ્બર ક્વાર્ટરના સારા રીઝલ્ટ અને બજેટ ફીવર જ બજારને વધવામાં મદદ કરશે. બાકી ૪-૬ સપ્તાહ માટે બજાર ૧૮૫૦૦થી ૧૯૧૦૦ વચ્ચે એક્યુમીલીયેટ થવું બેસે છે. આવતો સાપ્તાહિક બંધ ૧૯૭૧૫ ઉપર આવે તો

**લોકોના મોઢેથી ઊભા પાકનો કોળીયો ઝુંટવાઇ ગયો. પણ શિયાળુ પાક સારો થવાની આશા દિવાળી નહીં તો હોળીએ પોંક ખાવા મળશે.**

બજાર ઝડપી ટર્ન લે. બાકી મંગળવારે નવેમ્બર માસનો છેલ્લે દિવસ છે અને બુધવારે ડીસેમ્બર ચાલુ થાય છે જેથી આવતા સપ્તાહમાં સેન્સેક્સ ઉપર વધુ પ્રકાશ પાડી શકાય. ૧૮૮૨૫ આજુબાજુથી આવતા સપ્તાહમાં તેજી થઈ શકે છે.

હવે નિફ્ટી જોઈ લઈએ.

**નિફ્ટી**

**બંધ : ૫૭૫૧.૯૫**

આવતી કાલથી ટીવીના એનાલીસ્ટો ગળુ ફાડી ફાડી નિફ્ટીનું લેવલ ૫૪૬૦ બોલતા જોવા મળે પણ અમારા મતે ૫૬૬૦ આજુબાજુ ટેકો લે અને જો આવતા સપ્તાહને અને ૫૯૨૫ ઉપર બંધ રહે તો બજારનો કલર બદલાઈ જાય. બાકી ૫૬૬૦ ઉપર ૩ દિવસ બંધ રહે તો પણ બજાર ઘટતું અટકે. જે ડેઈલી ચાર્ટ ઉપર દેખાય છે. બજાર ઓવર સોલ્ડ છે. બાઉન્સ તો આવે જ એવું અમને લાગે છે.

બાકી અત્રે એક ટેબલ આપેલ છે. જેમાં આપેલ સ્ક્રીપ્ટો ઉછાળે ભલામણ કરેલ ભાવે વેચનારને ફાયદો થાય છતાં સ્ટોપલોસના બે લેવલો આપેલ છે. જે ધ્યાનમાં રાખવા તેમજ પહેલાં ટાર્ગેટ અડધો નફો બુક કરવો.

**હવે પછીના આવનારા ઘટાડામાં ગોવિંદ રબ્બર, મેકલીયોડ રસેલ, ડંકન ઇન્ડસ્ટ્રીઝ, એલએમએલ, કાઈનેટીક મોટર, કાઈનેટીક એન્જિ., પ્રિમિયર લી. જેવા ટર્નએરાઉન્ડ શેરોમાં ધૂમ નફો થઈ શકે છે.**

બાકી આ પેનીકમાં અનેક કેશના શેરોમાં જેમને જગ્યા હોય તેમના માટે ખૂબ જ સારો ઈન્વેસ્ટમેન્ટનો ચાન્સ છે.

**MARVELLOUS SMS CLUB MEMBERSHIP**

| PERIOD | EQUITY FEES (In Rs.) | F&O FEES (In Rs.) | COMBO FEES (In Rs.) |
|---|---|---|---|
| 1 Month | 10000 | 30000 | 35000 |
| 6 Month | 50000 | 150000 | 175000 |
| 12 Month | 90000 | 270000 | 315000 |

**Contact : Mr. LALIT SHAH**
**Mobile : 098250 56396**
**Marvellous Global, Inc.**

**રૂબરૂ મુલાકાત માટે ફોન કરીને આવવું.**

## સેલ...સેલ...સેલ... : શેરબજારમાં લાગેલા સેલના પાટીયા

**નાના ઈન્વેસ્ટરો માટે ઘટાડે ખરીદવાના ગોલ્ડન અવસર : શું ખરીદવું અને ક્યારે ખરીદવું તે જાણવા માટે તમારા ઈન્વેસ્ટમેન્ટ કન્સલટન્ટનો સંપર્ક કરો.**

| SELL- SELL- SELL<br>SCRIPT NAME | RECOMONDATION<br>SELL @ | STOP LOSS<br>SL -1 | STOP LOSS<br>SL-2 | TARGET |
|---|---|---|---|---|
| Adani Enterprises Ltd | 584.6 TO 591 | 592 | 623.3 | 565-550 |
| Aegis Logistics Ltd | 321.35 TO 322 | 323.48 | 353.7 | 301-265 |
| Ajanta Pharma Ltd | 207.7 TO 208 | 209 | 220.29 | 194-188 |
| Alkyl Amines Chemicals Ltd | 82 TO 85 | 86.36 | 90.23 | 77-76 |
| Bajaj Electricals Ltd | 240.35 TO 245 | 245.96 | 259.48 | 221 |
| Bombay Burmah Trading Corporation L | 413.4 TO 434 | 435.07 | 462.93 | 407-408 |
| Bharat Gears Ltd | 62.6 TO 63.45 | 63.61 | 66.87 | 56-50 |
| Bhartiya International Ltd | 76.85 TO 81.50 | 81.71 | 85.32 | 72-65 |
| Birla Corporation Ltd | 376.25 TO 381 | 381.04 | 381.09 | 360-317 |
| Cairn India Ltd | 294 TO 311 | 311.55 | 320.09 | 285-275 |
| CCL Products (India) Ltd | 234.7 TO 238 | 238.62 | 241.63 | 223 |
| Cox & Kings (India) Ltd | 504.9 TO 515 | 515.62 | 528.37 | 490-460 |
| L T Foods Ltd | 62.3 TO 62.8 | 62.8 | 62.96 | 57 |
| D B Corp Ltd | 250.55 TO 253.45 | 253.59 | 255.88 | 240-230 |
| Elder Pharmaceuticals Ltd | 374.8 TO 375.45 | 375.79 | 379.84 | 365-353 |
| Essel Propack Ltd | 45.85 TO 46.85 | 46.85 | 47.3 | 44-40 |
| Future Capital Holdings Ltd | 206.75 TO 215.45 | 215.68 | 226.84 | 195-187 |
| Foseco India Ltd | 428.7 TO 435 | 435.42 | 455.63 | 418 |
| Ganesh Housing Corporation Ltd | 186.65 TO 191.45 | 191.85 | 201.1 | 175-155 |
| Garware-Wall Ropes Ltd | 70.75 TO 74 | 74.03 | 78.05 | 68-56 |
| GSS America Infotech Ltd | 319.75 TO 327 | 327.52 | 332 | 300-291 |
| Hind Rectifiers Ltd | 62.05 TO 63.45 | 63.63 | 63.94 | 60 -.57 |
| IFCI Ltd | 56.6 TO 58.45 | 58.65 | 61.15 | 45 |
| Jai Balaji Industries Ltd | 230.6 TO 238 | 238.47 | 238.81 | 205-185 |
| Jocil Ltd | 324.25 TO 325.45 | 325.56 | 347.14 | 305-275 |
| KEI Industries Ltd | 32.2 TO 33.70 | 33.89 | 33.9 | 29-26 |
| Kopran Ltd | 35.2 TO 35.70 | 35.8 | 37.77 | 33-28 |
| Karnataka Bank Ltd | 158.65 TO 159.45 | 159.61 | 171.32 | 154-140 |
| Lanco Infratech Ltd | 61.2 TO 62.70 | 62.85 | 66.06 | 51 |
| Maharashtra Seamless Ltd | 384.95 TO 388 | 388.75 | 396.61 | 371-335 |
| Man Aluminium Ltd | 55.75 TO 58.45 | 58.53 | 61.49 | 53-48 |
| United Spirits Ltd | 1318.7 TO 1380 | 1382.89 | 1397.31 | 1225-1190 |
| Piramal Life Sciences Ltd | 133.3 TO 138 | 138.34 | 150.34 | 113 |
| Ratnamani Metals & Tubes Ltd | 115.2 TO 123 | 123.76 | 129.53 | 108 |
| Shalimar Paints Ltd | 319.5 TO 333 | 333.87 | 351.85 | 310-275 |
| Simplex Projects Ltd | 247.1 TO 266 | 266.63 | 284.15 | 225-210 |
| SMS Pharmaceuticals Ltd | 175.45 TO 177 | 177.54 | 182.62 | 174-161 |
| Sun Pharma Advanced Research Compan | 89.15 TO 92.70 | 92.93 | 93.38 | 86-83 |
| Strides Arcolab Ltd | 383.05 TO 388 | 388.73 | 408.26 | 361-345 |
| Sunteck Realty Ltd | 621.5 TO 628 | 628.33 | 641.77 | 610-585 |
| Tata Chemicals Ltd | 352.05 TO 352.45 | 352.57 | 365.98 | 333-295 |
| TVS Srichakra Ltd | 280.55 TO 291 | 291.66 | 301.16 | 275-264 |
| Valecha Engineering Ltd | 163 TO 173 | 173.36 | 184.54 | 158-127 |
| Wyeth Ltd | 797.35 TO 798.70 | 798.96 | 810.49 | 775 |
| Zodiac-JRD-MKJ Ltd | 26.3 TO 28.45 | 28.88 | 29.43 | 24 |

**બાય એન્ડ સેલ પા.નં.૧ નું ચાલુ**

થી ૮૦ માં તબક્કાવાર ખરીદી શકાય. ટૂંકા થી મધ્યમ ગાળાનો લક્ષાંક રૂ. ૧૦૫ થી ૧૨૦.

**ફંડ દ્વારા ખરીદી**

**નીચે જણાવેલ શેરોમાં ફંડ દ્વારા સારી એવી ખરીદી કરવામાં આવેલ છે કે જેમાં રોકાણકારો ટૂંકા થી મધ્યમ ગાળા માટે તક લઈ શકે.**

**એસ્ટ્રાપોલી- રૂ. ૧૬૦ ની આસપાસ ખરીદાતા જોવાયા છે.**

**એચએસઆઈએલ : રૂ. ૧૨૬ ના ભાવે ખરીદાતા જોવાયા છે.**

**જયોતિસ્ટ્રક્ચર: રૂ. ૧૨૦ની સપાટીએ ખરીદાતા જોવાયા છે.**

**સેકટર સ્કેન**

**બેંકીંગ** રોકાણકારો સેવીંગ કરતાં કરન્ટમાં વધુ ધ્યાન આપે છે. સીબીઆઈ દ્વારા ઘણા નામો હાઈલાઈટ કરવામાં આવેલ છે. ધ્યાન રાખો - શકય હશે તો ઘણાં નામો બહાર આવશે, જેથી રોકાણ માટે રાહ જુઓ, બેંકીંગ શેરને બચત તરીકે ખરીદો, આ પછી કરન્ટ સપાટીએ પોઝીશન લો.

**કન્સ્ટ્રકશન અને રીઆલીટી**

કોઈ ગ્રાઉન્ડ દેખાતું નથી. આ શેરને હાલ ટાળો. આ ઉદ્યોગના ઘણા લોકો લાંચરૂશ્વતના કૌભાંડમાં સંકળાયેલ છે. સીબીઆઈ તેમાંના ઘણાને પકડી શકે. આર્થિક દ્રષ્ટિએ પણ આ સેકટર હાલ નાણાકીય નબળાઈભરી પરિસ્થિતિનો સામનો કરી રહેલ છે. હવે બેંક અને બીજા લોન આપનાર લોન આપવાના કડક નિયમો માટે ધ્યાન કેન્દ્રિત કરી રહેલ છે. જે ભવિષ્યના પ્રોજેકટને તેમ જ હાલના ચાલુ પ્રોજેકટને ખૂબ જ અસરકર્તા બનશે.

**એન બી એફ સી - બ્રોકીંગ ફાર્મા સાથે**

બેંક નહીં, ફાઈનાન્સ નહીં, ક્રેડીટ નહીં... હાઉસીંગ ફાઈનાન્સ અને માઈક્રો ફાઈનાન્સના પ્રશ્નોને કારણે આ સેકટર ખૂબ ટીપાઈ જશે. જાણીતી બ્રોકીંગ ફાર્મ પણ આ ઈસ્યુ સાથે સંકળાયેલ છે. સેબી પણ આ પ્રશ્નને હલ કરવા માટે સીબીઆઈ સમક્ષ હાથ જોડી રહી છે. જો આ ઘટાડો ચાલુ રહે તો ઘણી બ્રોકીંગ કંપનીઓનો નફો પણ ઓછો થશે તેથી આ સમય તેમના માટે ખૂબ ખરાબ સાબિત થઈ શકે. તે તેમની આવકને સીધેસીધી અસરકૃત બની શકે.

**ફાર્મા**

સંપૂર્ણ ચકાસો - એવું જાણવા મળેલ છે કે સરકાર દવાઓના લાયસન્સ અને ફોર્મ્યુલાને મંજુરી આપવા માટેના નિયમો કસી રહેલ છે. તેથી આ સેકટરમાં પણ સાવચેતી રાખો. તંદુરસ્ત પોર્ટફોલિયો માટે કેટલાક શેરોને નિવૃત્ત કરી લો અને બીજા સારા ઝડપી લો.

**એવરગ્રીન - સદાબહાર શેર**

હોંશિયાર રોકાણકારો આ ઘટાડાનો ઉપયોગ આવા સદાબહાર શેર લેવા માટે કરી શકે. જેમાં એન્જીનીયરીંગ, આઈ.ટી. ફર્ટિલાઈઝર, ઓઈલ અને ગેસ અને ટેક્ષટાઈલ્સનો સમાવેશ થાય છે.

## ફ્યુચર ટ્રેન્ડ માટે ચૂનંદા તારલા

પ્રિય વાચકમિત્રો,

ગયા અંકમાં માર્કેટ શોર્ટ ટર્મ ડાઉન ટ્રેન્ડ હતું અને પછીના આ અઠવાડીયામાં સતત કડાકો બોલાવતા રહીને ૧૯૪૦૦ સુધીનું સેન્સેક્સ પહોંચી ગયું છે. તેમાં ગયા અંકની જેમ કરેલી ભલામણ વિશે

**ટેકનીકલ એનાલીસીસ ફોર ફ્યુચર ટ્રેન્ડ**



**ડો. ચંદ્ર વનવારી**
**મો. ૯૮૨૫૯૦૦૮૪૯**
www.vccfuturetrading.com

વધારે વિશ્લેષણ કરીશું.

**હિન્દુસ્તાન લિવર :** ગયા અંકમાં મેં રૂા. ૩૦૦નો ભાવ ચાલતો હતો ત્યારે ભલામણ કરેલી. ૨૯૨ નો સ્ટોપલોસ કહેલો. સ્ટોપલોસ હજુ તુટ્યો નથી. ઈન્ટ્રાડે સ્ટોપલોસ નહીં મુકવાનું. મારી તો સલાહ છે જેણે મારી ભલામણ પ્રમાણે નથી લીધો અને જો લીધાં છે તો વધારાના સ્ટોક લઈને પોઝીશન જાળવી રાખો. સ્ટોપલોસ ૨૯૦નો ક્લોઝીંગ સમયનો રાખવો.

**ડાબર ઈન્ડિયા (હોલ્ડ એન્ડ એડ) :** શુક્રવારના રોજ ૯૦ જઈને હેમર પેટર્ન બનાવી છે તે સૂચક છે. આ ભાવ ઉપર તેનો સારો સપોર્ટ છે. એમએફઆઈ પણ પોઝીટીવ છે તેથી લેવાનું કે વધારાનો બીજા લેવાની સલાહ છે. જો ભાવ સુધરે તો જ ૧૦૧ કૂદાવતા તેજીની રેલી નક્કી છે. તેથી થોડા થોડા સ્ટોક લઈને સ્કેનિંગ કરીને ૧૦૧ કૂદાવો ત્યાં સુધી લેણકરતા રહેવું. અને ૯૦ થી નીચે પડે તો બધા જ ડાબરના સ્ટોકની વેચી નાખવા.

**ઈન્ફોસીસ :** ગયા અઠવાડીયાનો ભાવ અને આજનો ભાવ સ્થિર છે અને સ્ટોપલોસ હીટ થયો નથી. તેથી લેણ જાળવી રાખવું ૩૨૦૦ કુદાવતાં જે તેમાં જાન પડશે. તેથી તમેં થોડા સ્ટોક કે ફ્યુચર લઈને કામ કરી શકો છો.

**નાટકો ફાર્મા :** ૨૪૪ કુદાવે એના પછી જ ખરીદીનો વિચાર કરવો. ત્યાં સુધી સ્ટોક વેચવાની ભલામણ છે. આમાં ગયા શુક્રવારના ભાવ કરતા નીચો ભાવ છે. જોકે એકાદ બે દિવસ સારા ભાવે નિકળવાની તક મળી રહેશે.

**એજ્યુકોમ સોફ્ટવેર :** ગયા અંકમાં કરેલી ભલામણથી સ્ટોપલોસ હીટ થઈ ગયું છે. તેથી આમાં નુકસાન બુક કરીને નીચેના ભાવે ફરી તક આપી છે.તેથી હવે ફરીથી તેજી કરીને ૫૨૪નો સ્ટોપલોસ મુકીને વ્યાપાર કરવો. આ અંકમાં બીજું નવું કંઈ ભલામણ કરતો નથી પણ આવતા અંકમાં થોડા બીજા સ્ટોકની ચર્ચા કરીશું વધુ આવતા અંકમાં.

**માર્કેટ ટ્રેન્ડ પા.નં.૧ નું ચાલુ**

લક્ષાંક માટે બાઉન્સ થઈશું.

મહત્વના ધ્યાન આપવા જેવા શેરોમાં આર આઈ એલ, કે જેનો સપોર્ટ ૯૬૫ અને ૯૫૦ છે, જો આ સપાટી તૂટે તો આ શેર ૮૭૮-૮૪૦ની સપાટી દર્શાવી શકે, પરંતુ હાલમાં બાઉન્સની તૈયારી છે કે જે આ શેરને લોંગ સાઈડે ૯૮૫-૧૦૧૫ની સપાટીએ લઈ જઈ શકે. એલ એન્ડ ટી ૧૯૦૦-૧૯૧૫થી ખૂબ નજીક છે. સ્ટોપલોસ ૧૮૮૮ તથા લક્ષાંક ૨૦૦૦ થી ૨૦૩૦ છે. એચ ડી એફ સી સિક્યુરીટીજ રૂ. ૬૭૩-૬૬૫માં ખરીદી શકાય, સ્ટોપલોસ રૂ. ૬૬૦ તથા લક્ષાંક રૂ. ૭૦૫ થી ૭૧૫ રાખી શકાય. દીવસ લેબોરેટરી પણ રૂ. ૬૦૦ થી ૬૦૫ની આસપાસ ખરીદી શકાય, સ્ટોપલોસ રૂ. ૫૮૮ અને લક્ષાંક રૂ. ૬૪૦ થી ૬૫૦ રહે. એસીસી રૂ. ૯૭૫-૯૬૫ થી ખરીદી શકાય. રૂ. ૮૫૦ સ્ટોપલોસ અને લક્ષાંક રૂ. ૧૦૩૦-૧૦૫૦ રહે. ડી એલ એફ ૨૮૫ થી ૨૭૫ ના ભાવે ખરીદો, સ્ટોપલોસ રૂ. ૨૬૦, લક્ષાંક રૂ. ૩૦૫ થી ૩૧૫.

આ બધા જ કોલ આગામી સપ્તાહ માટે છે અને તે બાઉન્સ થઈ શકે. ઘટાડે સ્ટોપલોસ રાખીને આ શેર ખરીદી શકાય, આ માટે સમાચારો પર ધ્યાન રાખો, જો કૌભાંડ હજુ વધુ મોટાં અને વિશાળ હોય તો આપણે નિફ્ટીમાં ૫૪૦૩ ની સપાટી જોઈ શકીશું, નહીંતો આવનાર સપ્તાહે બાઉન્સબેક જોવા મળશે.

**નવા ઈસ્યુ શીપીંગ... પા.નં.૭ નું ચાલુ**

ભાવ ધરાવે છે. આ શેરનો છેલ્લા ૫૨ સપ્તાહનો નીચામાં નીચો ભાવ રૂ. ૧૩૮.૫૦ અને ઉંચામાં ઉંચો ભાવ રૂ. ૨૦૨.૭૦ જોવા મળેલ છે. આ શેરનું પ્રાઈઝબેન્ડ રૂ. ૧૩૫ થી ૧૪૦ રાખવામાં આવેલ છે. જે તેના સેકંડરી માર્કેટના બંધ ભાવથી બિલકૂલ નજીક છે. જો હજુ બજારમાં ઘટાડો આવે તો આ ભાવ આ પ્રાઈઝબેન્ડના ભાવ જેટલા નીચા આવી પણ શકે. દા. ત. એન એમ ડી સીના શેર રૂ. ૩૦૦ માં ઈસ્યુ કરવામાં આવેલ હતા, હાલ તેનો ભાવ એન એસ ઈ પર ૨૩૮.૩૦ છે. આ જ રીતે આ કંપનીના શેરનો ભાવ પણ ઈસ્યુ પ્રાઈઝ કરતાં નીચે આવી શકે.

જોખમ ખેડનાર રોકાણકારો લીસ્ટીંગ ગેઈનની અપેક્ષાએ આ શેરમાં રોકાણ કરી શકે. શકય છે કે હાલમાં બજારમાં આવેલ કરેકશન થોડો વધુ સમય ચાલે તો આ શેર ઈસ્યુ પ્રાઈઝ કરતાં પણ નીચે મળી શકે. લાંબા ગાળા માટે રોકાણ કરી શકાય.

# આ સપ્તાહે શીપીંગ કોર્પોરેશન ઈન્ડિયા લી. અને વન ૯૭ કોમ્યુનિકેશન લિ. મેદાનમાં

**નવા ઈસ્યુ**

**નરેન્દ્ર જોષી**

**એફપીઓ આઈપીઓ**

મિત્રો, શીપીંગ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લી. તેમ જ વન ૯૭ કોમ્યુનીકેશન લી. તેમના આઈપીઓ લઈને આવી રહેલ છે. શીપીંગ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા ભારત સરકારની કંપની હોઈ રોકાણમાટે સારી કંપની છે, પરંતુ આ કંપની દ્વારા જે પ્રાઈઝબેન્ડ નક્કી કરવામાં આવેલ છે તે સેકન્ડરી બજાર કરતાં થોડું જ ઓછું છે, બજાર હાલમાં કરેકશન હેઠળ છે, જો નિફટીની ૫૩૫૦ની સપાટી તૂટશે તો બજાર વધુ તળિયે પહોંચશે, આ શેરના ભાવ જો થોડા પણ ઘટે તો હાલના બજાર ભાવે આવી જાય, બે લાખ રુપિયાનું એક માસનું રોકાણ, વ્યાજ ગણી જોજો,અને જોખમ પણ, લીસ્ટીંગ વખતે બજાર વધુ કરેકશન બતાવતું હોય તો નીચે પણ ખુલી શકે, તેથી લીસ્ટીંગના હેતુથી આ કંપનીમાં રોકાણ ન કરાય, લાંબા ગાળા માટે રોકાણ કરવું હોય તો વિચારાય,

બીજી કંપની વન૯૭ તો ખોટા સમયે જ બજારમાં આવી છે, હિસાબોમાં નફાનો ઉછાળો શંકા પ્રેરે છે, કોઈ કૃત્રિમ કારણોથી લીસ્ટીંગ વખતે ભાવ ઉચકાય તો ના નહીં, પરંતુ તટસ્થ રીતે વિચારીએ તો હાલમાં ગણતરીના સર્વિસ પ્રોવાઈડર પર નભતી આ કંપની, હરિફાઈ યુક્ત માર્કેટમાં અને ૨ જી સ્પેક્ટ્રમને કારણે આ ક્ષેત્રમાં પણ કટોકટી ઉભી થયેલ હોઈ આ કંપનીમાં કોઈ પણ વ્યૂથી રોકાણ ન કરાય. લીસ્ટીંગ વખતે કૃત્રિમ રીતે ભાવ ઉછળવાની શકયતા છે પણ તે કારણે જોખમ લેવું કેટલું યોગ્ય તે રોકાણકારે વિચારવાનું છે.

બાકી, હાલમાં બજારમાં કરેકશન હોઈ ધીરે ધીરે આઈપીઓ લાવનારી કંપનીઓમાં ઓટ દેખાશે તે દેખીતી બાબત છે.

## શીપીંગ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લી.

### જોખમ ખેડનાર રોકાણકારો લીસ્ટીંગ ગેઈનની અપેક્ષાએ આ શેરમાં રોકાણ કરી શકે, લાંબા ગાળા માટે રોકાણ કરી શકાય

**શીપીંગ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લી.**

૧૯૫૦માં સ્થપાયેલી શીપીંગ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લી. (એસ સી આઈ) એ ભારતની સૌથી મોટી શીપીંગ કંપની છે જે બજારમાં ૩૫ ટકા જેટલો હિસ્સો ધરાવે છે. આ કંપની 'નવરત્ન' સ્ટેટસ ધરાવતી કંપની છે. આ કંપનીને પોતાની માલિકીની ૫.૧૧ મિલિયન ડેડ વેઈટ નેજની (ડી ડબલ્યુ ટી) ની ૭૪ વેસલ્સ છે અને બીજી ૨૯ વેસલ્સ માટે આ કંપનીએ ઓર્ડર આપેલ છે જે આવનાર ત્રણ વર્ષમાં કાર્યરત થઈ થશે.

આ કંપનીનાં કાફલામાં ડ્રાય બલ્ક કેરિયર, ખૂબ જ મોટા ક્રુડ કેરીયર (વેરી લાર્જ ક્રુડ કેરીયર એટલે કે વી સી સી) ટેન્કર, ક્રુડ ઓઈલ ટેન્કર્સ, પ્રોડક્ટ ટેન્કર્સ, કન્ટેઈનર વેસલ્સ, પેસેન્જર કમ કાર્ગો વેસલ્સ, ફોસ્ફોરિક એસીડ અને કેમિકલ કેરિયર, એલ પી જી અને એમોનિયા કેરિયર્સ અનેઓફ શોર સપ્લાય વેસલ્સનો સમાવેશ થાય છે.

**આઈપીઓનો હેતુ**

- શેરહોલ્ડર દ્વારા ૪૨,૩૪૫,૩૬૫ ઈકવીટી શેરનું ડીસઈન્વેસ્ટમેન્ટ
- ઈસ્યુ દ્વારા મળેલ અમૂક રકમનો હિસ્સો કેટલિક વેસલ સંપાદિત કરવા માટે
- અન્ય કોર્પોરેટ હેતુ માટે

આ કંપનીના ગ્રાહકોમાં સરકારી એજન્સીઓ, મોટાં ઔદ્યોગિક ગૃહો, આંતરરાષ્ટ્રીય ઓઈલ કંપનીઓ અને જાહેર ક્ષેત્રની કંપનીઓનો સમાવેશ થાય છે.

**કંપનીની મજબુતાઈ**

- સારું બ્રાન્ડનેમ ધરાવે છે.
- વિવિધતા પૂર્ણ નૌકાઓનો કાફલો ધરાવે છે.
- દેશના વિકાસ સાથે તાલ મિલાવવા માટે હજુ પણ જરૂરી નૌકાઓ વસાવવાની ક્ષમતા
- વ્યૂહાત્મક સંયુક્ત સાહસો કંપનીને વધુ બળ આપે છે.
- ભારતની સૌથી મોટી ફલેગશીપ કંપની તરીકેનું માન ધરાવે છે.

**નાના રોકાણકારો અને કંપનીના કર્મચારીઓ માટે ૫ ટકા ડીસ્કાઉન્ટ**

**જોખમી પાસુ**

- આ કંપનીની આવકો અને નફાની અગાઉના વર્ષની ૩૧ ડીસેમ્બર ૨૦૦૯ના રોજ પૂર્ણ થતા વર્ષ સાથે તુલના કરતાં ના. વ. ૨૦૧૦માં અનુક્રમે ૧૪.૩ ટકા અને ૫૯ ટકા ઘટેલ છે. વૈશ્વિક અર્થતંત્ર દબાણ હેઠળ હોઈ શીપીંગ બજારમાં પણ મંદી જોવા મળે છે અને તે કારણે શીપીંગ કંપનીઓની સેવાઓની માંગ તેમ જ તેમના દ્વારા લેવામાં આવતા ચાર્જમાં આંતરરાષ્ટ્રીય ધોરણે અર્થપૂર્ણ ઘટાડો થઈ રહેલ છે. જો અર્થતંત્રમાં હજુ પણ દબાણ વધે અથવા તો નિમ્નગતિ સર્જાય તો તેની સીધી અસર શીપીંગ કંપનીઓ ઉપર પડી શકે.

આ કંપનીના બલ્ક કેરિયર અને ટેન્કરની માંગ ઉર્જા ઉત્પાદનો ઉપર આધારિત છે. જો આ ઉત્પાદનોની માંગ ઘટે તો આ કંપનીની કાર્યરીતી પર નકારાત્મક અસરો ઉપજાવી શકે.

ભારે હરિફાઈયુક્ત બજાર હોવાને કારણે ભાવોની પણ હરિફાઈ હોય છે, વૈશ્વિક સ્તરની આર્થિક હલચલ આ હરિફાઈને કારણે કંપનીની આવકો અને નફામાં મહત્વની ભૂમિકા ભજવી શકે.

**નાણાકીય અને ભલામણ**

આ કંપનીની નાણાકીય વિગતો તરફ નજર કરીએ તો ૨૦૦૯ની સરખામણીમાં ૨૦૧૦માં આવકો, નફો તેમ જ દર દીઠ આવકમાં ખૂબ ઘટાડો થયેલ જોવા મળેલ છે હાલમાં આ કંપનીનો શેર શુક્રવારના એન એસ ઈ પરના બંધ ભાવ મુજબ ૯.૨૬ના પીઈ રેશિયોથી ૧૪૪.૭૫નો

અનુસંધાન પા.નં. ૬ ઉપર




**શીપીંગ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લી.**

**ઈસ્યૂ ખુલવાની તા. ૩૦ મી નવેમ્બર ૨૦૧૦ થી ૩જી ડીસેમ્બર ૨૦૧૦**

| | |
|---|---|
| **ઈસ્યુનો પ્રકાર** | ૧૦૦ ટકા બુક બિલ્ડીંગ ઈસ્યુ |
| **કુલ ઈસ્યુની સાઈઝ** | ૮૪,૬૯૦,૭૩૦ ઈક્વિટી શેર |
| **ઈસ્યુ દ્વારા મળનાર રકમ** | રૂ. ૧,૧૪૩.૩૨ - ૧,૧૮૫.૬૭ કરોડ |
| **શેરની મૂળ કિંમત** | રૂ. ૧૦ |
| **પ્રાસ્તવિક કિંમત** | રૂ. ૧૩૫ થી રૂ. ૧૪૦ |
| **ઓછામાં ઓછી અરજી** | ૫૦ શેર રૂ. ૭૦૦૦ |
| **વધારેમાં વધારે અરજી** | ૧૪૦૦ રૂ. ૧,૯૬,૦૦૦ |
| **ઈસ્યુ પછી ભરપાઈ થયેલ મુડીનો હિસ્સો** | **૧૮.૧૮ ટકા** |
| **પ્રમોટર્સ** | **ભારતના રાષ્ટ્રપતિ, ભારત સરકારની મીનીસ્ટ્રી ઓફ શીપીંગ હેઠળ કાર્યરત** |
| **કંપનીની રજીસ્ટર્ડ ઓફિસ** | શીપીંગ હાઉસ, ૨૪૫, મેડમ કામા રોડ, મુંબઈ ૪૦૦૦૨૧, ફોન નં. +(૯૧ ૨૨) ૨૨૦૨ ૬૬૬૬, ફેક્સ નં. +(૯૧ ૨૨) ૨૨૦૨ ૬૯૦૬, Email: mail@sci.co.in/dipankar.haldar@sci.co.in. Website: http://www.shipindia.com |
| **ઈસ્યુના રજીસ્ટ્રાર** | કાર્વી કોમ્પ્યુટરશેર્સ પ્રા.લી., કાર્વી હાઉસ, ૪૬, એવન્યુ ૪, શેરી નં. ૧, બનઝારા હીલસ, હૈદરાબાદ ૫૦૦ ૦૩૪ આંધ્રપ્રદેશ, ફોન નં. +૯૧-૪૦-૨૩૩૧૨૪૫૪, ફેક્સ નં +૯૧-૪૦-૨૩૩૧૧૯૬૮, Email: sci.fpo@karvy.com, Website: http://karisma.karvy.com |
| **ચેક લખવાની વિગત :** | "Escrow Account - SCI FPO - R" For Retail Bidders |
| **બુકરનીંગ લીડ મેનેજર** | **આઈ સી આઈ સી આઈ સિક્યુરીટીઝ લી. / આઈ ડી એફ સી - એસ એસ કે આઈ પ્રા.લી. / એસ બી આઈ કેપિટલ માર્કેટસ લી.** |
| **લીસ્ટીંગ** | બીએસઈ, એન એસ ઈ |

**શેરની ફાળવણી**

| કયુબીઆઈ | નોન ઇન્સ્ટી | છૂટક | કર્મચારીઓ |
|---|---|---|---|
| ૪૨,૧૩૩,૬૩૮ | ૧૨,૬૪૦,૦૯૧ | ૨૯,૪૯૩,૫૪૭ | ૪૨૩,૪૫૪ |

**શીપીંગ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લી.**

**સેકંડરી બજારમાં શુક્રવારના રોજ એન એસ ઈ શેર બજારમાં આ કંપનીના શેરની વિગત**

| | | |
|---|---|---|
| **અગાઉનો બંધ ભાવ** | : | ૧૪૬.૯૦ |
| **બંધ ભાવ** | : | ૧૪૪.૭૫ |
| **અગાઉના દિન કરતા ફેરફાર** | : | -૨.૧૫ (-૧.૪૬%) |
| **ખુલતો ભાવ** | : | ૧૪૭.૦૫ |
| **ઉંચામાં ઉંચો ભાવ** | : | ૧૪૮.૦૦ |
| **નીચામાં નીચો ભાવ** | : | ૧૪૨.૫૦ |
| **વોલ્યુમ** | : | ૩૪૬૦૦૩ |
| **પર સપ્તાહનો ઉંચો ભાવ** | : | ૨૦૨.૭૦ |
| **પર સપ્તાહનો નીચો ભાવ** | : | ૧૩૮.૫૦ |
| **માર્કેટ કેપ** | : | ૬૧૫૭.૦૨ |
| **બુક વેલ્યુ** | : | ૨૦૨. |
| **પી ઈ રેશિયો** | : | ૯.૨૬ |
| **બુક વેલ્યુ** | : | ૧૪૯.૬૫ |
| **ઈ પી એસ** | : | ૧૫.૭૧ |

**નાણાકીય વિગતો**

| | ૨૦૦૯ | ૨૦૧૦ | રૂપિયા કરોડમા 30.06.૨૦૧૧ |
|---|---|---|---|
| **કુલ આવક** | ૪૫૫૭.૮૦ | ૩૯૦૬.૨૦ | ૯૯૫.૧૦ |
| **ચોખ્ખો નફો** | ૯૫૯.૫૦ | ૩૯૩.૪૦ | ૧૭૮.૭૦ |
| **શેર દીઠ આવક** | ૨૨.૬૬ | ૯.૨૯ | ૧૫.૪૫ વાર્ષિક ગણતરી |

## આ કંપનીમાં અરજી કરવાથી દૂર રહેવું હિતાવહ

## વન ૯૭ કોમ્યુનીકેશન લી.

**વન ૯૭ કોમ્યુનીકેશન લી.**

૨૦૦૦માં સ્થપાયેલી વન૯૭ કોમ્યુનીકેશન્સ લી. ભારત ખાતેના ટેલીકોમ સર્વિસ પ્રોવાઈડર્સ, કન્ઝયુમર્સ અને એન્ટરપ્રાઈસીસને ટેલીકોમ્યુનિકેશન અંગે મૂલ્યવર્ધિત સેવાઓ ઉપલબ્ધ કરાવતી અગ્રણી કંપની છે. તેઓ ઈન્ટરએક્ટિવ વોઈસ રિસ્પોન્સ (આઈ વી આર) સિસ્ટમ, એસ એમ એસ, અન સ્ટ્રક્ચર્ડ સપ્લીમેન્ટરી સર્વિસ ડેટા (યુ એસ એસ ડી) અને વાયરલેસ એપ્લીકેશન પ્રોટોકોલ (ડબલ્યુ એ પી) વગેરે માટે ટેકનોલોજી અને સેવાઓ પુરી પાડે છે. તેમની નેટવર્ક સેવાઓમાં શોર્ટ મેસેજ સર્વિસ સેન્ટર્સનો ઉપયોગ થાય છે જે એસ એમ એસ મેસેજીસની એકયુરેટ ડીલીવરી ઉપલબ્ધ કરાવે છે.

**ક્રીસીલ દ્વારા રેટીંગ**

**ક્રેડીટ રેટીંગ કંપની ક્રીસીલ દ્વારા આ આઈપીઓને ગ્રેડ-૩ ફાળવવામાં આવેલ છે. એટલે કે ક્રેડીટ રેટીંગ કંપનીના ક્રીસીલના મંતવ્ય મુજબ આ આઈપીઓ સરેરાશ ફન્ડામેન્ટલ ધરાવે છે. ક્રીસીલ કંપની ૧ થી ૫ નંબરના ગ્રેડ આપે છે જેમાં નં. ૧ ખૂબ નબળા ફંડામેન્ટલ અને નં. ૫ ખૂબ સારા ફંડામેન્ટલ દર્શાવે છે.**

વન૯૭ કોમ્યુનિકેશન ભારત ખાતે આઠ ટેલીકોમ સર્વિસ પ્રોવાઈડર્સને પોતાની સેવાઓ પુરી પાડે છે.આ ઉપરાંત એક ટેલીકોમ સર્વિસ પ્રોવાઈડરને અફઘાનીસ્તાનમાં એક ટેલીકોમ સર્વિસ પ્રોવાઈડરને નાઈઝીરીયામાં અને એક ટેલીકોમ સર્વિસ પ્રોવાઈડરને બંગલાદેશમાં પણ સેવાઓ પુરી પાડે છે.

**કંપનીની મજબુતાઈ**

- ટેલીકોમ સર્વિસ પ્રોવાઈડર સાથે લાંબા ગાળાના સંબંધો હોય છે જેથી નવી આવનાર કંપનીને ટેકનોલોજીમાં નિપૂણતા પુરવાર કરવી પડે અને સમય પણ લાગે, તે આ કંપનીના ધંધાની સલામતી માટે સારી બાબત છે.
- વિવિધ સ્રોત દ્વારા આવક થાય તેથી એક જ સેવા અથવા તો એક જ ટેલીકોમ ગ્રાહક પર આધાર રાખવો ન પડે.

**જોખમી પાસુ**

આ કંપની માત્ર ત્રણ જ સર્વિસ પ્રોવાઈડરો આધારિત છે, જે પ્રોવાઈડર સાથે જો આ કંપનીના બિઝનેસ માટે કોઈ નકારાત્મક અસર ઉભી થાય તો આ કંપની સારી એવી આવક અને નફાનો હિસ્સો ગુમાવે.

- તેમના એક ઈનડીપેન્ડેન્ટ ડાયરેકટર શ્રી પી એન વિજય પર અગાઉ એક વખત સેબી દ્વારા ઈનસાઈડર ટ્રેડીંગ માટે આરોપ મુકવામાં આવેલ
- આ કંપનીને આર બી આઈ અને ફેમાના નિયમોનો ભંગ કરવા બદલ નોટિસ મળેલ છે.
- આ કંપની જે ક્ષેત્રમાં કાર્યરત છે તે પડકારોથી ભરેલું છે. તે જે બજારમાં કાર્યરત છે તે વિકસતું છતાં તિવ્રહરિફાઈ યુક્ત બજાર છે. તેથી આ કંપની કરતાં પણ સારી સેવાઓ પુરી પાડતી કંપની આ કંપનીને અસરકૃત થઈ શકે. ટેલીકોમ સર્વિસ પ્રોવાઈડર સરકારી નિયમો મુજબ જ કાર્ય કરે છે તેથી સરકારી નિતીમાં ફેરફાર થાય તો તુરત આ કંપનીને અસર થાય.

**નાણાકીય અને ભલામણ**

આ કંપનીની નાણાકીય આવકમાં ૨૦૦૯ના ના. વ.વર્ષની આવક સાથે ૨૦૧૦ના ના. વ.ની આવક સરખાવતાં લગભગ ૫૦ ટકા જેટલો ઉછાળો આવેલ છે જયારે નફામાં તો ૭૫૦ ટકા કરતાં પણ વધુ ઉછાળો આવેલ છે. આ વૃધ્ધિ આશ્ચર્ય પમાડે તેવી છે.

હકીકતમાં તો આ કંપની હાલમાં ખોટા સમયે ઈસ્યુ લઈને આવી છે. જયારે ૨ જી સ્પેક્ટ્રમની હરાજીમાં કરોડો રૂપિયાનો ભ્રષ્ટાચાર કેન્દ્ર સરકારની ખુરશીના પાયા પણ હચમચાવી રહેલ છે કોઈને ખબર નથી કે આ ભ્રષ્ટાચાર ટેલીકોમ બજારને કયાં લઈ જશે. હાલમાં ટેલીકોમ કંપનીઓના શેર નીચે જઈ રહેલ છે, હાલમાં રિલાયન્સ કોમ્યુનિકેશન અને ભારતી એરટેલ પણ ઓલટાઈમ નીચા ભાવે વેચાઈ રહેલ છે તે સમયે આ કંપની મૂડી બજારમાં પ્રવેશેલ છે. જો કે લાંબા ગાળે આ સેકટરનો વિકાસ સારો થશે પણ હાલ આ ક્ષેત્ર કટોકટીમાં છે તેથી આ ક્ષેત્ર સાથે જોડાયેલી કંપનીઓ માટે વાતાવરણ નકારાત્મક છે.

આ કંપનીની આર ઓ એન ડબલ્યુ પણ સરેરાશ નીચે છે.કંપનીના ફન્ડામેન્ટલ પણ સરેરાશ છે, તેની આવકોનો મુખ્ય આધાર માત્ર ત્રણ જ ટેલીકોમ્યુનિકેશન કંપનીઓ છે. હાલમાં પ્રાઈઝબેન્ડ જાહેર થયેલ નથી તેથી તે અંગે ચર્ચા કરી શકાય તેમ નથી તેમ છતાં આ કંપનીની પ્રિ ઈસ્યુ શેરમૂડી રૂ. ૨૨.૮૪ કરોડ છે. આ કંપનીની બીજી પ્રેફરન્સ મૂડી ૪૮ કરોડ છે. આવી મૂડીમાં કંપની જે આવકો દર્શાવી રહેલ છે તે ઉત્સાહજનક નથી. આ ઉદ્યોગમાં હરિફાઈ અને જોખમ પણ વધુ છે. તેથી આ કંપનીના ઈસ્યુથી દૂર રહેવું હિતાવહ જણાય છે.

**વન ૯૭ કોમ્યુનીકેશન લી.**

**ઈસ્યૂ ખુલવાની તા. ૧ ડીસેમ્બર ૨૦૧૦ થી ૬ ડીસેમ્બર ૨૦૧૦**

| | |
|---|---|
| **ઈસ્યુનો પ્રકાર** | ૧૦૦ ટકા બુક બિલ્ડીંગ ઈસ્યુ |
| **કુલ ઈસ્યુની સાઈઝ** | ઈક્વિટી શેર |
| **ઈસ્યુ દ્વારા મળનાર રકમ** | રૂ. ૧૨૦ કરોડ |
| **શેરની મૂળ કિંમત** | રૂ. ૧૦ |
| **પ્રાસ્તવિક કિંમત** | ઉપલબ્ધ નથી |
| **ઓછામાં ઓછી અરજી** | ઉપલબ્ધ નથી |
| **વધારેમાં વધારે અરજી** | ઉપલબ્ધ નથી |
| **ઈસ્યુ પછી ભરપાઈ થયેલ મુડીનો હિસ્સો** | ઉપલબ્ધ નથી |
| **કંપનીની રજીસ્ટર્ડ ઓફિસ** | પ્રથમ માળ, દેવિકા ટાવર્સ, નેહરૂ પ્લેસ, નવી દિલ્હી ૧૧૦ ૦૧૯, ફોન નં. +૯૧ ૧૨૦ ૪૭૭ ૦૭૭૦, ફેક્સ નં. +૯૧ ૧૨૦ ૪૭૭ ૦૭૭૧, Email: complianceofficer@one97.net, Website: one97world.com |
| **ઈસ્યુના રજીસ્ટ્રાર** | લીન્ક ઈનટાઈમ ઈન્ડિયા પ્રા.લી., સી-૧૩, પન્નાલાલ સિલ્ક મિલ્સ કંપાઉન્ડ, એલ બી એસ માર્ગ, ભન્ડુપ વેસ્ટ, મુંબઈ ૪૦૦૦૭૮, ફોન નં. +૯૧-૨૨-૨૫૯૬૩૮૩૮, ફેક્સ નં +૯૧-૨૨-૨૫૯૪૬૯૬૯, Email: One97.ipo@linkintime.co.in, Website: intimespectrum.com |
| **ચેક લખવાની વિગત :** | "Escrow Account - One97 - Public Issue - R" For Retail Bidders |
| **બુકરનીંગ લીડ મેનેજર** | **આઈ ડી એફ સી - એસ એસ કે આઈ પ્રા.લી.** |
| **લીસ્ટીંગ** | બીએસઈ, એન એસ ઈ |

**નાણાકીય વિગતો**

| | ૨૦૦૯ | ૨૦૧૦ | રૂપિયા કરોડમાં 30.06.૨૦૧૧ |
|---|---|---|---|
| **કુલ આવક** | ૮૧.૩૯ | ૧૧૯.૦૫ | ૩૬.૧૨ |
| **ચોખ્ખો નફો** | ૨.૧૩ | ૧૬.૧૭ | ૬.૪૭ |
| **શેર દીઠ આવક** | ૦.૮૯ | ૬.૩૩ | ૯.૮૦ વાર્ષિક ગણતરી |

**આઈપીઓનો હેતુ**

- ઈન્સ્ટોલેશન માટે ટેલીકોમ ઈકવીપમેન્ટ અને સોફ્ટવેર સંપાદિત કરવા
- બીજી સ્થાયી મિલક્તો સંપાદિત કરવા
- અન્ય કોર્પોરેટ હેતુ માટે

**મોટી કંપનીઓને સેવા આપે તેથી કંપની રોકાણલાયક બનતી નથી તે ધ્યાનમાં રાખો.**

# બજાર મેક ઓર ક્રેક નાં તબક્કામાં પ્રવેશી રહ્યું છે

મિત્રો,

જય જલારામ,

બજાર કરેક્શન તરફી છે. બધાયને ખબર છે. કહેવાની જરુર નથી. ફક્ત કયા કારણોથી બજાર કરેક્શન તરફી છે તે જ સમજવાની જરુર છે. પ્રથમ કારણમાં લિક્વિડીટીની કમી. કોલ ઈન્ડિયાના ઈસ્યુ પહેલાં બજારનું સેન્ટીમેન્ટ ટકાવી રાખવા ઘણું બધું લેણ કરવામાં આવ્યું હતું. અગાઉના અમારા લેખ તમે ધ્યાનથી વાંચશો તો આ વાતની ચર્ચા અમે કરી હતી. ઓક્ટોબર માસના અંતે બેંકોએ એક લાખ કરોડથી વધુ રકમ ઉપાડી હતી તે વાત તમને જણાવી હતી. હજી પણ પચાસ હજાર કરોડની તરલતા બજારમાં ઠાલવવાની જરુર છે.

**કલમ કોટકની**



**શરદ કોટક**
**મો. ૯૮૨૫૦૬૮૨૧૧**

Skotak@KI-TRADE.com
WWW.KI-TRADE.COM

બીજું અને મુખ્ય કારણ સરકારી કૌભાંડો એક પછી એક બહાર આવી રહ્યા છે. બજારનું સેન્ટીમેન્ટ આ કારણથી ખરડાયેલું છે. પ્રથમ ટેલિકોમ ક્ષેત્ર અને હવે હાઉસિંગ લોન ક્ષેત્રે ગેર રિતિઓને કૌભાંડ કહેવુંકે કટકી કહેવુવ`તે તમારે નક્કી કરવાનું પરંતુ હાઉસિંગ કૌભાંડ ટેલિકોમ ક્ષેત્રના મસ મોટા કૌભાંડથી પ્રજાનું લક્ષ્ય બીજે દોરવાનો પ્રયાસ છે તે સમજવાની જરુર છે. આઝાદીના પ્રથમ પાંચ દાયકાઓ સુધી દેશનો વિકાસ ઓછો અને નેતાઓનો વિકાસ વધારે થયો છે. સ્વીસ બેંકમાં દેશનું કેટલું કાળું નાણું છે. તેના આંકડા ઓફિશિયલ ધોરણે સ્વીસ સરકારે પ્રથમ વખત જાહેર કર્યા છે. વેલ્યુ અનલોડીંગ, પ્રીમિયમ ક્ષેત્રે સેબીની નિષ્ક્રિયતા, પ્રવર્તમાન કંપનીમાંથી થોડોક હિસ્સો મનઘડત ભાવે બજારોમાં લીફટ કરાવી રાતોરાત અબજપતિ અને ખરબપતિ બની જવાનું કૌભાંડ સૌથી મોટું કૌભાંડ છે. દેશના વિરોધ પક્ષોએ નિષ્પક્ષ સંસ્થાને આ બાબતમાં તપાસ કરાવી નવા આવેલા આઈપીઓની ફેર વેલ્યુ શું છે તે પ્રજા સમક્ષ મૂકવી જોઈએ. અથવા આ બાબતે નિષ્ણાંત સમિતિ નિમવામાં આવે તેવી માંગણી કરવી જોઈએ.

ત્રીજુ કારણ ઘણું દુઃખ દાયક છે, કરુણ છે અને વારંવાર બનતું આવ્યુ છે. શેર બજારમાં સામાન્ય રીતે બે જ પ્રકારના લોકો વિશે તમે વિચાર્યું હશે. એક મંદીવાળા અને બીજી તેજીવાળા પરંતુ બીજો પણ એક પ્રકાર છે. લાલચું લોકોનો જેના ઘણા પેટા પ્રકાર પાડી શકે. ત્રીજા કારણની ચર્ચા વિસ્તૃત રુપે કરવી પડશે. બજારમાં કડાકા બોલે તેના અંતિમ ચરણમાં માર્જીન કોલ મોટો ભાગ ભજવે છે એક ઉદાહરણ જોઈએ.

તમે રિલાયન્સનો ફ્યુચરમાં એક લોટ લીધો. બધું થઈને કુલ કિંમતના ૨૫ ટકા ભર્યા. હવે રિલાયન્સનો શેર નીચે જાય તો માર્જીનમાં ઘટ પડે. તમારે વધારે પૈસા દલાલને આપવા પડે. આ પ્રક્રિયા આગળ વધે તેથી તમારી પાસે પૈસા ન બચે. તમારે ના છૂટકે બીજો કોઈ માલ વેચવો પડે કે લેણ ફુંકવો પડે. આશા અમર છે. તે વાત ક્યારેક સાચી તો ક્યારેક સ્વપ્નવત્ હોય છે. તમે રિલાયન્સના ફ્યુચરમાં લોસબુક કરવાનું ટાળીને સપનાની દુનિયામાં પ્રવેશે છે. ધારો કે તમારી પાસે અમુક શેરની ડીલીવરી છે તે વેચવી પડે છે. હવે રોલ ઓવરનો સમય આવ્યો. 'કોસ્ટ ઓફ કેરી' ઊંચુ હોવા છતાં તમે નવેમ્બરથી ડીસેમ્બર મહિનામાં તમારી પોઝીશનો લઈ જાવ છો. ડીસેમ્બરની શરુઆતમાં જ બજાર નીચી જાય છે હવે તમારી મૂંઝવણ વધે છે. બ્રોકરનો કોલ આવે છે કે પૈસા ભરો નહીં તો તમારો માલ ફૂંકી દેવામાં આવશે.

અત્યારે આપણે આ તબક્કામાં પ્રવેશ કરી ચૂક્યા છીએ. શુક્રવારે તા. ૨૬-૧૧-૨૦૧૦ના નિફ્ટી ૫૭૦૦ તોડી ૫૬૯૦.૩૫નું બોટમ બનાવી ૫૭૫૧.૯૫ના ઘણા મહત્ત્વના લેવલે બંધ આવી છે. ૫૬૮૭ના લેવલ આસપાસ ટૂંકાગાળાનું કરેક્શન પુરુ થાય છે. એ તૂટે તો છેલ્લું તેજીનું મધ્યમ ગાળાનું સપોર્ટ લેવલ ૫૪૫૭ છે. જેની નીચે હાલની તેજી પુરી થઈજાય અને કોઈપણ પેરા મીટર કે માપ દંડથી માપીએ બજાર લાંબાગાળાની મંદીના ઝોનમાં પ્રવેશે.



આપણે આશા રાખીએ કે બજાર ૫૬૮૭ થી પાછું ફરી જાય. નહીં તો ૫૬૮૭ નીચે સીધું કે બજાર ૫૪૫૭નું પ્રથમ અને ૫૨૮૭નું બીજું લેવલ બહુ ઝડપથી આવી શકે.

હવે માર્જીન કોલની ચર્ચામાં આગળ વધીએ. જ્યારે તમને બ્રોકરનો માર્જીન કોલ આવે છે ત્યારે તમે ફ્યુચરની પોઝીશનો બચાવવા માટે ડીલીવરી અને રોકડાની આઈટમ વેચી દો છો. અથવા વેચી દેવી પડે છે. કારણ ? અહીં પણ તમારી લાલચ અને ઊંધી ગણત્રી સમ કરે છે. તમારું ગણિત એવું હોય છે કે રોકડાની ડીલીવરીમાં શેર ૧૦ ટકા વધે અને તમારી પાસે લાખની ડેલીવરી છે તો નફો ફક્ત

## દિવાળી પછીની ઉચ્ચાંકોની સાપ્તાહિક વધઘટ

| ક્રમ | સપ્તાહ | સેન્સેક્સમાં ઘટાડો | નિફ્ટીમાં ઘટાડો |
|---|---|---|---|
| ૧ | ૦૫-૧૧-૧૦ થી ૧૨-૧૧-૧૦ | ૮૪૮.૦૭ | ૨૪૦.૮૦ |
| ૨ | ૧૨-૧૧-૧૦ થી ૧૯-૧૧-૧૦ | ૫૭૧.૪૫ | ૧૮૧.૩૫ |
| ૩ | ૧૯-૧૧-૧૦ થી ૨૬-૧૧-૧૦ | ૪૪૮.૮૩ | ૧૩૮.૩૫ |
| | કુલ ત્રણ સપ્તાહમાં ઘટાડો | ૧૮૬૮.૩૫ | ૫૮૦.૫૦ |

**ત્રણ સપ્તાહમાં બજારની પુરેપુરી દિશા બદલાઈ ગઈ. જે લોકોને કરેક્શનની આશા હતી તે ફળી. પરંતુ ૧૮૬૮ પોઈન્ટ સેન્સેક્સ ઘટ્યા છતાં લોકો હજી વધારે ઘટાડવા માટે આશા રાખશે. વધારે એટલે કેટલો તે ભાગ્યે જ કોઈએ નક્કી કર્યું હશે. બજારમાં ઉછાળે ક્યારે વેચવું અને ઘટાડે ક્યારે લેવું તેની ભાગ્યે જ આપણને સમજ હોય છે....!!!**

૧૦ હજાર થશે. પરંતુ ફ્યુચરમાં લાખ રુપિયાના રોકાણમાં તમે ચાર લાખનો માલ લઈને ઊભા છો. એકાદ વખત માર્જીનનો ઘટાડો થયો હશે અને તમે માર્જીન ભર્યુ જ હશે જેથી તમને ફ્યુચર જાળવી રાખવાના મરણિયા પ્રયાસ કરવાની ઈચ્છા થશે જ. લીધેલ ફ્યુચર ૧૦ ટકા વધે તો તમારો નફો ૪૦ ટકા વધે, મૂડી રોકાણનો. બીજી રીતે તમને ૪૦ હજારનો નફો થાય અથવા નુકસાનીમાં ચાલીસ હજારનો ઘટાડો થાય. <u>**હવે નીચેની લાઈનો વધારે ધ્યાનથી વાંચજો.**</u>

શુક્રવારે સ્મોલકેપના શેરોમાં સૌથી વધારે ઘટાડો થયો. ૪.૪૯ ટકા ઈન્ડેક્ષ ૯૯૬૩માંથી ૫૫૧૬ આવી ગયો. કારણો તપાસતા મોટા પ્રમાણમાં મંદીની સરકીટો લગાડવામાં આવી. તમને મફતના એસએમએસ આવતા હશે જેમાં મોટાભાગે આવા શેરોની ભલામણ હોય છે. ઓપરેટરોને ખબર છે કે બ્રોકરેજ હાઉસો, માર્જીન કોલ આપી રહ્યા છે જેથી કચરા જેવા ઘણા શેર પહેલાંથી જ મંદીની સરકીટમાં હોય છે. તમારે ન છૂટકે મંદીની સરકીટમાં આવા શેર વેચવા પડે છે અને શુક્રવારે એવું જ થયુ છે. આવતા અઠવાડીયે બજાર ન સુધર્યુ તો આ શેરો ફરી મંદિની સરકીટમાં જ રહેશે. તમારે સોનું લેવું હોય તો પણ સારી અને પ્રતિષ્ઠાવાળી દુકાન શોધો છો. હોલ માર્ક કે કેડિયસના દાગીના લો છો કારણ શું છે ? તમને ખબર છે કે જ્યારે જરુર પડશે કે દાગીના ઉથલાવવા હશે ત્યારે કોઈ પણ સારી દુકાને ફેંકશો તો પુરા પૈસા આવશે. કાર અને સ્કૂટર લો છો ત્યારે રિ સેલ વેલ્યુ કોની વધારે આવે તે ધ્યાનમાં રાખો છો. પરંતુ શેર લેતી વખતે લાલચમાં ફસાવ છો. અને પછી ફસાતા જ જાવ છો.

શુક્રવારે મીડ કેપ ઈન્ડેક્ષ પણ ૩.૦૬ ટકા ઘટ્યો છે અને આગલા બંધ ૭૮૫૩ થી ૭૬૧૨ પર આવી ગયો છે. સેન્સેક્સ ફક્ત ૦.૯૪ ટકા જ ઘટ્યો છે. પરંતુ સ્મોલકેપ અને મીડકેપ નોંધપાત્ર માત્રામાં ઘટ્યા છે. અમારો અનુભવ જણાવે છેકે ફ્યુચર પોઝીશનો બચાવવા સ્મોલ અને મીડકેપના લેણ ફૂંકી મારવામાં આવ્યા છે. સામે પક્ષે ઓપરેટરો તમને વધારે ભીડવવા મંદીની સરકીટ લગાવી લેવા ઊભા જ છે. તેમના ભાવે વેચવું હોય તો વેચો. આ પરિસ્થિતિ એવી છે જાણે ઘાયલ સિંહને વરુઓનું ટોળું ઘેરીને બેઠું હોય. કે ક્યારે મોકો મળે અને ક્યારે ફાડી ખાઈએ. આ બધા શેરો વહેતી ગંગામાં હાથ ધોવા પૂરતા જ ઉપયોગમાં લેવા જોઈએ. ગળે બાંધીને ન ફરાય. હોટલમાં એક બે દિવસ રહેવાય બાકી તો ઘરમાં જ તમારું ભલું છે તેમ સારી કંપનીમાં, સારા બીઝનેસ હાઉસના, 'એ' ગ્રુપના શેરમાં વહેલાં મોડા પણ ફસાઈએ તો બહાર નિકળાય. આ શેરમાં તો વહેલાં મોડાં બરબાદી જ હાથ આવે.

ચોથા કારણમાં યુરોપનો એક દેશ. દેવામાં ડૂબી રહ્યો છે. તે તમે જાણો છો. બાકીના નાના નાના કારણો ડીસ્કાઉન્ટ થઈ ગયા છે. એલઆઈસી હાઉસિંગ ફાયનાન્સના પ્રોબ્લેમને લીધે રિયાલીટીના અમુક તથા બેંકોના અમુક શેરોમાં વેચવાલી જોવાઈ રહી છે. શુક્રવારે રિયાલિટી ઈન્ડેક્ષ ફરી ૪.૬૮ ટકા ઘટ્યો. અને કેપીટલ ઈન્ડેક્ષ ૩.૯૦ ટકા ઘટ્યો. બેંકના દિગ્ગજ શેરોમાં ઘટાડો લેવાલી દેખાતી હતી. તથા આઈટીના શેરમાં પણ સલામત રોકાણ માટે લેણ થતું જોવાતું હતું. બંને ઈન્ડેક્ષ નજીવા ઘટ્યા. બેંકેક્સ, ૦.૦૩ ટકા અને આઈટી ઈન્ડેક્ષ ફક્ત ૦.૦૨ ટકા ઘટ્યો હતો.

વધેલાશેરોમાં ઘટાડે સ્ટેટ બેંકમાં લેવાલી જોવાઈ. ટીસીએસ, આઈસીઆઈસીઆઈ બેંક, જેવા શેરોમાં લેવાલી જોવાઈ. ઘટેલા શેરની યાદી ખાસ તપાસો. તથા છેલ્લા સપ્તાહમાં આ શેરો વિશે કઈ ચેનલમાં શું વાત થતી હતી તે ફરીથી યાદ કરો. એક ચેનલમાં મુરલી ઈન્ડ.ની લાંબી ચર્ચા થતી હતી. શુક્રવારે આ જ શેર ૧૯.૬૦ ટકા ઘટીને બંધ હતો. ૨૦ ટકા આસપાસ ઘટેલા શેરમાં ઐશ્વર્યા ટેલી, ભીમા સીમેન્ટ, રેન્કલન્ટ, શ્રી અષ્ટવિનાયક, રાજસ્થાન ટ્યૂબ, વિગેરે શેર હતા. જેની બોલબાલા અને ટોક ઓફ ધી ટાઉન રહ્યા છે.

એડીજી ગ્રુપના શેરો ઘણા ટ્રેડરોના માનીતા શેર થઈ પડ્યા છે. આ ગ્રુપના શેરોમાં મુવમેન્ટ પણ હોય છે.પરંતુ અમે આ શેરથી દૂર રહીએ છે. અમારા ક્લાયન્ટને પણ દૂર રહેવાનું કહીએ છીએ. રિલાયન્સ પાવર, આરએનઆરએલ વિગેરેમાં જે લોકો દાઝ્યા છે તેમને ખબર છે. તમારી વસ્તુ જ્યાં ખોવાઈ હોય ત્યાં શોધવી એ સારી વાત છે. પરંતુ સમુદ્રમાં ખોવાઈ હોય તો શોધવાનો નિરર્થક પ્રયાસ ન કરવો જોઈએ. આખું જીવન નિકળી જાય તો પણ પાછી ન મળે. રિલાયન્સ પાવરમાં દાઝયા તો બેસી રહેવાને બદલે બીજે મન વાળો. એને ભૂલી જાવ. રિલાયન્સ કોમ્યુનિકેશન અને રિલાયન્સ ઈન્ફ્રા. બંને ઈન્ડેકેસ વાઈઝ સૌથી વધુ ઘટેલા શેરોની યાદીમાં શુક્રવારે બીજા અને ત્રીજા ક્રમાંકે હતા. સાપ્તાહિક પરિણામો ખરાબ હતા અને પરિણામે ખરાબ હોવાના કારણે કોઈએ તપાસ્યા નથી. આ શેર ફરી પાછો જૂના લેવલે આવી જશે. એક્સિસ બેંક, આઈસીઆઈસીઆઈ બેંક, થોડા વખત ફરીથી ચમકવા માંડશે. બજાર જ્યારે ૫૨ સપ્તાહની ટોચે હોય ત્યારે નાના કારણો થકી પણ મોટું પ્રોફીટ બુકિંગ થતું હોય છે. તમારે પણ પ્રોફીટ બુકિંગ કરવું જોઈએ. પણ ઘટાડે ધીમે ધીમે સારા શેર લેવાની વાત યાદ રાખવી જોઈએ. અથવા ઘટાડે પુરો થયો તેવું લાગે ત્યારે ફરી સારા અને નિવડેલા શેર તરફ પાછું ફરવું જોઈએ. નવા શેર પણ લો. પ્રયોગો પણ કરો. પરંતુ નાના પાયે કરો. મોટું રોકાણ સારા શેર પુરતું મર્યાદીત રાખો. ૧૦ ટકાના પ્રયોગો કરો.

બજારની વાત કરીએ તો દિવાળી પછી સેન્સેક્સમાં ૧૮૬૯ પોઈન્ટના ઘટાડો થઈ ગયો છે જ્યારે નિફ્ટીમાં ૫૬૦ પોઈન્ટનો ઘટાડો નોંધાઈ ચૂક્યો છે. સાપ્તાહિક ધોરણે સેન્સેક્સમાં ૪૪૮ તથા નિફ્ટીમાં ૧૩૮ પોઈન્ટનો ઘટાડો નોંધાયો છે. આ ઘટાડો અમુક ક્ષેત્રના શેરોમાં મુખ્યત્વે વધારે તિવ્ર છે તે જોતાં બહુ ન કહેવાય પરંતુ સમગ્ર સપ્તાહ લગભગ નબળું રહ્યું તે નોંધનીય છે. પ્રથમ આપણે દિવાળી બાદ સેન્સેકસ તથા નિફ્ટીમાં સાપ્તાહિક મુવમેન્ટ કેવી રહી તે જોઈએ. ત્યાર બાદ હવે પછીના દિવસોમાં કઈ રીતે ટ્રેડીંગ કરવું તેની થોડી વાતો કરીશું.

## આ સપ્તાહની નિફ્ટીના લેવલ

**NIFTY CLOSE : 5751.95**

**નિફ્ટી ૫૦ દિવસના મુવિંગ એવરેજની નીચે ટ્રેડ થઈ રહી છે. નિફ્ટીએ દિવાળીને દિવસે બનાવેલા ૬૩૩૮.૫૦ના ટોપથી ગણત્રી કરીએ તો ટૂંકાગાળાનો સપોર્ટ ૫૬૮૭ આસપાસનો આવે છે. જે ફિબોનાસી પ્રાઈસ પ્રોજેક્શન પ્રમાણે ટોપથી ૧૬૧.૮ ટકા નો ઘટાડો દર્શાવે છે. અહીંથી નિફ્ટી પાછી ન ફરી જાય તો ૨૦૦ દિવસની મુવિંગ એવરેજ ૫૪૫૭ છેલ્લો ટેકો ગણવો જોઈએ. ૫૪૫૭ અને ૫૨૮૭ મુખ્ય ટેકાના લેવલ છે. નિફ્ટી હાલનાં ભાવ આસપાસેથી પાછી ફરી જાય તો તબક્કાવાર ૫૯૦૧ ત્યાર બાદ ૬૩૩૯ તરફ ધીમી ગતિએ પ્રયાણ કરી શકે. દરેક ઉછાળે વેચવાલીની શક્યતા તો રહેવાની જ છે. પરંતુ ૫૮૮૭ ઉપર બંધ આવ્યા બાદ જ નિફ્ટીમાં લેણ કરી ઊભા રહેવાનું વિચારવું જોઈએ. દૈનિક લેવલની વાત જુદી છે. આ મધ્યમ ગાળા માટેની નોંધ છે. હજી ફ્રી ફોલની ભીતિ દૂર છે. અને ૫૬૦૦ નીચે સંભવી શકે. ત્રણ સપ્તાહના સતત ઘટાડા બાદ સ્ટોક સ્પેસિફીક પુલ બેકની શક્યતા ઊભી છે. સોમવારે કે મંગળવારે બજારનો ટ્રેન્ડ કલીયર છે. ૫૬૭૭ અને ૫૬૧૭ નું ટેકાનું લેવલ સોમવાર માટે અગત્યનું થશે. ૫૬૭૭ ન તૂટે તો ૫૮૧૧ અને ૫૯૧૧ ના લેવલ રોકેટ ગતિએ આવી જાય. બજારની ચાલ પ્રમાણે વેપાર ગોઠવવો જોઈએ અને એનાલિસ્ટો તથા ટીવી શું કહે છે તે તરફ કાન બંધ કરી દેવા જોઈએ.**

## સોમવારે ટ્રેડીંગ લાયક શેર

અમે સ્ટોક સ્પેસિફીક લાંબી વાતો નહીં કરીએ પરંતુ આવતા સપ્તાહે બજાર પાછું ફરી જાય તો નીચે આપેલા શેરમાં સારી કમાણી થશે અને બજાર હજી વધારે તૂટે તો આ શેરમાં નીકળવાની તક રહેલી જ છે. સ્ટોક ધરાશાયી થઈ જાય તેની શક્યતા સામાન્ય બજારમાં ઓછી છે. મોટું ફોલ આવે તે વાત જૂદી છે.

**(૧) સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (એસબીઆઈ)**

**બંધ ભાવ : ૨૮૬૨**

**૨૮૫૪ તોડે તો દબાણ થકી ૨૭૯૫નો પ્રથમ તથા ૨૭૪૪નો બીજો ટેકો ધ્યાનમાં રાખવો. ૨૮૫૪ ન તોડે તો લેણમાં ઊભા રહી શકાય. બજારની ચાલ જોઈને વેપાર ગોઠવવો. પ્રથમ ઉપરનું લેવલ ૨૯૧૧ આવે અને એક બે દિવસમાં ૨૯૭૦ આસપાસ આ શેર ટેકનીકલ પુલ બેકમાં થઈ શકે. ૨૮૬૨ અને ૨૮૫૪ ફક્ત આઠ રુપિયાનો તફાવત આ શેરની ચાલ નક્કી કરશે.**

**(૨) આઈસીઆઈસીઆઈ બેંક**

**બંધ ભાવ :૧૧૨૪**

**સોમવારે ટ્રેડીંગ માટે આ શેરને ધ્યાનમાં રાખો. ટેકાના ભાવ ૧૦૯૦ અને ૧૦૫૭ ધ્યાનમાં લેવા. બજાર મજબૂત રહે તો ૧૧૫૭ નો પ્રથમ ભાવ અને વધઘટે એક બે દિવસમાં ૧૧૮૭ આસપાસ પહોંચે. સોમવારે પ્રથમ અડધો કલાક ઘણો મહત્ત્વનો છે. એક વખત નિફ્ટી ૫૬૭૭ નીચે ટ્રેડ થવા માંડે તો પાછું ફરવું મુશ્કેલ થઈ જશે તે વાત ધ્યાનમાં રાખજો.**

**(૩) એલઆઈસી હાઉસિંગ ફાઈનાન્સ**

**બંધ ભાવ : ૯૩૧**

**આ શેરની ઘણી ખાના ખરાબી થઈ ચુકી છે. ૯૭૫ ઉપર બંધ આપી દે તો પ્રથમ ૧૦૨૭ અને બીજો ૧૧૨૧નો ભાવ આવે. અને જો ૯૦૨ તોડે તો પ્રથમ ૮૬૭ અને બીજો ૮૨૭ નો ભાવ આવે.**

## ૧૫ ડીસેમ્બર સુધી ઘટાડો ચાલુ રહેશે : ઘટાડામાં ઈન્ડો બોરેક્ષનો શેર ખરીદો

ઈન્વેસ્ટર મિત્રો,

૨૦૬૦૦ના ઈન્ડેક્ષથી પલટી મારી બજાર ૧૦૦૦ ઉપર પોઈન્ટ ઘટ્યું છે. રોકડાના શેરમાં ૨૦ ટકાનો ભારે ઘટાડો આવ્યો છે. પેપર ઉપરનો પ્રોફીટ ઘણો ઘટી ગયો છે. વર્ષોથી આવું થતું આવ્યું છે. એટલે હમેશા નાના પાયા ઉપર નફો બુક કરતા રહેવું પડે અને ૮૦ ટકા હોલ્ડીંગ લાંબગાળા માટે રાખવું પડે.

હર્ષદ મહેતાનો જબરજસ્ત સ્કેમ ૧૯૯૨માં થયેલ અને એ વખતે જે ગ્રહયોગો હતા તેવા જ યોગો અત્યારે ચાલી રહ્યા છે . જેથી એક પછી એક સ્કેમ ઊભા થતા જાય છે. અમારા અભ્યાસ પ્રમાણે ૧૫મી ડીસેમ્બર સુધી જેટલું ઝેર ઓકાવવાનું હશે તે નીકળી જશે. ત્યારબાદ બજાર તંદુરસ્ત અને ટેકનીકલી પાવરફુલ થશે. એ વખતે અમે આપને પાંચ થી ૧૦ સ્ક્રીપ આપીશું જે ફન્ડામેન્ટલી સ્ટ્રોંગ હશે અને બજેટ સુધી રાખનારને ૩૦ ટકાથી ૪૦૦ ટકા વળતર મળશે. હમેશા શેર બજારમાં અંતે પ્રામાણિકતા અને ફન્ડામેન્ટલની જીત થાય છે. શેર બજારને લગતા મેગેઝીનમાં આર્ટીકલ લખવાથી શેરના ભાવ નથી વધતા. પણ એ કંપનીમાં તાકાત હોય તો અંતે અચુક વધે છે. આ કોલમમાં હમેશા અમે એવા શેરો જણાવીએ છીએ જે લાંબાગાળે સુંદર વળતર આપે.

આગામી સમયમાં નીચે પ્રમાણે વિચારી શકાય.

**૧. ઈન્ડો બોરેક્ષ એન્ડ કેમિકલ બીએસઈ કોડ ૫૨૪૩૪૨ થી**

**ગોલ્ડ માઈન**

**મોના વકીલ**

બીએસઈ ખાતે લીસ્ટેડ અને ફક્ત બીએસઈ ખાતે જ લિસ્ટેડ રૂા.૭૦ માં મળતો આ શેર આ મંદીમાં અચુક પોતાની શક્તિ પ્રમાણે ઝડપી લેવા જેવો છે. જેના કારણો નીચે મુજબ છે.

(૧) સૌ પ્રથમ મોટું કારણ આ કંપનીનું ફન્ડામેન્ટલ છે. ૩૦-૯-૨૦૧૦ના ૬ મહિના માટે કંપનીએ નફામાં ૮૨ ટકાનો ઉછાળો બતાવી ૩ કરોડની કેપીટલ સામે ૩.૫૮ કરોડનો નફો બતાવી ૧૧ રૂા.ની ઈપીએસ ૬ મહિના માટે બતાવી છે. કંપનીનું મેનેજમેન્ટ સારું છે. અને આગામી બે કવાર્ટર પણ સારા આવશે એવી ધારણા છે. ૩૧-૩-૨૦૧૧ના વર્ષ માટે કંપની ૨૦ રૂા.ની ઈપીએસ બતાવી શકે. હાલ ૩.૫૮ ના પીઈથી મળે છે. ખુબ સસ્તા ભાવે મળી રહ્યો છે.

(૨) કંપનીની કેપીટલ ખૂબ જ નાની એટલે કે ૩ કરોડની છે જેમાં ૪૮ ટકા પ્રમોટરો અને પાંચ ટકા વિદેશી સંસ્થાઓનું હોલ્ડીંગ છે. બજારમાં ફલોટીંગ સ્ટેક ખૂબ જ ઓછો છે.

(૩) ૩ કરોડની કેપીટલ સામે ૩૨ કરોડનું રિઝર્વ છે. અને કંપની વર્ષોથી ડીવીડન્ડ ચૂકવે છે.

(૪) એક વર્ષનો હાઈ ૨૨૧ અને લો ૬૧ છે. આમ તળીયાના ભાવે મળે છે. (૫) જાણીતા ઓપરેટરના રડારમાં આ શેર છે.

અમારા અભ્યાસ પ્રમાણે ફેબ્રુઆરી સુધીમાં ૯૦ થી ૧૦૦ થઈ શકે. પોતાની શક્તિ પ્રમાણે અચુક લો.

આ સિવાય ૪૨ રૂા.માં મળતો ઈન્દ્રપ્રસ્થ મેડીકલ ૨૨ રૂા. માં મળતો ધનલક્ષ્મી ફેબ્રીક, ૮૩રૂા.માં મળતો વીન્ડસર મશીન, ૭૦ રૂા.માં મળતો એસ્ટર તથા ૧૬ રૂા.માં મળતો મનાલી પેટ્રો ધ્યાનમાં રાખી શકાય.

Printed, Published and Owned by Mrs. DEVLAXMI N. JOSHI and Printed at Bhoomi Offset Bhatiya vadi, Opp. Kalupur Rly. Station, Kalupur, Ahmedabad-380002 and published from H-115/991, Nirmal Appartments, Naranpura, AHMEDABAD-380013. Editor- Mr. NARENDRA JOSHI. PH :-079-27451449, (M) 9825065387